# પ્રકરણ : ચાર
# પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓ કથાસંરચનાની દૃષ્ટિએ ખૂબ જ અગત્યની છે. તેમની આખ્યાનકૃતિઓના અનેક અભ્યાસો થયા છે, ને થતા રહશે. બીજા પ્રકરણમાં મધ્યકાલીન કથાસાહિત્યનાં અને ત્રીજા પ્રકરણમાં પ્રેમાનંદની આખ્યાનકથામાં પ્રયોજાયેલાં કથાઘટકોનો સઘન અભ્યાસ રજૂ કર્યો. આ પ્રકરણમાં 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા' તપાસવાનો ઉપક્રમ છે. તે માટે અહીં આખ્યાનોની રચનાસાલ પ્રમાણે ક્રમ રાખ્યો છે.

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનાં અભ્યાસીઓ તેમનાં આખ્યાનોની રચના સાલ નીચે પ્રમાણે દર્શાવે છે[૧].

૧. ઓખાહરણ (ઇ.૧૬૬૭)

૨. અભિમન્યુ આખ્યાન (ઇ.૧૬૭૧)

૩. ચંદ્રાહાસાખ્યાન (ઇ.૧૬૭૧)

---

૧ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : ૨, ખંડ : ૨, સં. રમણ સોની, લેખ. જયંત કોઠારી, પૃ.૭૦

૪. મદાલસા આખ્યાન (ઇ.૧૬૭૨)

૫. હૂંડી (ઇ.૧૬૭૭)

૬. સુદામાચરિત્ર (ઇ.૧૬૮૨)

૭. મામેરું (ઇ.૧૬૮૩)

૮. સુધન્વાખ્યાન (ઇ.૧૬૮૪)

૯. નળાખ્યાન (ઇ.૧૬૮૬)

૧૦. રણયજ્ઞ (ઇ.૧૬૯૦)

૧૧. દશમસ્કંધ

❖

- **ઓખાહરણ :**

'ઓખા-અનિરુદ્ધ'ની કથાનાં મૂળ 'હરિવંશપુરાણ'ના 'વિષ્ણુપર્વ'માં અધ્યાય ૧૧૬ થી ૧૨૮ અને 'શ્રીમદ્ ભાગવત'ના 'દશમસ્કંધ'ના ઉત્તરાર્ધમાં ૬૨ અને ૬૩માં અધ્યાયમાં પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'ઓખાહરણ'ની કથાને ઘણાં કવિઓએ આલેખી છે. જેમકે,

ઓખારાણીનાં ગરબા, જગજીવન-૩, લે.ઇ.૧૮૪૮ (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૧૦૮)

ઓખાહરણ, કહાન-૬, કડવાં ૭૮ સુધી વિસ્તરેલાં પણ મૂળ કડવાં ૩૩(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૭૩)

ઓખાહરણ, કાશીદાસ, લે.ઇ.૧૭૨૫ (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૫૫)

ઓખાહરણ, જનાર્દન-૨, (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૧૧૦)

ઓખાહરણ, નરસિંહ-૩, લે.ઇ.૧૬૯૮ કડવાં ૬૭થી અધૂરું (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૨૧૧)

ઓખાહરણ, નાકર(દાસ), કડવાં ૪૫ મુ, (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૨૧૭)

ઓખાહરણ, પ્રેમાનંદ-૨, ર.ઇ. સંભવતઃ ૧૬૬૭, કડવાં ૨૯ રાગબદ્ધ ૧૪ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૨૬૧)

ઓખાહરણ, મહાવદાસ/માહાવદાસ/માવદાસ-૧, લે.ઈ.૧૭૮૦ કડવાં ૨૩ (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૨૯૯)

ઓખાહરણ, માધવદાસ-૩ ,કડવાં ૨૮ મુ. (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૩૦૭)

ઓખાહરણ, માનપુરી/મનાપુરી, ર.ઇ.૧૬૯૪ અનુ. ૧૯ કડવાંએ અધૂરું (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૩૦૯)

ઓખાહરણ, વિષ્ણુદાસ-૧, કડવાં ૭૨ મુ. (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૪૧૯)

ઓખાહરણ, હરિ-૨, લે.ઈ.૧૮૬૪ (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૪૮૨)

ઓખાહરણનો ગરબો, પરમાણા, કડી ૨૯ (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૨૪૨)

પ્રેમાનંદે 'ઓખાહરણ'ની કથા મૂળ 'શ્રીમદ્ ભાગવત'માંથી લીધી છે. પ્રેમાનંદની આ પ્રારંભકાલીન રચના હોવા છતાં મૂળકથામાં કરેલાં ફેરફારોને કારણે આખ્યાન રસિક બન્યું છે. 'ઓખાહરણ'ની કથાસંરચનામાં કથાકાર્યને વેગ આપનારાં, કથાનું ચાલકબળ બની રહેનારાં ઘણાં કથાઘટકો આખ્યાનમાં પ્રયોજાયાં છે. આ કથાઘટકો 'ઓખાહરણ'ની કથાસંરચનામાં, પાત્રચિત્રણમાં, રસનિરૂપણમાં, વર્ણનરીતિમાં વિકાસ સાધનારાં છે. 'ઓખાહરણ'ની કથાસંરચનામાં અંકોડારૂપ રહેલાં મહત્ત્વનાં કથાઘટકો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

- **વિશિષ્ટ શકિત ધરાવનાર**
- **અનુરાગનો ઉદ્દ્ગમ**
- **પ્રિયજનનાં મેળાપની યુકિત**
- **રૂપપરિવર્તન-મનુષ્યમાંથી પક્ષીરૂપે**
- **નાયકનું અપહરણ**
- **નજરકેદ**
- **છૂપું લગ્ન કે છૂપું મિલન(તેનાં અંગલક્ષણ-દેહચિહ્નો)**

- **યુદ્ધે વિઘ્નમુકિત**

'ઓખાહરણ'ની કથાસંરચનામાં બાણાસુરનું વરદાન, ઓખાનું સ્વપ્ન, ઓખા-અનિરુદ્ધનું મિલન, અનિરુદ્ધ-બાણાસુરનું યુદ્ધ, કૃષ્ણ-બાણાસુરનું યુદ્ધ, કૃષ્ણ-શિવનું યુદ્ધ વગેરે પ્રસંગો આલેખાયા છે. આ પ્રસંગોને વિકસાવવા ઉપર મુજબનાં કથાઘટકો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 'ઓખાહરણ'ની કથાસંરચનામાં પ્રયોજાયેલાં કથાઘટકોને હવે વિગતે તપાસીએ.

- **વિશિષ્ટ શકિત ધરાવનાર :**

'ઓખાહરણ'ની કથાસંરચનામાં વિશિષ્ટ શક્તિ ધરાવનાર દૈત્ય બાણાસુર છે. આપણી અનેક પૌરાણિક કથાઓમાં દેવો અને દૈત્ય પાસે ચમત્કારી અને વિશિષ્ટ શક્તિ હોવાનું આલેખન છે. આવી ચમત્કારી અને વિશિષ્ટ શક્તિ તેમને યુદ્ધ દરમિયાન ઉપયોગમાં આવતી હોય છે. આ કથાનકમાં બાણાસુર કૈલાસ જઇ ગંગાતટે તપ કરે છે. તેના તપથી પ્રસન્ન થઇ શિવ વરદાન માંગવાનું કહે છે ત્યારે બાણાસુર કહે :

"નાથજી ! મુને સહસ્ર આપો હાથ"
(કડવું :૨, પંક્તિ : ૧૬)

બાણાસુર શિવને વરદાનમાં હજાર હાથ આપવાનું કહે છે. શિવ તેને સહસ્ત્ર ભુજાઓ આપી વિદાય લે છે. સહસ્ત્રભુજાઓ વાળો બાણાસુર અભિમાની બને છે. અભિમાનના મદમાં તે વધુ પરાક્રમી બને છે. પરાક્રમી બાણાસુર તેની સામે કોઇ વઢનાર શોધવા લાગે છે. બાણાસુર ચોસઠ દેશ અને ચારેય દિશાઓમાં પોતાની આણ વર્તાવે છે, તે સમગ્ર પૃથ્વીને ધ્રુજાવે છે. અંતે વઢનાર ન મળતા તે શિવ પાસે જઇ નૃત્ય કરે છે. શિવ મંદિરમાંથી નીકળી અસુરની સાથે નૃત્ય કરવા લાગે છે. તેનાં નૃત્યથી પ્રસન્ન થઇ શિવ વરદાન માંગવાનું કહે છે. ત્યારે બાણાસુર કહે છે :

"સ્વામી ! બળ આપ્યું તે જોદ્ધો આપો, એટલું માંગવુ મારે,
તમે વઢો કાં વઢનાર આપો, જે મુજનો મદ ઉતારે"
(કડવું : ૩, કડી : ૧૪)

બાણાસુરની સહસ્ત્રભુજાઓ તેના બળનું પ્રતીક છે. બળના લીધે જેણે વરદાન આપ્યું છે તેની સાથે જ તે યુદ્ધ કરવાની માંગણી કરે છે. અભિમાનના મદમાં બાણાસુર વરદાનમાં શાપ માંગી લે છે. પછી બાણાસુરનાં બાહુબળ વડે આવનાર પ્રસંગો : ઓખાનું સ્વપ્નદર્શન, અનિરુદ્ધનું અપહરણ, ઓખા-અનિરુદ્ધનું મિલન, બાણાસુર-અનિરુદ્ધનું યુદ્ધ, કૃષ્ણ-શિવનું યુદ્ધ, કૃષ્ણ-બાણાસુરનું યુદ્ધ વગેરે કથાવિકાસમાં મહત્ત્વનાં બની રહે છે.

- **અનુરાગનો ઉદ્‌ગમ :**

'અનુરાગના ઉદ્‌ગમ'માં કેટલાંક નિમિત્તો હોય છે. અનિરુદ્ધ-ઓખાની કથામાં 'અનુરાગના ઉદ્‌ગમ'માં 'સ્વપ્નદર્શન' નિમિત્ત બને છે. ઓખા સ્વામી-સ્વામી કરતાં નિદ્રા પામે છે. અને સ્વપ્નમાં વરને જૂએ છે, તેની સાથે લગ્ન કરે છે ને સ્વપ્નમાં જ રતિસુખ માણે છે. સ્વપ્નનો સ્વામી ઓખાને પાનનું બીડુ ખવડાવે છે. એ સમયે ઓખા મુખ મરડે છે. જેથી સ્વામી રિસાઈને નાસી જાય છે. ત્યાં ઓખાનું સ્વપ્ન ભંગ થાય છે. સ્વામી વિના તે વિરહ-વ્યાકુળ બની જાય છે :

"નિશ્ચે નારીએ જાણ્યો નૃપ, કન્યા સ્ખલિત થઇ કંદર્પ,
સ્વપ્નમાં પરણીને જાગે, ઓખાજીને અતિ રૂડું લાગે"
(કડવું : ૭, કડી : ૮)

આ કથાઘટક 'ઓખાહરણ'માં મહત્ત્વનું બની રહે છે. ઓખાના હૃદયમાં અનિરુદ્ધ માટે પ્રેમના બીજ રોપાય છે. પ્રેમાનંદે સ્વપ્નના આલેખન વડે ઓખાને પ્રેમની તાવણીમાં તપવા દીધી છે. જેટલો પ્રેમ તાવણીમાં તપાય એટલો જ એ નક્કર બને. પ્રેમાનંદ આ વાતના જાણકાર છે. આ રીતે 'અનુરાગના ઉદ્‌ગમ'માં 'સ્વપ્નદર્શન' ઓખા-અનિરુદ્ધનાં મિલનની અને બાણાસુરના યુદ્ધની પરિપાટી રચી આપે છે. એ દૃષ્ટિએ આ કથાઘટક કાર્યસાધક બને છે.

- **ચિત્રપટ દ્વારા પ્રિયજનનાં મેળાપની યુક્તિ :**

'ઓખાહરણ'માં ઓખા જ્યારે સ્વપ્નમાંથી તે જાગે છે પછી પ્રેમાગ્નિમાં તપે છે. તે ચિત્રલેખાને પોતાનાં સ્વપ્નના વરની વાત કરે છે. આથી ચિત્રલેખા પોતાની સખીને સહાય કરવાં

'ચિત્રપટ દ્વારા પ્રિયજનનાં મેળાપ'ની યુક્તિ કરે છે. અહીં ચિત્રલેખા પટ પર વિવિધ રાજાઓનાં ચિત્રો દોરે છે વાયુ, વરુણ, યક્ષ, સુધાકર, મુનિ, કૌરવો, પાંડવો વગેરે. જેમ-જેમ ચિત્રલેખા ચિત્રો દોરે છે તેમ તેમ ઓખાની વ્યાકૂળતા વધતી જાય છે. પછી ચિત્રલેખા કૃષ્ણ અને પ્રદ્યુમ્નનું ચિત્ર દોરે છે ત્યારે ઓખા લાજે છે ને કહે છે :

"કન્યા કહે, એવો પ્રભુજી, આ પુરુષ છે કો વૃદ્ધ,
ચિત્રલેખાએ લખી દેખાડયો કાગળમાં અનિરુદ્ધ"
(કડવું : ૧૦, કડી : ૧૧)

આ કથાઘટક દ્વારા પ્રેમાનંદ ઓખા-અનિરુદ્ધનું સ્વપ્નમાં જે આભાસી મિલન થયું હતું તેની વાસ્તવિકતાની ભોંય રચી આપવાનું કાર્ય કરે છે. નાયિકા કે નાયકના મિલનમાં ચિત્રલેખા વિશેષ મિલનનો ભાગ ભજવે છે. એ દષ્ટિએ જોતા આ કથાઘટક કથાસંરચનામાં વિકાસ સાધનારું પરિબળ છે.

- **રૂપપરિવર્તન -માનવમાંથી પક્ષીરૂપે :**

ઓખા સ્વપ્નમાં અનિરુદ્ધ  સાથે વિવાહ કરે છે. ઓખા અનિરુદ્ધને પોતાની પાસે લાવી આપવાનું કહે છે. આથી ચિત્રલેખા દ્વારકા જવાનું નક્કી કરે છે. પરંતુ જવું શી રીતે? દ્વારકા અહીંથી ખૂબ દૂર છે,  એટલે ચિત્રલેખા 'રૂપપરિવર્તન' કરી પંખીનું રૂપ ધારણ કરે છે :

"ચિત્રલેખાએ ધારણ દીધી, પછે દેહ પંખિણીની કીધી"
(કડવું : ૧૧, પંકિત : ૦૭)

દ્વારકામાં પહોચ્યાં પછી ચિત્રલેખા અનિરુદ્ધના ભવનમાં જાય છે. ત્યાં અનિરુદ્ધ હિંડોળામાં સુતો હોય છે. પણ તેની આસપાસ દાસ-દાસીઓ જાગતા હોય છે. તેથી ચિત્રલેખા નિદ્રારાણીનું સ્મરણ કરે છે.આથી દરેક ઊંઘી જાય છે. એ સમયે ચિત્રલેખા હિંડોળા સહિત અનિરુદ્ધનું હરણ કરે છે. કૃષ્ણ,  ચિત્રલેખાની આ લીલાને નિહાળી રહ્યા છે. અને તેને જવા દે છે. પંખીનું રૂપધારણ કરી ચિત્રલેખા અનિરુદ્ધને ઓખા પાસે લઇ આવે છે. આ કથાઘટક વડે ઓખા- અનિરુદ્ધનું મિલન શકય

બને છે. ‘રૂપપરિવર્તન’ના આ કથાઘટક વડે જે અશક્ય કાર્ય હતું તે ચિત્રલેખા કરી શકે છે. આમ, ‘ઓખાહરણ’માં ‘રૂપપરિવર્તન’નું કથાઘટક કથાસંરચનામાં કાર્યસાધક બને છે.

- **નાયકનું અપહરણ :**

આપણી અનેક પ્રેમકથાઓ અને સાહસકથાઓમાં મોટેભાગે ‘નાયિકાનું અપહરણ’ આલેખાયું હોય છે. પરંતુ, પ્રેમાનંદે આ કથાનકને વિશેષ રોચક અને રસપ્રદ બનાવવાં નાયિકાને બદલે ‘નાયકનું અપહરણ’ આલેખ્યું છે. અહીં ‘નાયકનું અપહરણ’ એક પક્ષી દ્વારા થાય છે. ચિત્રલેખા પક્ષીનું રૂપધારણ કરીને અનિરુદ્ધનું અપહરણ કરે છે :

“વિચાર અંતર માહે કીધો, આંકડેથી હિંડોળો લીધો;
બેઉ સાંકળ કરમાં ઝાલી, ખેચરી-ગત ચતુરા ચાલી.”
(કડવું : ૧૧, કડી : ૨૮)

‘ઓખાહરણ’ની કથાસંરચનામાં નાયક-નાયિકાનાં મિલન માટે ‘નાયકનું અપહરણ’ મહત્ત્વનું છે. કારણકે પ્રથમ પ્રણયભાવ નાયિકામાં જાગે છે. તે ચિત્રલેખાની સહાયથી અનિરુદ્ધનું અપહરણ કરાવે છે. અહીં નાયક-નાયિકાનાં મિલનને કારણે બીજા ઘણાં કથાપ્રસંગોનો વિકાસ થવાનો છે. તેથી આ કથાઘટક કાર્યસાધક નીવડે છે.

- **નજરકેદ :**

આ આખ્યાનમાં બાણાસુર શિવ પાસે લડવા માટે યોદ્ધો માંગે છે. શિવ તેની ઈચ્છા પૂર્ણ કરે છે. ઓખાનો વડસસરો તારા પરાજયનું નિમિત્ત બને તેમ હોવાથી બાણાસુર ઓખાની ઘાત કરવા જાય છે, ત્યાં નારદ આવીને બાણાસુરને રોકે છે. નારદ બાણાસુરને ઓખાને મારવાની અને પરણાવવાની પણ ના કહે છે, જેથી ન જમાઇ આવશે, ન વડસસરો મૃત્યુનું કારણ બનશે. એટલે બાણાસુર ઓખાને એકદંડિયા મહેલમાં નજરકેદમાં રાખે છે :

“નવા ઘરનો માંડ્યો આરંભ, ચણાવ્યો નિવાસ, એક જ સ્થંભ”
(કડવું : ૪, કડી : ૨૦)

બાણસુર ઓખાને પુરુષવિહોણા એકદંડિયા મહેલમાં ‘નજરકેદ’ રાખે છે. ઓખા એકદંડિયા મહેલમાં સખી ચિત્રલેખા સાથે રહે છે. તેમ છતાં ઓખા સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે વિવાહ કરે છે. ચિત્રલેખા અનિરુદ્ધનું અપહરણ કરીને ઓખા પાસે લઇ આવે છે. ઓખાને જે ન બને તે માટે નજરકેદમાં રાખવામાં આવી હોય છે છતાં બધું તેમ જ બને છે. એ રીતે આ કથાઘટક કથાને વેગ આપનારું ચાલકબળ બને છે.

- **છૂપું લગ્ન-અંગલક્ષણ :**

પ્રેમાનંદકૃત ‘ઓખાહરણ’માં ‘છૂપું લગ્ન-અંગલક્ષણ’નું કથાઘટક પ્રયોજાયું છે. ચિત્રલેખા અનિરુદ્ધનુ હરણ કરીને ઓખા પાસે લઇ આવે છે. બંને અનુરાગમાં મગ્ન બનીને ગાંધર્વ વિવાહ કરે છે. ઓખા અનિરુદ્ધ પ્રેમમગ્ન બની રતિસુખ ભોગવે છે. જેથી ઓખાનાં દેહમાં બાળકી મટીને યુવતીનાં ચિન્હો પ્રગટ થાય છે. ઓખાનાં દેહમાં આવેલું પરિવર્તન પ્રથમ રક્ષકોની નજરે ચઢે છે ; તેનું વર્ણન કરતા કવિ લખે છે :

“રક્ષક રાયનો રે, તેણે દીઠી રાજકુમાર,
કન્યારૂપ ક્યહાં ગયું રે? ઓખા દીસે છે નાર !

ચિત્રલેખા છે નહિ રે, એકલડી દે દર્શન,
રાતી રાતી આંખડી રે, પ્રફુલ્લિત દીસે તંન”
(કડવું : ૧૪, કડી : ૨, ૩)

અહીં ઓખાના દેહમાં આવેલા પરિવર્તનને રક્ષક જુએ છે. રક્ષક મંત્રીને વાત કરે છે. પ્રધાન હાથ જોડી રાજાને વાત કરે છે. એ જ સમયે બાણસુરની ધર્મધજા આફિણિયે ભાંગી પડે છે, તેથી બાણસુરને જાણ થાય છે કે નગરમાં શત્રુ આવી ચઢ્યો છે. બાણસુર મંત્રીને શત્રુને પકડી લાવવા સૈન્ય સાથે ઓખાના આવાસે મોકલે છે. ઓખાને આવાસે જઇ મંત્રી ઓખાને કટુવચન કહે છે અટલે અનિરુદ્ધ અગ્નિની માફક રણમેદાનમાં કૂદી પડે છે. ‘છૂપું લગ્ન-અંગલક્ષણ’નાં કથાઘટક વડે બાણાસુરને શત્રુ પોતાનાં રાજ્યમાં આવી ગયો છે એની જાણ થાય છે. એ રીતે ઓખા-અનિરુદ્ધનું

'છૂપું લગ્ન-અંગલક્ષણ' અને 'છૂપું મિલન' પ્રકાશમાં આવે છે. અનિરુદ્ધ અને બાણસુરના સૈન્ય વચ્ચે પ્રબળ યુદ્ધ થાય છે. આમ, આ કથાઘટક કથાસંરચનાના વિકાસમાં મદદરૂપ સાબિત થાય છે.

- **યુદ્ધે-વિઘ્નમુકિત :**

'યુદ્ધે-વિઘ્નમુકિત'નું કથાઘટક આપણી પૌરાણિક-ઐતિહાસિકકથાઓ અને લોકકથાઓમાં વિવિધ રીતે પ્રયોજાયું છે. આ કથાઘટક પ્રમાણે પિતા રાજકુમારીના લગ્ન તેની પસંદગીના રાજકુમાર સાથે કરાવવા માંગતો ન હોય. આથી રાજકુમાર અને રાજકુમારીના પિતા વચ્ચે યુદ્ધ થાય જેમા રાજકુમારનો વિજય થાય.

"દીન વચન બ્રહ્માએ ભાખ્યાં, શિવ-કૃષ્ણે આયુધ નાંખ્યાં,
હેતે હરિ-હર બન્યો ભેટાડ્યા, પડ્યા જોદ્ધ સર્વે ઉઠાડ્યા."
(કડવું : ૨૭, પંક્તિ : ૧૩)

આ કથાઘટક 'ઓખાહરણ' આખ્યાનમાં મધ્ય અને અંતમા પ્રયોજાયું છે. તેમા બાણાસુર-અનિરુદ્ધ, બાણાસુર-કૃષ્ણ, શિવ-કૃષ્ણની સાથે યુદ્ધ થાય છે. તેમાં કૃષ્ણ બાણાસુરની સહસ્ર હાથોને છેદીને માત્ર ચાર ભુજાઓ બાકી રાખે છે. એ રીતે તેના અભિમાનનું મર્દન કરવામાં આવ્યું છે. અંતે અનિરુદ્ધ-ઓખાનું મિલન શક્ય બને છે. આ કથાઘટકમાં રાજકુમારીનાં લગ્ન તેની પસંદગીના રાજકુમાર સાથે ન કરાવવાથી યુદ્ધની શક્યતા વધે છે. અંતે પ્રેમીઓનો વિજય થાય છે. મોટેભાગે કથાઘટક કૃતિનાં અંતમાં પ્રયોજાતું હોય છે.

❖

## ચંદ્રહાસાખ્યાન :

મધ્યકાલીન ગુજરાતી કથનાત્મકકૃતિઓને રચવામાં 'મહાભારત'નું યોગદાન વિશેષ રહ્યું છે. એમાંય 'વનપર્વ', 'અશ્વમેઘપર્વ' અને 'વિરાટપર્વ'એ તો મધ્યકાલીન ગુજરાતી કથાત્મકકૃતિઓને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મહાભારતનાં 'વનપર્વ' અને 'અશ્વમેઘપર્વ'માં મુખ્યકથાની સાથે અનેક ઉપાખ્યાનો પ્રાપ્ત થાય છે. જેથી કથાકારોએ આ વિવિધ

પર્વોનાં ઉપાખ્યાનોને આધારે સ્વતંત્ર આખ્યાનોનું આલેખન કર્યું છે. 'મહાભારત'નાં 'અશ્વમેઘપર્વ'ની જેમ જૈમિનીય 'અશ્વમેઘપર્વ' પણ ઘણું પ્રસિદ્ધિ પામ્યું છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં જૈમિનીનાં 'અશ્વમેઘપર્વ' પરથી વિવિધ કવિઓએ ઘણાં 'અશ્વમેઘપર્વો' રચ્યાં છે. સિવાય તેનાં આધારે 'નીલધ્વજાખ્યાન', 'ચંડી આખ્યાન', 'સુધન્વાખ્યાન', 'બભ્રુવાહનાખ્યાન', 'લવકુશ આખ્યાન', 'વીરવર્માખ્યાન', 'ચંદ્રાહાસાખ્યાન' જેવા સ્વતંત્ર આખ્યાનો પ્રાપ્ત થાય છે. મધ્યકાળમાં ચંદ્રાહાસનું કથાવસ્તું એકાધિક કવિઓનાં હાથે આલેખાયું છે. જેમકે,

ચંદ્રહાસ આખ્યાન, નાકર (દાસ) -૧, કડવાં ૩૩ (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૪૦, ૨૧૭)

ચંદ્રહાસ આખ્યાન, માધવ – ૧, ૨.ઈ.૧૫૬૫(ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૪૦, ૩૦૬)

ચંદ્રહાસ આખ્યાન, મુકુન્દ-૩, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૧૮)

ચંદ્રહાસ આખ્યાન, રાજધર, ૨.ઈ.૧૫૬૫/સં.૧૬૨૧ ભાદરવા સુદ ૫ શુક્રવાર (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૩૫૧)

ચંદ્રહાસ આખ્યાન, વિષ્ણુદાસ – ૧, કડવાં ૩૦(ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૪૦, ૪૧૯)

ચંદ્રહાસાખ્યાન, પ્રેમાનંદ, ૨.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭ જેઠ સુદ-૭ સોમવાર (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૧૦૩, ૨૬૧)

ચંદ્રહાસાખ્યાન, ભોજ, લે.ઈ. ૧૭૦૭ કડવાં ૧૯/૨૦(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૨૮૮)

ચંદ્રહાસાખ્યાન, લક્ષ્મીદાસ, ૨.ઈ.૧૫૯૧/સં.૧૬૪૭ શ્રાવણ સુદ ૭ મંગળવાર (ગુ.સા.કો. મધ્યકાળ, પૃ.૪૦, ૩૭૪)

ઉપરોક્ત જુદા-જુદા કવિઓએ ચંદ્રહાસની કથાને આખ્યાન સ્વરૂપમાં આલેખી છે. પ્રેમાનંદે 'ચંદ્રહાસાખ્યાન'નું કથાવસ્તું જૈમિનીનાં 'અશ્વમેઘપર્વ'માંથી લીધું છે. પ્રેમાનંદે સમગ્ર કથાવસ્તુને ૨૮ કડવામાં વિભાજિત કર્યું છે. પ્રેમાનંદે 'ચંદ્રહાસાખ્યાન'માં સુધાર્મિક રાજા અને રાણીનું મૃત્યુ, દાસીનો ગુપ્તવેશે ચંદ્રહાસનો ઉછેર, ચંદ્રહાસનું અનાથ બનવું, ગાલવઋષિની ભવિષ્યવાણી, ચાંડાલોનું ચંદ્રહાસને છોડી મૂકવું, કુલિંદરાજનું ચંદ્રહાસને પુત્રરૂપે પ્રાપ્ત થવું, ચંદ્રહાસ-વિષયાનું મિલન, ચંદ્રહાસને કપટપૂર્વક મારી નાખવાની ધૃષ્ટબુદ્ધિની યોજના જેવા વિવિધ પ્રસંગોની ગૂંથણી

કરી છે. પ્રેમાનંદે આ વિવિધ પ્રસંગોને વિકસાવવામાં કેટલાંક મહત્ત્વનાં કથાઘટકો પ્રયોજ્યાં છે. તે નીચે પ્રમાણે છે :

- **રાજકુમારનો અન્યત્ર ઉછેર**
- **ભવિષ્યવાણી**
- **શિકાર વખતે માર્ગ ભૂલવું**
- **વિશિષ્ટ પદાર્થ : શાલિગ્રામ**
- **બુદ્ધિચાતુર્ય : અક્ષર બદલવો**
- **સ્વપ્નમાં ભાવિ સંકેત**
- **શત્રુઘાત માટે મોકલેલા મારાઓ**
- **મૃતસંજીવન**

પ્રેમાનંદકૃત 'ચંદ્રહાસાખ્યાન'માં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકોને હવે વિગતે તપાસીએ.

- **રાજકુમારનો અન્યત્ર ઉછેર :**

'ચંદ્રહાસાખ્યાન'માં ધાત્રી દ્વારા ચંદ્રહાસનો ઉછેર થાય છે. ચંદ્રહાસ સુધાર્મિક રાજાનો પુત્ર હોય છે. એકવાર અસૂરો નગરમાં આવીને સર્વ લૂટી જાય છે. રાજા-રાણીનું મૃત્યુ થાય છે. ચંદ્રહાસ અનાથ બને છે. જેથી સુધાર્મિકની દાસી ચંદ્રહાસને લઇને ત્યાંથી નાસી છૂટે છે. ચંદ્રહાસ રાજબીજ છે. રાજબીજ જીવિત રહેશે તો તે ભવિષ્યમાં પોતાનું ઘૂમાયેલું રાજ્ય પાછુ મેળવશે. જેથી દાસી ચંદ્રહાસને લઇને નાસી છૂટે છે :

"પેલા બાળકને ધવરાવતી હુતી સુધાર્મિકની દાસી;
રાજપુત્ર ત્યાંહાંથી સંતાડ્યો, ધાવ છૂટી નાસી.

રાતદિવસ તે હીંડે રામા, સુત છે સોડ માંહ્ય
કૌંતલ દેશ આવી ચઢી, ત્યહાં કુંતલ નામે રાય."
(કડવું : ૨, પંક્તિ : ૧૧, ૧૨)

દાસી અન્ય નગરમાં આવીને રહે છે. કોઈને લેશમાત્ર શંકા ન જાય કે આ બાળક રાજવંશ છે એ રીતે તેનો ઉછેર કરે છે. દાસી પોતાનો રાજધર્મ નિભાવીને ચંદ્રહાસનો ઉછેર કરે છે. રાજબીજની રક્ષા કરવી એ જ તેનો ધર્મ છે. રાજાનું મૃત્યુ થતાં ચંદ્રહાસ સમગ્ર રાજયનો વારસ છે. રાજકુમારનો ઉછેર તેને છેક રાજ્ય સુધી લઈ જવાનો છે. એ રીતે તપાસતા આ કથાઘટક કથાસંરચનામાં ઘણું મહત્વનું ઠરે છે. વળી, આવનાર દરેક કથાપ્રસંગો સાથે પણ આ કથાઘટક જોડાવાનું છે એ દ્દષ્ટિએ તે કૃતિવિકાસમાં કાર્યસાધક બને છે.

- **ભવિષ્યવાણી :**

આપણે ત્યાં એક કહેવત પ્રચલિત છે : 'વિધિનાં લેખને કોણ મેખ મારી શકે?' 'ચંદ્રહાસાખ્યાન'માં 'ભવિષ્યવાણી'નું કથાઘટક પ્રયોજાયું છે. ધાત્રી દ્વારા ચંદ્રહાસનો ઉછેર થાય છે. તે પણ સર્પદંશથી મૃત્યુ પામે છે. જેથી ચંદ્રહાસ અનાથ બનીને ભીખ માંગે છે. એક દિવસ નગરમાં પ્રધાન ધૃષ્ટબુદ્ધિ યજ્ઞ કરાવે છે. યજ્ઞમાં સૌ બ્રાહ્મણોને બોલાવી દક્ષિણા આપે છે. પંગતમાં ચંદ્રહાસ પણ બેઠેલો હોય છે. પ્રધાન તેને ટાળે છે. ત્યારે ગાલવઋષિ પ્રધાનને કહે છે :

"એવે ગાલવ ઋષિ બોલ્યા, ભાળે પ્રાણી માત્ર :
કાં, મહારાજ ! એને ટાળી મૂક્યો ? હેતે પૂજો, છે પાત્ર.

વિધિએ એમ લખ્યું છે, એહ - શું તારે સગાઈ ;
વિષયા પુત્રીને પરણશે, તારો થાશે જમાઈ."
(કડવું : ૩, કડી : ૧૩, ૧૪)

ગાલવઋષિ પ્રધાન ધૃષ્ટબુદ્ધિને 'ભવિષ્યવાણી' જણાવે છે કે 'આ ભિખારી તારી પુત્રી વિષયાને પરણશે ને તારો જમાઈ થશે.' આ સાંભળીને પ્રધાન ધૃષ્ટબુદ્ધિ ચંદ્રહાસને મારવા મારાઓ મોકલે છે. પરંતુ મારાઓ ચંદ્રહાસને મારતાં નથી. કથાન્તે ચંદ્રહાસ અને વિષયાનાં લગ્ન થાય છે. 'ભવિષ્યવાણી'ને મિથ્યા કરવાં પ્રધાન અનેક પ્રયત્નો કરે છે, છતાં તે નિષ્ફળ જાય છે. આમ,

'ભવિષ્યવાણી'નું કથાઘટક આ આખ્યાનનું કાર્ય સાધનારું બની રહે છે. તે કથાને ગતિશીલ બનાવે છે, એણે કારણે કથા અંત તરફ ગતિ કરે છે.

- **શિકાર વખતે માર્ગ ભૂલવું :**

'શિકાર વખતે માર્ગ ભૂલવું' ને કોઇ ભળતી દિશામાં જઇ ચઢવું - આ કથાઘટક અનેક કથાઓમાં પ્રયોજાયું છે. ભળતી દિશામાં પહોંચેલ રાજા કે રાજકુમારને કંઇક પ્રાપ્તિ થાય. 'ચંદ્રહાસાખ્યાન'માં આ કથાઘટક પ્રયોજાયું છે. ધૃષ્ટબુદ્ધિનાં મારાઓ બાળચંદ્રહાસને જંગલમાં મૂકીને ચાલ્યા જાય છે. ત્યારે કૌંતલદેશનો રાજા કુલિંદ મૃગયા રમવા વનમાં નીકળ્યો હોય છે. તે મૃગલાની પાછળ છેક ગાઢ વનમાં પહોંચી જાય છે. ત્યાં વનમાં રાજા રસ્તો ભૂલી જાય છે.

> "આગળ જાતાં મૃગ થયો અંતર્ધાન, ઊભો રાજા ને થયો મધ્યાહ્ન;
> ભૂલ્યો ભૂપતિ નગ્રની વાટ, એકલો, થયો મનમાં ઉચાટ."
> (કડવું : ૭, પંક્તિ : ૮)

રાજા અશ્વ પરથી ઉતરે છે અને બાળકનું રુદન સાંભળે છે. રાજા બાળકને પોતાની પાસે બોલાવે છે. રાજા બાળકને માતા-પિતા વિશે પૂછે છે. ત્યારે બાળચંદ્રહાસ જવાબ આપે છે કે મારે માતા-પિતા નથી. આ રીતે વનમાં રસ્તો ભૂલતાં ચંદ્રહાસની પ્રાપ્તિ થાય છે. આ કથાઘટક કથામાં ઉપકારક એ રીતે બને છે કે રાજા કુલિંદ અપુત્રવંત છે. ચંદ્રહાસ મળતાં પોતાનાં જીવનમાંથી એ ખોટ દૂર થાય છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે રાજાને એ નિમિત્તે યુવરાજની પ્રાપ્તિ થાય છે. સામે છેડે અનાથ ચંદ્રહાસને માતા-પિતાની પ્રાપ્તિ થાય છે. સાથેસાથે ગાલવઋષિએ ભાખેલાં વિધિનાં લેખ સાચાં થવાની દિશામાં કૃતિ ગતિ કરે છે.

- **વિશિષ્ટ પદાર્થ : શાલિગ્રામ :**

સ્ટીથ થોમ્પસને કથાઘટકોનાં જે પ્રકારો આપ્યાં છે તેમાં પદાર્થગત કથાઘટકો પણ છે. 'ચંદ્રહાસાખ્યાન'માં આલેખન પામેલ શાલિગ્રામ એ થોમ્પસન મુજબ પદાર્થગત કથાઘટક કહી શકાય. શાલિગ્રામ એ વિષ્ણુનું નિરાકાર પૂજા સ્વરૂપ છે. દાસીના મૃત્યુ પછી ચંદ્રહાસ અનાથ બને છે. તેને એક દિવસ રસ્તામાંથી શાલિગ્રામ મળે છે.

"હીંડતાં ચાલતાં કુંવર લેતો હરિનું નામ;
એક દહાડે તેને વાટ માંહેથી જડિયો શાલિગ્રામ."
(કડવું : ૩, પંક્તિ : ૮)

આ 'શાલિગ્રામ' વડે ચંદ્રહાસનાં જીવનમાં, તેનાં ભાગ્યમાં પલટો આવે છે. ચંદ્રહાસ 'શાલિગ્રામ'ની પૂજા કરે છે. 'શાલિગ્રામ' એ ચંદ્રહાસની આસ્થાનું કેન્દ્ર છે. 'શાલિગ્રામ'નો પ્રભાવ ચંદ્રહાસના જીવનમાં પડે છે. ચંદ્રહાસના જીવનમાં જ્યારે કોઇ મૂશ્કેલી આવે છે ત્યારે 'શાલિગ્રામ'ની પૂજાથી, ભક્તિથી એ આપત્તિઓમાંથી તે ઊગર્યો છે. 'શાલિગ્રામ' વૈષ્ણવભક્ત ચંદ્રહાસના ભક્તહૃદયનું પ્રતીક બને છે. એ દૃષ્ટિએ 'વિશિષ્ટ પદાર્થ : શાલિગ્રામ'નું કથાઘટક કથામાં મહત્ત્વનું બની રહે છે.

- **બુદ્ધિચાતુર્ય : અક્ષર બદલવો :**

પ્રેમાનંદે 'બુદ્ધિચાતુર્ય'નાં કથાઘટકનું આલેખન બહું કુશળતાથી કર્યું છે. આ કથાઘટકનાં આલેખનમાં પ્રેમાનંદમાં રહેલી નિસર્ગદત્ત પ્રતિભાનાં દર્શન થાય છે. ધૃષ્ટબુદ્ધિને માલૂમ થાય છે કે કુલિંદરાજનો રાજકુમાર બીજો કોઇ નહિ પરંતુ તેનો થનાર જમાઇ છે. જેથી તે ચંદ્રહાસ સાથે યુદ્ધ કરવા જાય છે. ત્યાં જઇને ધૃષ્ટબુદ્ધિ બળથી નહીં પણ કળથી કામ કરે છે. તે ચંદ્રહાસની સાથે મૈત્રી કરે છે. ધૃષ્ટબુદ્ધિ, કુલિંદનરેશને, એક વિશ્વાસુ માણસની મારે જરૂર છે જેથી કરીને એક પત્ર મારા પુત્ર મદન સુધી પહોંચાડે. જેથી ચંદ્રહાસ એ પત્ર લઇને મદન પાસે જવા નીકળી પડે છે. રસ્તામાં એક સરોવર પાસે આરામ કરે છે. જેવો ચંદ્રહાસ વાડીમાં પ્રવેશે ત્યાં જ સૂકી વાડી લીલીછમ થઇ જાય છે. આ વાડીમાં વિષયા પણ સખીઓ સાથે જલક્રીડા કરવા આવે છે ત્યારે લીલીવાડી જોતા તેને થાય

છે કે ચોક્કસ અહીં ચંદ્રહાસ આવ્યો હશે. તે વાડીમાં પ્રવેશ કરે છે ને સૂતેલા ચંદ્રહાસને જૂએ છે. તેની નજર ચંદ્રહાસનાં અંગરખાએ બાંધેલા પત્ર પર પડે છે. તે ધીમે રહીને એ પત્રને કાઢે છે. પત્રમાં પિતાનાં અક્ષરોને જોઇને પ્રસન્ન થાય છે. પત્રમાં લખ્યું હોય છે :

"રૂપ ન જોશો, રંગ ન જોશો, ન પૂછશો ઘરસૂત્ર ;
મુહુર્તમાત્રમાં વિષ દેજો, ઘણું શું લખીએ, પુત્ર ?"
(કડવું : ૧૫, કડી : ૨૨)

પત્ર વાંચતાં જ વિષયાનો આનંદ શોકમાં પલટાઇ જાય છે. આ પત્ર મદનનાં હાથે આવી ચઢશે તો અનર્થ થઇ જશે, નિશ્ચે ચંદ્રહાસ મૃત્યુ પામશે. વળી પોતે જો આ પત્ર લઇ લે તો ચંદ્રહાસ એમનો એમ પાછો ફરે. એવું વિચારી વિષયા પત્રમાં એક અક્ષર ઉમેરવાનું વિચારે છે.

"એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર,
તરણાં વતે લખ્યું તારુણીએ, ધરી હૃદયા મધ્યે ધીર.

નારદ કહે : સાંભળ રે અર્જુન ! કર્તા-હર્તા અવિનાશ ;
વિષ ફેડી વિષયા કરી, એમ ઉગાર્યો ચંદ્રહાસ."
(કડવું : ૧૫, કડી : ૨૫, ૨૬)

પત્રમાં જે ઘટના આલેખાઇ હતી એ ઘટનાંને વિષયા 'બુદ્ધિચાતુર્ય'થી પાર પાડે છે. ચંદ્રહાસ એ પત્રને લઇને મદન પાસે આવે છે. પત્ર વાંચતા જ મદન વિષયાનાં લગ્ન ચંદ્રહાસ સાથે કરાવે છે. પત્રમાં કેવળ વિષ દેવાની વાત હતી. પરંતુ વિષયા એક જ અક્ષર ઉમેરીને વિષનું વિષયાં કરી નાખે છે. એક અક્ષર ઉમેરવાથી પત્રનો આખો ભાવાર્થ બદલાઇ જાય છે. વિષયાના 'બુદ્ધિચાતુર્ય' વડે ધૃષ્ટબુદ્ધિનું કાવતરું નિષ્ફળ જાય છે ને વિધિનાં લેખ સાચા પડે છે. આ રીતે 'બુદ્ધિચાતુર્ય'નું કથાઘટક સમગ્ર આખ્યાનની કથાસંરચનામાં અંકોડારૂપ બની રહી કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

- **સ્વપ્નમાં ભાવિ સંકેત :**

કુંતલનરેશને એકવાર સ્વપ્ન આવે છે. જેથી રાજા પોતાનાં સ્વપ્નની વાત મદનને કરે છે. ત્યારે મદન ગાલવઋષિને બોલાવે છે. રાજા સ્વપ્નમાં પોતાની જાતને ઊંટે ચઢીને દક્ષિણ દિશામાં

જતાં જુએ છે, પોતાને લોહીમાં સ્નાન કરતાં જુએ છે, કાળપુરુષ તેને પકડવા પાછળ પડે છે. જેથી પોતાના સ્વપ્નનું સમાધાન કરવા ગાલવઋષિને સ્વપ્નની વાત કરે છે.

"કર જોડીને પ્રશ્ન પૂછયું જે આવ્યું ઘોર સ્વપંન જી :
ઊંટે ચઢી દક્ષિણ ગયો હું કરતો રુધિર પ્રાશંન જી.

કાળપુરુષ વાટમાં મળ્યો તે ગ્રસવા પૂંઠે ધાયો જી,
ગળીના કુંડ વિષે હું પડિયો , કાંપે કરી લેપાયો જી."
(કડવું : ૨૫, પંક્તિ : ૮, ૯)

ગાલવઋષિ સ્વપ્નનું અર્થઘટન કરતા રાજાને તેમનું મૃત્યુ નજીક આવ્યું એમ જણાવે છે. રાજાને દિકરીની ચિંતા સતાવે છે. પોતાની દિકરી મદનને સોંપતા તેને પરણાવવાનું કહે છે. મદન ચંપકમાલિનીનાં લગ્ન ચંદ્રહાસ સાથે એજ રાત્રિએ ગોઠવે છે. જેથી મદન ચંદ્રહાસને બોલાવવાં જાય છે. મદન જતો હોય છે તો રસ્તામાં સામે ચંદ્રહાસ મળે છે. એ મધરાતે સસરાના કહેવા મુજબ કુળદેવીના પૂજનાર્થે જતો હોય છે.

આ કથાઘટકની ઉપકારકતા એ છે કે રાજાને સ્વપ્ન આવતાં મદન ચંપકમાલિનીનાં ઘડિયાં લગ્ન ગોઠવે છે. સ્વપ્ન આવવું, લગ્ન ગોઠવાવાં એ ચંદ્રહાસ માટે ઉપકારક બને છે. ધૃષ્ટબુદ્ધિ કપટ કરીને ચંદ્રહાસને કુળદેવીની પૂજા માટે મોકલે છે. જેથી કરીને મંદિરે છૂપાયેલાં મારાઓ ચંદ્રહાસનું કાસળ કાઢી નાખે. પરંતુ, ધૃષ્ટબુદ્ધિ પોતાનાં જ પેંતરામાં ફસાઇ જાય છે. જમાઇને બદલે દિકરાને મારાઓ મારી નાખે છે. સ્વપ્ન નિમિત્તે ઘડિયા લગ્ન ગોઠવાયા તેથી ચંદ્રહાસ મૃત્યના મુખમાંથી બચે છે. એ રીતે આ કથાઘટક કથામાં મહત્ત્વનું બને છે.

- **શત્રુઘાત માટે મોકલેલા મારાઓ :**

આ કથાઘટક 'ચંદ્રહાસાખ્યાન'નું સૌથી મહત્ત્વનું કથાઘટક છે. એક ભિખારી પોતાનો જમાઇ થશે એ વિચારે ચંદ્રહાસને મારવા ધુષ્ટબુદ્ધિ મારાઓને મોકલે છે. છતાં ચંદ્રહાસ મૃત્યુના મુખમાંથી બચી જાય છે.

સૌ પ્રથમ ધૃષ્ટબુદ્ધિ યજ્ઞકર્મ કરાવે છે. યજ્ઞકર્મમાં ગાલવઋષિ બાળચંદ્રહાસને જુએ છે. તેઓ ધૃષ્ટબુદ્ધિને કહે છે કે 'આ બાળક ભવિષ્યમાં તારો જમાઇ થશે.' એક ભિખારી પોતાનો જમાઇ થાય

એ ધૃષ્ટબુદ્ધિને મંજૂર નથી. જેથી પ્રધાન ધૃષ્ટબુદ્ધિ, ચાંડાલોને ચંદ્રહાસને મારવાની આજ્ઞા આપે છે. ચાંડાલો ચંદ્રહાસને જંગલમાં લાવે છે. ચાંડાલોને અનાથ બાળક પર દયા આવે છે, એટલે બાળ ચંદ્રહાસને મારતા નથી. તેના પગની છઠ્ઠી આંગળી કાપી લે છે ને ધૃષ્ટબુદ્ધિને આપે છે, જેથી તે એવું સમજે છે કે ચંદ્રહાસ મૃત્યુ પામ્યો છે :

"જઇ પુરોહિતને પગે પડિયા, માગ્યાં આપ્યાં એંધાણ ;
ધૃષ્ટબુદ્ધિ તે દેખી હરખ્યો, શાતા પામ્યો પ્રાણ."
(કડવું : ૬, પંક્તિ : ૧૫)

બીજા કથાપ્રસંગમાં ધૃષ્ટબુદ્ધિ પોતે જમાઇ ચંદ્રહાસને મારવા કપટ કરે છે. તે ચંદ્રહાસને દહેરે કમળપૂજા કરવા માટે મોકલે છે. ત્યાં પહેલેથી મોકલેલાં મારાઓ ચંદ્રહાસને મારવા માટે બેઠા હોય છે. ચંદ્રહાસને બદલે મદન કમળપૂજા કરવા માટે જાય છે. મારાઓ મદનને ચંદ્રહાસ સમજીને મારી નાખે છે અને ચંદ્રહાસ ધૃષ્ટબુદ્ધિનાં કપટમાંથી ઉગરી જાય છે :

"પછે દહેરામાંથી બાહાર નીસરતાં ભર્યાં ઉતાવળાં ડગ જી ;
મુખ નીસરતાં મદન-મસ્તકે ચાર પડ્યાં મહા ખડ્ગ જી."
(કડવું : ૨૫, પંક્તિ : ૩૪)

આમ, ચંદ્રહાસને મારવાનાં ધૃષ્ટબુદ્ધિનાં પ્રયત્નો નિષ્ફળ જાય છે, ને ચંદ્રહાસનો બચાવ થાય છે. આ રીતે ' શત્રુઘાત માટે મોકલેલા મારાઓ'નું કથાઘટક કથાસંરચનામાં કાર્ય સાધક બની રહે છે.

- **મૃતસંજીવન :**

ધૃષ્ટબુદ્ધિના કપટમાં ચંદ્રહાસને બદલે મદન ફસાઇ જાય છે. મારાઓ મદનના ટૂકડાં કરી નાખે છે. ચંદ્રહાસને બદલે મદન મૃત્યુ પામ્યો છે એ વાતની જાણ ધૃષ્ટબુદ્ધિને થાય છે. તેને પાર વગરનો પસ્તાવો થાય છે. તે પત્થર પર માથુ કૂટી-કૂટીને મરી જાય છે. સસરા પણ મૃત્યુ પામ્યા એવી વાત જાણીને ચંદ્રહાસ દેહરે આવે છે. ત્યાં અગ્નિ પ્રગટાવે છે. ચંદ્રહાસ આદ્યશક્તિને દેહરે

પોતાનું મસ્તક છેદવા જાય છે ત્યારે કૃષ્ણ આવીને તેને રોકી લે છે. કૃષ્ણ ચંદ્રહાસને વરદાન માંગવાનું કહે છે. ત્યારે ચંદ્રહાસ સસરા અને સાળાને જીવીત કરવાનું કહે છે. ત્યાં આદ્યશક્તિ આવે છે :

"એમ સર્વ દેખતાં આદ્યશક્તિએ ઉઠાડ્યા બે જોધ;
કરે ગ્રહી કહેતા ગયા પ્રગટ થઈ પ્રતિબોધ."
(કડવું: ૨૮, પંક્તિ : ૧૦)

આદ્યશક્તિ આવીને ધૃષ્ટબુદ્ધિ અને મદનને જગાડે છે. જેથી મૃત પિતા-પુત્ર ફરીથી જીવીત થાય છે. અહીં 'મૃતસંજીવન'માં દૈવીશક્તિ મદદરૂપ બને છે. દૈવી શક્તિનાં ચમત્કાર વડે બંને જીવીત બને છે. જ્યારે ઈશ્વર ચંદ્રહાસને વરદાન માંગવાનું કહે છે ત્યારે ચંદ્રહાસ ઈશ્વર પાસે સસરા અને સાળો બંનેને જીવીત કરવાનું વરદાન માંગે છે. આ નિમિત્તે ભક્તિનો મહિમાં પણ આલેખાયો છે. એ દૃષ્ટિએ આ કથાઘટક આખ્યાનમાં મહત્ત્વનું બને છે.

❖

### ■ અભિમન્યુ આખ્યાન :

'મહાભારત'માંથી કથાવસ્તુ લઈને મધ્યકાળથી માંડીને છેક આધુનિકકાળ સુધી જુદી-જુદી કૃતિઓની રચના થઈ છે. 'મહાભારત'માનું અભિમન્યુનું કથાનક ખૂબ જ લોકપ્રિય રહયું છે. કથાસાહિત્યની લિખિતપરંપરા અને કંઠસ્થપરંપરામાં પણ તેનું આલેખન થયું છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આ કથાનક ઘણાં સર્જકોએ આલેખ્યું છે,

અભિમન્યુ આખ્યાન, જનભગત, લે.ઈ.૧૮૫૧ કડવાં ૩૩(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૧૦૯)
અભિમન્યુ આખ્યાન, તાપીદાસ-૧,૨.ઈ.૧૬૫૦/ સં.૧૭૦૮ આસો સુદ ૨ શુક્રવાર કડવાં ૨૨ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૧૫૪)
અભિમન્યુ આખ્યાન, તુલજારામ-૨,અંશતઃ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૧૫૬)
અભિમન્યુ આખ્યાન, નાકર(દાસ)-૧, કડવાં ૨૭ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૧૭)
અભિમન્યુ આખ્યાન, પ્રેમાનંદ, ૨.ઈ.૧૬૭૧/સં.૧૭૨૭ શ્રાવણસુદ-૨ કડવાં ૫૧ (ગુ. સા. કો. મધ્યકાળ, પૃ.૯, ૨૧૬)

અભિમન્યુનું ઓઝણું, દેદ, ર.ઈ.૧૫૯૪ આસપાસ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૭૮)
અભિમન્યુનો રાસડો, પ્રેમાનંદ ૫૦ કડીએ અધૂરી (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૧૦)
અભિમન્યુ યુદ્ધ, તાપીદાસ-૨, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૧૫૫)
અભિવન ઉઝણું, દેહલ લે.ઈ.૧૬૨૪ કડી ૪૦૬ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૮૮)

'અભિમન્યુની કથા' જનસમૂહમાં કેટલી લોકપ્રિય રહીં હશે તેનો નિર્દેશ ઉપરોકત વિવિધ કૃતિઓ દ્વારા થાય છે. પ્રેમાનંદે રચેલી અભિમન્યુની કથા પણ એટલી જ લોકપ્રિય રહીં છે. 'અભિમન્યુ આખ્યાન'નાં મૂળ 'મહાભારત'ના 'દ્રોણપર્વ'માં છે. પ્રેમાનંદે આ કથાનકને ૫૧ કડવામાં વિભાજિત કર્યું છે. આ કથાનકમાં અભિમન્યુના પૂર્વજન્મની કથા, સુભદ્રાના સીમંતનો પ્રસંગ, અભિમન્યુ-ઉત્તરાના વિવાહનો પ્રસંગ, અભિમન્યુ-ઉત્તરાનું મિલન, અભિમન્યુના યુધ્ધનો પ્રસંગ જેવા કથાપ્રસંગો આલેખન પામ્યા છે. આ દરેકે દરેક કથાપ્રસંગોને વેગ આપનારાં કથાઘટકો અભિમન્યુની કથાસંરચનાનો વિકાસ સાધનારાં ઘટકતત્ત્વો છે. જે નીચે પ્રમાણે છે :

- **ન બાપા-નું મહેણું**
- **કપટી રૂપધારણ (વેશપલટો)**
- **ગર્ભમાં સંવાદ**
- **પવનવેગી પ્રાણી / સાંઢણી :**

ઉપર મુજબ મહત્ત્વનાં કથાઘટકો 'અભિમન્યુ-આખ્યાન'ની કથાસંરચનાને ઘડવામાં કાર્યરત છે. આ કથાઘટકો વડે સમગ્ર કથાનું ક્લેવર ઘડાય છે. તે કથામાં અંકોડારૂપ રહેલા હોય છે. તેની વિગતે તપાસ કરીએ.

- **ન બાપા-નું મહેંણું :**

પ્રેમાનંદકૃત 'અભિમન્યુ-આખ્યાન'માં 'ન બાપા-નું મહેણાં'નું કથાઘટક પ્રયોજાયું છે. અહિલોચન મોસાળમાં નાગ બાળકો સાથે રમતો હોય છે. રમતાં રમતાં બાળકો અંદરોંદર લડી પડે છે. ત્યારે સર્વ નાગો ભેગા થઇ જાય છે ને અહિલોચનને કહે છે :

"નાગ સર્વ કોઇ ધાયા રે; અહિલોચનના કર સાહ્યા રે;
કહે : ભાયા રે! કોણ નગરમાં ઊછર્યો રે?

કો ન જીણે તારો બાપ રે, કોણે જણ્યો ને કોને સંતાપ રે'
એમ મહેણાં રે સર્વે દીધાં અતિઘણાં રે"
(કડવું : ૪, પંક્તિ : ૧૦,૧૧)

અહીં નાગો 'મહેણાં'નું નિમિત્ત બને છે. આ કથાઘટક અહિલોચનના જીવનમાં કેવી મહત્ત્વની ભૂમિકા ભજવે છે એ પણ જોવા જેવું છે. નાગો અહિલોચનને 'ન બાપાનું મહેણું' મારે છે. આ મહેણું અહિલોચનના હદયને વીંધી નાખે છે. અહિલોચનના મનમાં અનેક પ્રશ્નો જન્માવે છે :

"સર્પ માત્રે મેહણું દીધુ, મુને કહ્યો નઠારો
કોણ સ્થાનક આપણું રે? કોણ મારો તાત?
ઉદર ભરવા અહીં વસ્યાં તે કોણ મારો માત?"
(કડવું : ૫, પંક્તિ : ૩, ૪)

ક્રોધે ભરાયેલો અહિલોચન માતાને વિવિધ પ્રશ્નો કરે છે. તે માતાને પૂછે છે કે શા માટે આપણે ગૃહત્યાગ કરવો પડ્યો? શા માટે મોસાળમાં આવીને રહેવું પડ્યું? મારા પિતા કોણ હતા? તેથી માતા અહિલોચનને તેના પિતા અયદાનવ વિશે સઘળી વાત કરે છે. 'ન બાપા-નાં મહેંણાં'નું આ કથાઘટક કથાના વિકાસમાં મહત્ત્વનું છે. કેમકે આ 'મહેણાં' વડે અહિલોચનને પોતાની ઓળખ મળે છે. હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? મારા પિતા કોણ છે? મારા પિતાને કોણે માર્યો હતો? મોસાળમાં શા માટે વસ્યાં છીએ? આ સૌ પ્રશ્નોના જવાબ આ કથાઘટક વડે પ્રાપ્ત થાય છે. વળી, આ કથાઘટકનું સૌથી મહત્ત્વનું કાર્ય એ પણ છે કે અહિલોચનને તેના પિતાનાં શત્રુની જાણ થાય છે, તેથી એ પિતાના વેરનો બદલો લેવાની પ્રતિજ્ઞા કરે છે. આમ, 'અભિમન્યુ-આખ્યાન'ની કથાસંરચનામાં 'ન બાપા-નાં મહેણાં'નું કથાઘટક કથાસંરચનાના વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

- **કપટી રૂપધારણ (વેશપલટો) :**

પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ બનાવવા માટે મોટેભાગે 'રૂપધારણ'નું કથાઘટક પ્રયોજાતું હોય છે. આ આખ્યાનમાં પણ બે કથાપ્રસંગોએ આ કથાઘટક પ્રયોજાયું છે. અહીં કપટ કરીને છેતરવા માટે 'રૂપધારણ' કર્યું હોવાથી 'કપટી રૂપધારણ' કહેવાય. કૃષ્ણ અહિલોચનને છેતરે છે. અહિલોચન પોતાના પિતાનો બદલો લેવા માટે નીકળી પડે છે. સમગ્ર ઘટનાની જાણ કૃષ્ણને થતા દાનવોના કુલગુરુ શુક્રાચાર્યનું રૂપધારણ કરે છે. જેથી અહિલોચન તેમના પર સંશય ન કરે, આ રૂપધારણનું પ્રેમાનંદ સરસ વર્ણન કરે છે :

"સંજય કહે : સાંભળિયે રાય ! દેવકીનંદનનો મહિમાય ;
મારવા દાનવ કેરો ભૂપ ભગવાને ધરિયું ભાર્ગવરૂપ.

અત્રુ હણવાનું સાર્યુ કાર્ય, શ્રીકૃષ્ણજી થયા શુક્રાચાર્ય,
વૃદ્ધ વપુ, કર ગ્રહી લાકડી, આવે ઠેસ પડે આખડી"
(કડવું : ૮, પંક્તિ : ૧,૨)

શુક્રાચાર્યનું રૂપધારણ કરીને કૃષ્ણ અહિલોચનને મળે છે. અને કૃષ્ણના કપટની વાત કરે છે. કૃષ્ણે મામા-માસીના પ્રાણ લીધા, અયદાનવને માર્યો અને મને ભીખ માંગતો કર્યો એમ કહે છે. આમ, શુક્રાચાર્યરૂપધારી કૃષ્ણ અહિલોચનના મનમાં વિશ્વાસ જગાવે છે. જેથી પોતે જે કાર્ય કરવા માંગે છે તે સિદ્ધ થાય. અહિલોચન કૃષ્ણના કપટમાં ફસાઈ જાય છે. પેટીમાં કૃષ્ણ સમાઈ જશે કે કેમ ? એવો પ્રશ્ન વૃદ્ધ બ્રાહ્મણ કરે છે. એટલે અહિલોચન માપ નક્કી કરવા માટે પેટીમાં પેસે છે. એ સમયે કૃષ્ણ પોતાની ચાલ રમે છે. પેટી બંધ કરી નાખે છે. અહિલોચન પોતાને છોડવા અનેક વિનંતી કરે છે. છેવટે ગૂંગળાઈ મરે છે. આ રીતે શુક્રાચાર્યનું રૂપધારણ કરીને કૃષ્ણ પોતાના કપટમાં સિદ્ધિ મેળવે છે.

બીજા કથાપ્રસંગમાં પણ 'કપટી રૂપપધારણ'નું કથાઘટક આલેખાયું છે. આ પ્રસંગમાં 'દેવનું માનવરૂપે રૂપધારણ' થયું છે. અભિમન્યુ સુસજ્જ થઈને યુદ્ધમાં જવાની તૈયારી કરે છે. તે કુંતામાતાનાં આશીર્વાદ લેવા જાય છે. કુંતામાતા જાણે છે કે અર્જુન અને કૃષ્ણ અભિમન્યુની સાથે નથી. કૌરવો કપટી છે. જેથી કુંતામાતા અભિમન્યુના રક્ષણ માટે રાખડી બાંધે છે. પછી કૃષ્ણ 'બ્રાહ્મણનું રૂપધારણ' કરીને અભિમન્યુ પાસે આવે છે અને કહે છે :

"સાત તાંતણા સૂતરના બાંધી વોળાવ્યો કુમાર જી ;
એહવે બ્રાહ્મણરૂપ ધરીને મળિયા વિશ્વાધાર જી.

હાથ લાકડી ગ્રહી જદુપતિએ, કાયા કીધી ઘરડી જી ;
કડકડાટ વાગે હાડકાં, ઊઠ્યા દાંતને કરડી જી."
(કડવું : ૩૧, પંક્તિ : ૮, ૯)

'બ્રાહ્મણનું રૂપધારણ' કરીને કૃષ્ણ અભિમન્યુને સામે મળે છે. કૃષ્ણને ભય છે કે જો અભિમન્યુના હાથમાંથી કુંતાએ બાંધેલી રાખડી છોડાવી નહિ દેવાય તો તે બ્રહ્માનો માર્યોય નહીં મરે. તેથી કૃષ્ણ અભિમન્યુને કહે છે કે અર્જુને કદી શત્રુને મારવા માટે રાખડી બંધાવી નથી. તો તે કેમ બંધાવી ? આથી તો તે કૂળની લાજ ખોઇ છે. અભિમન્યુ કૃષ્ણરૂપી બ્રાહ્મણના આવાં વચનો સાંભળીને હાથની રાખડી છોડી દે છે. આમ, બંને કથાપ્રસંગોમાં પ્રયોજાયેલ 'કપટી રૂપધારણ'નું કથાઘટક પ્રયોજન સિદ્ધ કરે છે. કેમકે 'રૂપધારણ'નો મુખ્ય હેતુ પોતાની ઓળખ છૂપાવવાનો છે અને પોતે જે કાર્ય કરવા આવ્યા છે તેને પાર પાડવાનો છે. કૃષ્ણ આ કાર્યને બખૂબી નિભાવે છે. અહિલોચનને તે પેટીમાં પૂરી દે છે અને અભિમન્યુનાં હાથની રાખડી છોડાવી દે છે. એ દષ્ટિએ આ કથાઘટક આખ્યાનમાં કાર્યસિદ્ધિ કરનારું બને છે.

- **ગર્ભમાં સંવાદ :**

'અભિમન્યુ-આખ્યાન'માં સુભદ્રાનો ગર્ભ, ઉદરમાંથી જ સંવાદ કરે છે. સુભદ્રાનાં ગર્ભમાં અહિલોચનનો આત્મા પ્રવેશે છે. એ આત્મા સુભદ્રાના ગર્ભને જન્મવા દેતો નથી. સુભદ્રાથી એ પીડા સહન થતી નથી. જેથી કૃષ્ણ સુભદ્રાને શાતા પ્રાપ્ત થાય એ માટે તેને યુદ્ધમાં જીતવાના કોઠા સંભળાવે છે. આ કોઠા સુભદ્રાનો ગર્ભ પણ ઉદરમાંથી શીખતો હોય છે. કૃષ્ણ સુભદ્રાના ગર્ભને છ કોઠા શીખવતા હોય છે ત્યારે સુભદ્રા ઊંઘી જાય છે. જેથી કૃષ્ણ એ શીખવવાનુ છોડી દઈને ઊભા થાય છે. ત્યારે સુભદ્રાનો ગર્ભ કૃષ્ણ સાથે સંવાદ કરે છે. તે કૃષ્ણને કહે છે :

"ત્યારે પેટ માંહેથી પુત્ર કહે છે હરિજીને હૂંકારો જી ;
છ કોઢા શીખ્યો મામાજી ! હવે સાતમો વિસ્તારો જી."
(કડવુ : ૨૦, પંક્તિ : ૧૩)

આ કથાઘટક 'અભિમન્યુ-આખ્યાન'નું મહત્ત્વનું કથાઘટક બની રહે છે. કેમકે કથામાં સૌથી મોટી સમસ્યા આવીને ઉભી છે. અહિલોચનનો આત્મા સુભદ્રાનાં ગર્ભને જન્મવા દેતો નથી. ત્યારે આ કથાઘટક સમસ્યાનું સમાધાન કરીને કથાનો વિકાસ કરે છે. અહિલોચન સુભદ્રાને મારીને પિતાનું વેર લેવાનું વિચારે છે. જેથી તે સુભદ્રાના ગર્ભરૂપે જન્મ લેતો નથી. કૃષ્ણ જ્યારે કોઠા શીખવે છે ત્યારે અહિલોચનનો આત્મા પોતાની જાતને રોકી શકતો નથી. તેથી તે કૃષ્ણને હોંકારો આપે છે. કૃષ્ણ સાથે વાતચીત કરે છે. જેના કારણે કૃષ્ણને સુભદ્રાના ગર્ભમાં અહિલોચનનો આત્મા છે તેવી જાણ થાય છે. અહિલોચનનો આત્મા યુદ્ધજ્ઞાનની લાલચમાં પોતે જે કાર્ય કરવાં આવ્યો છે તે ચૂકી જાય છે. કૃષ્ણ અહિલોચનના આત્માને કહે છે :

"અકસ્માત એવું સાંભળીને મરમ લહ્યો મોરાર જી :
એથી અદિક શીખવુ, જો તમો નીસરો બહાર જી.

કહેતા માંહે પ્રસવ થયો, જે વિદ્યાભણવાના કોડ જી ;
ત્યાહાર પહેલાં વ્યૂહ ભાંગી ઊઠી ચાલ્યા શ્રીરણછોડ જી."
(કડવુ : ૨૦, પંક્તિ : ૧૪, ૧૫)

આમ, આ કથાઘટક દ્વારા કૃષ્ણને સુભદ્રાના ગર્ભનાં અહિલોચનનાં આત્માએ પ્રવેશ કર્યો છે તેની જાણ થાય છે, અને સુભદ્રાનું કષ્ટ પણ દૂર થાય છે.

- **પવનવેગી પ્રાણી – સાંઢણી :**

પ્રેમાનંદકૃત 'અભિમન્યુ-આખ્યાન'માં 'મદદરૂપ થતું પ્રાણી-પવનવેગી સાંઢણી' છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં અભિમન્યુએ ચક્રવ્યૂહ જીતવાની પ્રતિજ્ઞા લીધી છે. સામે છેડે કૌરવ સેનાપતિ દ્રોણાચાર્યે પણ અભિમન્યુને મારવાની વ્યૂહરચના કરી છે. આ સાંભળીને સુભદ્રાને ચિંતા થાય છે. જો અભિમન્યુ યુદ્ધમાં હણાય તો પોતાનાં વંશવેલાનું શું ? જેથી સુભદ્રા અને દ્રૌપદી યુધિષ્ઠિર પાસે આવીને પોતાની ચિંતા વ્યક્ત કરે છે. યુધિષ્ઠિર સવાર ઊગતા પહેલા ઉત્તરાને આણું વાળી લાવવાની વાત કરે છે. એમ નક્કી થતાં યુધિષ્ઠિર રાયકાને બોલાવે છે :

"કહે, રાયકા ! સાંઢ છે કેટલી જે હીંડે વહેલી વહેલી રે,
મત્સ્યસુતાને આણું કરી લાવે, વહાણું વાતાં પહેલી રે ?

ત્રણ સહસ્ત્ર સાંઢ રાખું છું, રાયકો બોલ્યો વાણી રે,
મનવેગી ને પવનવેગી, તમને કેહી છે અજાણી રે ?

પૂરવથી મૂકું તો પશ્ચિમ એ દિવસમાં જાય રે,
ચાલતી ચિત્રાના સરખી, તેનો પૃથ્વી ન અડકે પાય રે.

મનવેગીને પહોંચી શકે નહિ ઐરાવતની જોડો રે,
પવનવેગીની સાથે મૂકો સૂરજ કેરો ઘોડો રે.

આણી જાણો ઉત્તરાને, જ્યારે રાત પાછલી પહોર રે :
જૂઓ કામ કરું છું કેવું, નહિ ઊગવા દેઈશ ભોર રે"
(કડવું : ૨૬, પંક્તિ : ૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭)

યુધિષ્ઠિરની વિદાય લઈ રાયકો મત્સ્યદેશ તરફ પ્રયાણ કરે છે. ત્યાં જઈને સઘળો વૃત્તાંત કહે છે. ઉત્તરાનું આણું વળાય છે. આ બાજુ સજ્જ થઈને અભિમન્યુ યુદ્ધે જવા નીકળે છે. ત્યાં ઉત્તરાને લઈને રાયકો આવી ચઢે છે. યુધિષ્ઠિર, ઉત્તરા અને અભિમન્યુ માટે માર્ગમાં જ શિબિરભવન રચાવે છે. બંનેની દૃષ્ટિ એક થાય છે. અભિમન્યુ ઉત્તરાને 'ઋતુદાન' આપે છે. એ રીતે 'પવનવેગી સાંઢણી' દ્વારા બન્નેનું મિલન થાય છે. આ કથાઘટક અશક્ય કાર્યને સિધ્ધ કરે છે, કથામાં આવેલી સમસ્યાનું નિરાકરણ કરીને વંશવૃદ્ધિમાં સહાયક બને છે. તેથી કાર્યસાધક પૂરવાર થાય છે.

❖

## મદાલસા-આખ્યાન :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીચરિત્રનાં ઘણાં જુદાં-જુદાં વિલક્ષણ કથાનકો પ્રાપ્ત થયાં છે. જેમકે 'કામાવતી' ની કામાવતી, 'હંસાઉલિ'ની હંસા, 'માધવાનલ-કામકંદલા'ની કામકંદલા, 'બિલ્હણ-પંચાશિકાની શશીકલા, 'શૃંગારમંજરી'ની પાતાલસુંદરી, 'પદ્માવતીની

વારતા'ની પદ્માવતી, 'આરામશોભારાસ'ની વિદ્યુત્પ્રભા, 'નળાખ્યાન'ની દમયંતી, 'ઓખાહરણ'ની ઓખા, 'મદાલસા-આખ્યાન'ની મદાલસા વગેરે. આ સ્ત્રીચરિત્રોનાં કથાનકો વિવિધ કવિઓના હાથે ખેડાયાં છે. વળી, આ સ્ત્રીચરિત્રો એકથી વધુ સર્જકોના હાથે આલેખન પામ્યાં છે. આ સૌમાં 'મદાલસા'નું ચરિત્ર ઘણું  નોંધપાત્ર છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'મદાલસા'નું ચરિત્ર પ્રેમાનંદ સિવાય અન્ય કોઇ કવિના હાથે આલેખન પામ્યું હોય એવું જોવા મળતું નથી. પ્રેમાનંદે 'મદાલસા'ના ચરિત્રને આખ્યાનસ્વરૂપમાં આલેખ્યું છે. તેનું કથાવસ્તુ 'માર્કંડેય પુરાણ'માંથી લીધુ છે અને તેની કથા ૩૫ કડવાંમાં આલેખી છે.

'મદાલસા-આખ્યાન'માં ગાલવઋષિનો યજ્ઞ, તાલકેતુ-પાતાલકેતુ અને ઋતુધ્વજ વચ્ચેનું યુદ્ધ, મદાલસાનું અપહરણ, મદાલસા-ઋતુધ્વજનાં ગાંધર્વ વિવાહ, મદાલસાનું મૃત્યુ, મદાલસાનું સજીવન થવું જેવાં વિવિધ કથાપ્રસંગોનું આલેખન કર્યું છે. આ જુદા-જુદા પ્રસંગોના વિકાસમાં કેટલાંક કથાઘટકો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.  આ કથાઘટકો વડે સમગ્ર આખ્યાનની કથાસંરચના ઘડાય છે. આ મુખ્ય કથાઘટકો નીચે પ્રમાણે છે :

- **ગૃહત્યાગ**
- **નાયિકાનું અપહરણ**
- **સતીત્વની રક્ષામાટે સ્ત્રીચાતુર્ય**
- **સહાયક થતું પ્રાણી**
- **શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવું**
- **કપટીરૂપધારણ(વેશપલટો)**
- **વિશિષ્ટ પદાર્થ : મણિ**
- **મૃત-સંજીવન**

આ મુખ્ય કથાઘટકોને હવે વિગતે તપાસીએ.

- **ગૃહત્યાગ :**

પ્રેમાનંદકૃત 'મદાલસા-આખ્યાન'ના આરંભમાં જ 'ગૃહત્યાગ'નું કથાઘટક પ્રયોજાયું છે. આ કથાનકમાં 'ગૃહત્યાગ'- યજ્ઞકર્મની રક્ષા અર્થે થાય છે. ગાલવઋષિ યજ્ઞ કરી રહ્યા છે. તાલકેતુ અને પાતાલકેતુ નામના બે દૈત્યો તેમનાં યજ્ઞકર્મમાં વિઘ્ન નાખી રહ્યાં છે. ત્યારે ઈન્દ્રના કહેવાથી ગાલવઋષિ અયોધ્યાનગરીમાં જાય છે. અયોધ્યાનગરીના રાજા શત્રુજિતને પોતાના પુત્ર ઋતુધ્વજને યજ્ઞકર્મની રક્ષા અર્થે આપે, અને કહે છે :

" ત્યારે અમરે નારદ મોકલ્યા લેઈને આ અશ્વ,
કહાવ્યુઃ શત્રુજિતને આપજે, તેથી કામ થશે સર્વસ્વ.

માટે તમારો મહીપતિ ! છે ઋતુરાજ કુમાર,
તે આપો મુજને, તેડી જાઉં અશ્વે કરી અસવાર."
(કડવું : ૭, કડી : ૬, ૭)

ગાલવઋષિનાં આ વચનો સાંભળીને શત્રુજિત રાજા આશ્ચર્ય પામે છે. તે પુત્રને બોલાવે છે અને કહે છે આ ઋષિ જે કહે છે તે કાર્ય તમે કરી શકશો ? ત્યારે ઋતુધ્વજ પિતાને ચિંતા નહી કરવાનું કહી વિદાય લે છે :

"વળાવીને વળ્યો ભૂપતિ, નેણે નીર રહ્યાં ઢળી,
ઊભો રહીને રાજા નીરખે પુત્રને વળી વળી.

ગાલવઋષિ પંથે પરવર્યા, આગળ રાજકુમાર,
આશ્રમે બન્યો આવિયા અશ્વે થઈ અસવાર"
(કડવું : ૭, કડી : ૧૭, ૧૮)

ઋતુધ્વજ સાહસવીર અને પરાક્રમી છે. પિતાનાં પૂછવા માત્રથી જ તે ઋષિ સાથે આશ્રમમાં આવવાની હા પાડે છે, કેમકે પોતે ક્ષત્રિય છે, અને પ્રજાની રક્ષા કરવી એ ક્ષત્રિયનું કર્તવ્ય જ નહિ પરંતુ ધર્મ પણ છે. તાલકેતુ સાથે યુદ્ધ થતા તેને મોતને ઘાટ ઉતારી દે છે. પાતાલકેતુ તેનાથી પરાસ્ત થઈને નાસી જાય છે. 'ગૃહત્યાગ' કરીને ઋતુધ્વજ પોતાનું ધર્મકાર્ય નિભાવે છે. કૃતિના આરંભમાં આવતા આ કથાઘટક વડે ઋષિનું કાર્ય તો સિદ્ધ થાય જ છે, સાથેસાથે ઋતુધ્વજનું મદાલસા સાથે

મિલન થવાનું છે તેની ભૂમિકા પણ રચાય છે. આમ, આ કથાઘટક કથાસંરચનામાં કાર્યસાધક બની રહે છે.

- **નાયિકાનું અપહરણ :**

'મદાલસા-આખ્યાન'માં 'નાયિકાનું અપહરણ' આલેખાયું છે. ઋતુધ્વજ સાથે યુદ્ધ કરતા તાલકેતુ મૃત્યુ પામે છે. વળી, પાતાલકેતુ તેનો સામનો નહિ કરી શકતા યુદ્ધમાંથી ભાગી છૂટે છે. ભાઇના મૃત્યુનો વિલાપ કરતો તે હિમાચલ આવી ચઢે છે. અહીંયા કેટલીક યુવતીઓનું ગાન સાંભળે છે. મદાલસાનો અવાજ સાંભળતાં જ મદાલસા પર મોહી પડે છે. પાતાલકેતુ મદાલસાની નજીક જાય છે. ત્યાથી તે મદાલસાનું અપહરણ કરીને લઇ જાય છે :

"નહી છોછી રાજાની કુંવરી, નવ પામે લાગ જાવા હરી,
પછે આસન હેઠે આવી રહયો, સ્થૂલ શરીરે ત્યાં થયો.

સાહસ કરમ એવું કીધું, અબળા દોંતુ આસન લીધું;
શરીર પોતાનું વધારી, આસનસહિત ઉચલી નારી."
(કડવું : ૧૧, કડી : ૨૮, ૨૯)

આ કથાનકમાં ખલપાત્ર 'નાયિકાનું અપહરણ' તેનાં સૌંદર્યથી પ્રેરાઇને કરે છે. અપહરણ કરીને પાતાલકેતુ મદાલસાને પાતાલલોક લઇ આવે છે. મદાલસા પોતાને છોડાવવાં અનેક વિનંતીઓ કરે છે. પરંતુ પાતાલકેતુ તેની એકપણ વિનંતી સ્વીકારતો નથી. અહીં ખલપાત્ર દ્વારા નાયિકાનું અપહરણ કરાવી પ્રેમાનંદ કથામાં બહું મોટો વળાંક લાવી આપે છે. 'નાયિકાનું આ અપહરણ' તેનાં નાયક સાથેનાં ભાવિ મિલનની પરિપાટી રચી આપે છે. એક તો નાયક નાયિકાનું રક્ષણ કરશે, એ વડે બંને વચ્ચે અનુરાગનો ઉદ્દગમ થશે અને પ્રણયની ઉપલબ્ધિમાં તેમનું મિલન થશે તથા કથાદોર આગળ વધશે. આ કથાઘટક કથાને નવો વળાંક આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- **સતીત્વની રક્ષામાટે સ્ત્રીચાતુર્ય :**

મદાલસાની કથામાં સતીત્ત્વની રક્ષામાટે સ્ત્રીચાતર્યુનું કથાઘટક પ્રયોજાયું છે. તેનાં દ્વારા સતીત્વની રક્ષાનું પ્રયોજન છે. પાતાલકેતુ મોહ પામીને મદાલસાનું અપહરણ કરે છે. અપહરણ કરીને તે મદાલસાને પાતાલલોક લઈ જાય છે. પાતાલલોક આવીને તે મદાલસાને પોતાની સાથે લગ્ન કરવાનું કહે છે. મદાલસા પાતાલલોકમાં એકલી અને નિઃસહાય છે. પોતાનું કહી શકાય એવું કોઇ સ્વજન નથી કે જે તેની રક્ષા કરે. આથી મદાલસા પાતાલકેતુને યુકિતપૂર્વક કહે છે :

"વિનયયુકત તે ઊચરી : નોહે ઉતાવળનું કાર્ય,
ઠામી ઠેકી વિવાહ કીજે , કોને કરશો આચાર્ય?

કુટુંબ તેડાવો તમ તણું , કોએ હું નથી દીઠી;
ગીત ગાયે કામિની, આપણને ચોળાય પીઠી."
(કડવું : ૧૩, કડી : ૧૪, ૧૫)

મદાલસા અહીં સ્ત્રીચાતુર્ય આદરે છે. સ્વજનની વાત કરતા પાતાલકેતુને મૃત ભાઇ તાલકેતુ યાદ આવે છે. પાતાલકેતુ લગ્નની વાત છોડીને ભાઈના મૃત્યુનો બદલો લેવા જાય છે. મદાલસા પણ પાતાલકેતુને સુખેથી જવાનું કહે છે. આ રીતે મદાલસા ચતુરાઈપૂર્વક પાતાલકેતુને પોતાનાથી દૂર મોકલી દે છે. આ રીતે મદાલસા પોતાના શીલની રક્ષા કરવામાં સફળ થાય છે. છે. આમ, આ કથાઘટક કથામાં કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

- **સહાયક થતું પ્રાણી :**

'મદાલસા-આખ્યાન'માં આ કથાઘટકો બે કથાપ્રસંગોએ પ્રયોજાયાં છે. પ્રથમ સહાયક થતું પ્રાણી ઘોડો છે. આ ઘોડો ઈન્દ્રે મોકલેલો છે. ગાલવઋષિના યજ્ઞકર્મમાં તાલકેતુ અને પાતાલકેતુ વિઘ્ન નાખે છે. ત્યારે ઈન્દ્ર અયોધ્યાનગરીનો રાજા શત્રુજિતનો દિકરો તમારા યજ્ઞની રક્ષા કરશે એમ કહી તેને પોતે આપેલો અશ્વ આપવાનું સૂચવે છે. ગાલવઋષિ અયોધ્યા જઈને ઋતુધ્વજને આ અશ્વ સોંપે છે. યજ્ઞની રક્ષા અર્થે પાતાલકેતુ અને ઋતુધ્વજ વચ્ચે યુદ્ધ થાય છે. પાતાલકેતુ પાતાલમાં નાસી જાય છે. ઋતુધ્વજ અશ્વ પર સવાર થઈને તેનો પીછો કરે છે :

"ભૂલ્યો વાટ , ઉચાટ થાયે, ભુલામણે પડયો ભ્રંમ,

જલમાં વાટ ન સૂઝે ઘોડાણે,જાવાની નહિ ગંમ.

ચોહોદિશ જુએ બેબાકળો, આકુળવ્યાકુળ થાય,
પણ અશ્વને જ્ઞાન ઘણું તે મદાલસા ભણી પલાય”
(કડવું : ૧૫, કડી : ૨, ૩)

ઋતુધ્વજ અશ્વને રોકવાનો પ્રયત્ન કરે છે. પરંતુ અશ્વ એમ રોકાતો નથી. વળી, ઋતુધ્વજને તો પાતાલનાં રસ્તાની કોઈ જાણ પણ ન હતી. ત્યારે જાણકાર અશ્વ તેને છેક પાતાલલોક સુધી લઈ જાય છે. અશ્વ મદાલસા તરફ જાય છે. ઋતુધ્વજ મદાલસાને જૂએ છે, મદાલસા ઋતુધ્વજને જૂએ છે. બંને વચ્ચે અનુરાગ જન્મે છે. મદાલસા અને ઋતુધ્વજ ગાંધર્વવિધિથી વિવાહ કરે છે. આ રીતે નાયક અને નાયિકાના મિલનમાં અશ્વ સહાયક બને છે.

બીજા સહાયક પ્રાણીઓ છે નાગકુમારો અને તેમનાં પિતા. ઋતુધ્વજ સાથે નાગકુમારોને મૈત્રી બંધાય છે. ત્રણેય મિત્રો રોજ સરોવર પાસે મળે છે, એકબીજા વગર રહી શકતા નથી. એક દિવસ ઋતુધ્વજ સરોવર કિનારે નથી આવતો . ત્યારે તેની શોધમાં અયોધ્યા આવે છે. નગરમાં આવીને તેમને મદાલસાના અને ઋતુધ્વજનું નગર છોડીને વનમાં જવાની જાણ થાય છે. નાગકુમારો ઋતુધ્વજ પાસે વનમાં આવે છે ને મિત્રને નગરમાં આવીને રહેવાનું કહે છે. ઋતુધ્વજ નાગકુમારોની વાત માનતો નથી. નાગકુમારો છેવટે પિતા પાસે જાય છે. પછી નાગકુમારો અને તેમના પિતા કૈલાસ જાય છે. અને શિવ પાસેથી વરદાન લઈને મદાલસાને જીવીત કરે છે.

આમ, ‘સહાયક પ્રાણી’-નાગકુમારો અને તેમના પિતા ઋતુધ્વજના વીખેરાયેલા જીવનમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે. નાગકુમારો મિત્ર પરત્વેની ફરજ અદા કરે છે, ઋતુધ્વજનું જીવન નિસ્તેજ બન્યું છે તેમાં ચેતના પૂરવાનું કાર્ય આ સરિસૃપો કરવાના છે. આ કથાઘટક આવનાર ‘મૃતસંજીવન’ કથાઘટકની પણ પૃષ્ઠભૂમિ રચી આપે છે.

- **શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવું :**

‘મદાલસા-આખ્યાન’માં શત્રુના મોતનું રહસ્ય જાણી લેવાંનું કથાઘટક આકર્ષક ઢબે આલેખાયું છે. પાતાલકેતુ મદાલસાને શોધતો શોધતો છેક અયોધ્યાનગરી સુધી પહોંચી જાય છે.

પાતાલકેતુ ભિક્ષુકનો વેશધારણ કરીને ઋતુધ્વજ પાસે આવે છે. તે ઋતુધ્વજના હાથમાં મૂલ્યવાન મણિ જૂએ છે. અને તે હાથ પર બાંધવાનું કારણ પૂછે છે :

"એ બાંધવો ઘટે નહીં, દીસે નારીનો શણગાર જી.
એ એંધાણી બાંધી મદાલસાએ, માંહે, સુણો, વિચાર જી :

મારે માથે શત્રુ અનંત છે, મુને મુવો કહેશે ફોક જી;
મણિ વિના નારી નહીં માને, દેખતાં જાયે જમલોક જી."
(કડવું : ૨૨, કડી : ૨૧, ૨૨)

મોટાભાગની કથાઓમાં નાયક ખલપાત્રના મૃત્યુનું રહસ્ય જાણી લે છે. જ્યારે અહીં 'નાયિકાનાં મૃત્યુનું રહસ્ય' ખલનાયક જાણી જાય છે. આપણી કેટલીક તિલસ્માતી લોકકથાઓમાં રાક્ષસનાં મૃત્યુનું રહસ્ય જાણી લઈને નાયક રાજકુમારીને તેના પંજામાંથી છોડાવે છે તે ઘણું પ્રસિદ્ધ છે. પરંતુ અહીં ખલપાત્ર દ્વારા નાયકનું જીવન વેરાન બને છે. તેને કારણે પુનઃ સજીવન અને સહાયક પ્રાણી જેવાં અન્ય કથાઘટકોની શક્યતા પણ ઊભી થાય છે. પાતાલકેતુ મદાલસાના મૃત્યુનું રહસ્ય જાણી લે છે. રહસ્ય જાણી લેતા તે પ્રપંચ કરીને ગમે તે ભોગે ઋતુધ્વજનાં હાથનો મણિ છોડાવવાનું વિચારે છે. મદાલસા મૃત્યુ પામશે તો ઋતુધ્વજ આપોઆપ મૃત્યુ પામશે. એ દ્વારા પાતાલકેતુ ભાઈના મૃત્યુનો બદલો પણ લેશે અને મદાલસા પોતાને ના મળી તો ઋતુધ્વજને શા માટે મળે ? એ રીતે પણ જોતાં આ કથામાં 'શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવા'નું કથાઘટક કથાસંરચનામાં ખૂબ જ કાર્યસાધક પૂરવાર થાય છે.

- **કપટીરૂપધારણ (વેશપલટો) :**

'મદાલસા-આખ્યાન'માં 'કપટી રૂપધારણ'નું કથાઘટક પ્રયોજાયું છે. અહીં પાતાલકેતુ બ્રાહ્મણનું-રૂપધારણ કરે છે. અહીં રૂપધારણનો મુખ્ય હેતુ પોતાની ઓળખ છૂપાવીને પોતે જે કાર્ય કરવા આવ્યો છે તેમાં સફળ થવાનો છે. બ્રાહ્મણનું-રૂપધારણ કરેલો પાતાલકેતુ સરોવર કિનારે સ્નાન કરતા ઋતુધ્વજ પાસે આવે છે :

"દિવસ સાત જાવા દઇ આવ્યો લેઇ વૃદ્ધ વિપ્રનું રૂપ જી,
પેલા નાગને અસૂર થયું ત્યારે આવ્યો સરોવર ભૂપ જી."
( કડવું : ૨૩, કડી : ૪ )

ઋતુધ્વજ આ (કટપી) વિપ્રને દુઃખી થયેલો જૂએ છે ને દુઃખનું કારણ પૂછે છે. ત્યારે વિપ્રરૂપી પાતાલકેતુ ઋતુધ્વજને કહે છે : 'મારા પુત્રના વિવાહ એક બ્રાહ્મણકન્યા સાથે નક્કી થયા છે. એ બ્રાહ્મણકન્યા એવું કહે છે કે હું ત્યારે જ પરણું જ્યારે મને કોઇ મદાલસાનો મણિ લઇ આપે. જેથી હું અયોધ્યાનગરીમાં મદાલસા પાસે મણિ લેવા જાઉં છું.' વિપ્રની વિતકકથા સાંભળીને ઋતુધ્વજ એકાએક પોતાના હાથનો મણિ તેને આપી દે છે.

મણિ લઇને વિપ્રરૂપી પાતાલકેતુ અયોધ્યા આવે છે. અયોધ્યાનગરીમાં આવીને તે કારમું આક્રંદ કરે છે. સૌને ઋતુધ્વજનાં મૃત્યુના સમાચાર આપે છે. મદાલસા આ વાત માનવા તૈયાર નથી. પરંતુ, જ્યારે વિપ્ર મદાલસાને મણિ બતાવે છે ત્યાં મદાલસાનું તાળવું ફાટી જાય છે ને મૃત્યુ પામે છે.

આ આખ્યાનમાં 'કપટી રૂપધારણ'નું કથાઘટક મહત્ત્વનું પરિબળ બની રહે છે. જે મદાલસાને છેક મૃત્યુ સુધી લઇ જાય છે. વળી 'કપટી રૂપધારણ' કરીને પાતાલકેતુ પોતાના ભાઇનાં મૃત્યુનો બદલો પણ લે છે અને ઋતુધ્વજના વનગમન માટેની પૃષ્ટભૂમિ પણ રચી આપે છે.

- **વિશિષ્ટ પદાર્થ : મણિ :**

પ્રેમાનંદકૃત 'મદાલસા-આખ્યાન'માં 'વિશિષ્ટ પદાર્થ'નું કથાઘટક આલેખન પામ્યું છે. આ વિશિષ્ટ પદાર્થ મણિ છે. આ 'વિશિષ્ટ પદાર્થ- મણિ'માં કોઇ ચમત્કાર કે અદ્દભુત તત્ત્વ નથી. પરંતુ તેમાં અસાધારણ ગુણ રહેલો છે. આ મણિ મદાલસા અને ઋતુધ્વજના જીવનમાં અસરકારક નીવડે છે. અયોધ્યામાં આવીને ઋતુધ્વજ અને મદાલસાના લગ્ન થાય છે. મદાલસા પોતાના હાથનો મણિ ઋતુધ્વજનાં હાથમાં બાંધે છે ને કદી પોતાનાથી મણિ અળગો નહિ કરવાની સલાહ આપે છે :

પ્રીત વાધી નવનવી શ્યામાને સ્વામીનો સાથ,
મદાલસાએ મણિ હાથનો રે બાંધ્યો પિયુને હાથ.

સતી વળી એમ ઊચરે : સાંભળો, માહારા સ્વામ !
મણિ દેખીશ તમથી વેગળો, હું મરીશ તેણે ઠામ.

કોને ધીરશો ના, નાથજી ! આપણે માથે છે દુશ્મન,
પાતાલકેતુ હશે ખોળતો તજી ઉદક ને અન્ન.

જૂઠી વાત ઉડાડશે રે જ્યારે તમો જાશો ગામ ;
મણિ આવશે એકલો રે, હું મરીશ તેને ઠામ."
(કડવું : ૨૧, કડી : ૨, ૩, ૪, ૫)

મણિમાં એવો વિશિષ્ટ ગૂણ રહેલો છે કે જો આ મણિ કોઇ બીજાના હાથમાં જાય તો મદાલસાનું મૃત્યુ થશે. પાતાલકેતુને મદાલસાએ ઋતુધ્વજના હાથમાં બાંધેલા મણિની જાણ થાય છે. જેથી પાતાલકેતુ કપટપૂર્વક એ મણિ ઋતુધ્વજનાં હાથમાંથી છોડાવી લે છે. મણિ છૂટતા મદાલસા મૃત્યુ પામે છે. આ દ્દષ્ટિએ જોતાં મણિ મદાલસાનાં મૃત્યુનું કારણ બને છે. મદાલસાના જીવનનો આધાર જ આ મણિ હોય છે. બીજી તરફ ઋતુધ્વજના જીવનમાં આ મણિ બહુ મોટી ભૂમિકા ભજવે છે. મદાલસા મૃત્યુ પામતાં ઋતુધ્વજનું જીવન વેરાન વન સમું બની જાય છે. તે ગૃહત્યાગ કરી દે છે ને જોગીની માફક પોતાનું જીવન જીવે છે. આમ, કથામાં વળાંક લાવવામાં આ કથાઘટક મહત્ત્વની કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

- **મૃત સંજીવન :**

'મદાલસા આખ્યાન'માં 'મૃતસંજીવન'નું કથાઘટક પ્રયોજાયું છે. મદાલસા મૃત્યુ પામતા ઋતુધ્વજનું જીવન કરુણ બની જાય છે. જેથી નાગકુમારો સઘળી વાત પોતાના પિતાને કરે છે. પિતા મદાલસાને પુનઃ જીવીત કરવા માટે શિવ પાસે વરદાન માંગે છે. શિવ વરદાન આપતા કહે છે :

"જમુના તીરે જાઓ, કહું રે એનું છે અનુપાન;
શ્રાદ્ધ કરજો જઇ એહનું, આપજો ત્રણ પિંડનું દાન.

મધ્યપિંડ વિડારી જોજો, નીસરશે ત્રણ ફેણનો વિષધારીઃ
તેહની મધ્યની ફેણ વિડારી જોજો, નીસરશે મદાલસા નારી."
(કડવું : ૩૦, કડી : ૧૨,૧૩)

શિવ જે પ્રમાણે કહે છે તેમ નાગના પિતા જમુના તટે જઇને શ્રાદ્ધ કરે છે. મધ્યપીંડને વિડારે છે. જેમાંથી ત્રણ ફેણનો મણિધર સાપ નીકળે છે. મધ્યની ફેણ વિડારતા તેમાંથી મદાલસા નીકળે છે. આ રીતે શિવના વરદાન નિમિત્તે મૃત્યુ પામેલી મદાલસા પુનઃ જીવીત થાય છે. આ કથાઘટક દ્વારા મદાલસા જીવીત થતાં ઋતુધ્વજ હર્ષ પામે છે, આનંદિત થઇ ઊઠે છે. તે પૂર્વવત પોતાનું જીવન શરૂ

કરે છે. આમ, 'મૃતસંજીવન'ના કથાઘટકમાં ચમત્કારનું તત્ત્વ આલેખાયું છે. મૃત મદાલસા જીવંત થતા કથા રોચક અને રસપ્રદ બને છે. પ્રેમાનંદે આ કથાઘટકનું આલેખન ભાવકના મનમાં કુતૂહલ પ્રેરે એવી રસિકતાથી કર્યું છે.

❖

## હૂંડી :

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં પૌરાણિક ચરિત્રોની અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. જેમકે અભિમન્યુ, મદાલસા, નળ, દમયંતી, દ્રૌપદી, ઓખા, હરિશ્ચંદ્ર વગેરે. જૈન કથાસાહિત્યમાં જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવનું ચરિત્ર પણ અનેક કવિઓનાં હાથે આલેખન પામ્યું છે. એ જ પ્રમાણે મધ્યકાલીન ભક્ત કવિ નરસિંહના જીવનના જુદા જુદા પ્રસંગોનો આધાર લઈને ઘણા કવિઓએ કથાનકો આલેખ્યાં છે. જેમકે મીરાં રચિત 'નરસિંહરાં માહ્યરાં', મોતીરામકૃત 'નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ', દયારામકૃત 'નરસિંહ મહેતાની હૂંડી' વગેરે. આખ્યાન કવિ પ્રેમાનંદે નરસિંહના જીવનનાં જુદા જુદા પ્રસંગોનો આધાર લઈને હૂંડી, મામેરું, પુત્રનો વિવાહ, શ્રાદ્ધ જેવાં કથાકાવ્યોની રચના કરી છે. 'હૂંડી' નરસિંહના જીવનમાં બનેલો એક મહત્ત્વનો પ્રસંગ છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં પ્રેમાનંદ ઉપરાંત અન્ય કવિઓ પાસેથી પણ 'હૂંડી' વિષયક રચનાઓ પ્રાપ્ત થાય છે. તે નીચે મુજબ છે.

હૂંડી, કૃષ્ણદાસ / કૃષ્ણોદાસ, લે.ઈ. ૧૬૫૭ કડી ૫૫(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૬૬)

હૂંડી, નરસિંહ-૧, ૫દ(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ. ૨૦૯)

હૂંડી, પ્રેમાનંદ, ૨ ઈ. ૧૬૭૭ કડવાં ૭(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૬૧, ૪૯૭)

હૂંડી, રતનિયો(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૪૦)

હૂંડી, શ્રીવંત(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૪૨)

હૂંડીનું પ્રબંધ, કૃષ્ણદાસ / કૃષ્ણોદાસ(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૬૬)

'હૂંડી' આખ્યાનમાં ભક્ત અને ભગવાનનો મહિમાં દર્શાવ્યો છે. પ્રેમાનંદે આ કથાને ૭ કડવામાં વિભાજિત કરીને આલેખી છે અને તેમાં વિવિધ કથાપ્રસંગોની રંગપૂરણી કરી છે. જેમકે તીરથવાસીનું જૂનાગઢમાં આગમાન, નાગર બ્રાહ્મણની તીરથવાસી સાથે છેતરપીંડી, તીરથવાસી અને નરસિંહનું મિલન, નરસિંહેં શામળશાશેઠના નામની 'હૂંડી' લખી આપવી, તીરથવાસીનું દ્વારિકાગમન, દ્વારિકામાં શામળશાશેઠની શોધ, ભગવાનનું તીરથવાસીને શેઠના રૂપમાં મળવું. આ દરેક પ્રસંગોનું આલેખન પ્રેમાનંદે રસપૂર્વક કર્યું છે. 'હૂંડી' આખ્યાનમાં નીચે મુજબનાં કથાઘટકો આલેખાયાં છે, તેને વિગતે તપાસીએ :

- **પ્રભુની ભક્તને સહાય.**

આ કથાનકમાં કૃષ્ણ શામળશા શેઠનું રૂપ ધારણ કરે છે. તીરથવાસી દ્વારિકામાં શામળશા શેઠને શોધે છે. પરંતુ શામળશા શેઠ તેને ક્યાંય મળતા નથી. ત્યારે કૃષ્ણ શામળશા શેઠનું 'રૂપધારણ' કરીને તીરથવાસી પાસે આવે છે :

"કો ભારે માણસ ભાસે રે, ભલા વાણોતર છે પાસે રે,
હૂંડીવાળો એમ વદે વાણી રે, મળ્યો શામળશા અંગ એંધાણી રે."
(કડવુ : ૬, કડી : ૧૬)

શામળશા શેઠ તીરથવાસીને મળે છે. તીરથવાસી શેઠને જોતા શાતા અનુભવે છે. અને નરસિંહે લખેલી 'હૂંડી' શેઠને આપે છે. 'હૂંડી'ના અક્ષરો શામળશા શેઠ ઓળખે છે. તેને હૃદયે ચાંપે છે. શામળશા શેઠ પોતાને નરસિંહના વાણોતર તરીકે ઓળખાવે છે. વધુમાં કહે છે કે મારો પરિવાર નરસિંહના આસરાથી જીવે છે. આ રીતે આ કથાઘટક દ્વારા કૃષ્ણ શામળશા શેઠના રૂપે તીરથવાસીને મળતાં નરસિંહ પ્રત્યેની તેની અશ્રદ્ધા શ્રદ્ધામાં પલટાઈ જાય છે. 'પ્રભુની ભક્તને સહાય' એ કથાઘટક 'હૂંડી' આખ્યાનની કથાસંરચનાનું મહત્ત્વનું કથાઘટક બની રહે છે.

❖

## સુદામાચરિત્ર :

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં વિષયવૈવિધ્ય ઘણું જોવા મળે છે. આ કથાસાહિત્યમાં એકબાજુ હંસાઉલિ, માધવાનલ-કામકંદલા પ્રબંધ, નળાખ્યાન જેવાં પ્રેમકથાનકો પ્રાપ્ત થાય છે. તો બીજીબાજુ સુધન્વા, મદાલસા, હરિશ્ચંદ્ર, સુદામા જેવા ભક્તચરિત્રનાં કથાનકો પણ પ્રાપ્ત થાય છે. કૃષ્ણ અને સુદામાની કથા મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં ખૂબ જ પ્રચલિત અને રસપ્રદ બની. તેને અનેક કવિઓએ આલેખી છે જે નીચે મુજબ છે :

સુદામા આખ્યાન, મેઘજી (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૩૨૩)

સુદામાખ્યાન, ગંગાદાસ લે.ઈ.૧૬૬૦ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૮૩)

સુદામાચરિત્ર, આશારામ-૧, ર.ઈ.૧૭૫૦/ર.સં.૧૮૦૬ શ્રાવણ વદ-૩ મંગળવાર કડી ૭૮ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૩)

સુદામાચરિત્ર, કૃષ્ણોદાસ-૧, ર.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩ ભાદરવા સુદ-૯ શનિવાર કડવાં ૧૩ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૬૮)

સુદામાચરિત્ર, જગન્નાથ-૧, લે.ઈ.૧૭૦૫ કડી ૬૮ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ. ૧૦૯)

સુદામાચરિત્ર, દુર્લભ-૧, પદો ૩૭ પૃ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૭૭)

સુદામાચરિત્ર : નરસિંહ, પદ ૮ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૦૯, ૪૬૬)

સુદામાચરિત્ર : પ્રેમાનંદ-૨, ર.ઈ.૧૬૮૨/સં.૧૭૮૩ શ્રાવણ સુદ-૩ મંગળાર/શુક્રવાર કડવાં ૧૪ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૬૨, ૪૬૬)

સુદામાચરિત્ર, ભગવાનદાસ-૧, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૭૩)

સુદામાચરિત્ર, મોતીરામ-૧, પદ ૯ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૨૮)

સુદામાજીના કેદારા, નરસિંહ-૧, મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૦૮, ૪૬૬)

સુદામાજીના ચંદ્રવાળા, જેકૃષ્ણદાસ, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૩૯)

સુદામાપુરી, કુંઅરદાસ(?) ર.ઈ.૧૫૬૫/સં.૧૬૨૧ માગશર સુદ-૧૫ કડવાં ૧૦ (ગુ. સા. કો. મધ્યકાળ, પૃ.૪૬૬)

સુદામાસાર, સોમ-૧ કડી ૭૧ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૭૪)

'સુદામા'ની કથાનાં મૂળ 'શ્રીમદ્ભાગવત'ના 'દશમસ્કંધ'(અ.૮૦-૮૧) માં પ્રાપ્ત થાય છે. તેને આધારે પ્રેમાનંદે 'સુદામાચરિત્ર'નું કથાનક ૧૪ કડવામાં વિભાજિત છે. આ કથાને ઘડવામાં સૌથી નોંધપાત્ર અને ધ્યાનપાત્ર કથાઘટક નીચે પ્રમાણે છે :

- **પ્રભુની ભક્તને સહાય :**

સુદામા અજાચક બ્રાહ્મણ છે. તે કોઈની પાસે હાથ ધરતા નથી. ઘરની દશા કંગાલ છે. બાળકો ભૂખથી તરફડે છે. ત્યારે પત્ની સુદામાને કૃષ્ણ પાસે જવાનું કહે છે પણ સુદામાનું મન માનતું નથી. જ્યારે પત્ની વારંવાર કૃષ્ણ પાસે યાચવાનું કહે છે ત્યારે સુદામા મિત્ર કૃષ્ણ પાસે તાંદુલની પોટલી લઈ દ્વારિકામાં જવા તૈયાર થાય છે. સુદામા દ્વારિકામાં આવ્યા છે તેની જાણ કૃષ્ણને થતાં તે જાતે જ પગરખાં પહેર્યા વગર સુદામાનું સ્વાગત કરવા દોડી જાય છે. આ જોઈ સૌ આશ્ચર્ય પામે છે. અજાચક સુદામા મિત્ર પાસે જાચવા આવ્યા હોય છે પરંતુ મિત્રનો વૈભવ જોઈને કશું માંગી શકતા નથી. કૃષ્ણ સુદામાની તાંદુલની પોટલી જોઈ જાય છે ને તે ખાય છે. તાંદુલ આરોગતાં જ સુદામાનાં ઘરની પરિસ્થિતિ બદલાય છે :

"તાંદુલ જવ મુખ માંહે મૂક્યા, ઊડી છાપરી આકાશ ;
તેને સ્થાનક સુદામાને થયા સપ્ત ભોમના આવાસ.

ઋષિપત્ની થઈ રુક્મિણી સરખી, થયા સાંબ સરીખા પુત્ર;
વૈભવને શું કવિ વખાણે? જેવું કૃષ્ણનું ઘરસૂત્ર.

અષ્ટ મહાસિદ્ધિ ને નવ નિધિ, તે મોકલી વણમાગી;
તે સુદામોજી નથી જાણતા જે ભવની ભાવટ ભાગી."
(કડવું : ૧૧, કડી : ૧૮,૧૯ ૨૦)

આ કથાઘટક કથામાં કાર્યસાધક એ રીતે બને છે કે સુદામા કૃષ્ણ પાસે જાચકકર્મ કરી શકતા નથી. કૃષ્ણ સુદામાની મનઃ સ્થિતી પારખી જાય છે. સુદામા કૃષ્ણથી છૂટાં પડે છે ત્યાં સુધી તે કૃષ્ણ પાસે કંઈ માંગી શકતા નથી. સુદામાને ભારોભાર દુખ થાય છે. સુદામા પોતાને ગામ આવે છે ત્યાં ઝૂપડીની જગ્યાએ એક મહેલ હોય છે. ઘડીકવાર પત્ની અને બાળકો ન જોતા તે દુખ પામે છે.

એવામાં પત્નીને જોતા આશ્ચર્ય પામે છે. પત્ની સઘળી વાત કરે છે. આ દ્દષ્ટિએ આ કથાઘટક કૃતિમાં ઉપકારક બને છે.

❖

## ■ મામેરું :

અભિમન્યુ, પ્રહલાદ, ધ્રુવ, ચંદ્રહાસ, સુદામા જેવા પૌરાણિક ભક્તોનાં કથાનકો મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં વિખ્યાત બન્યાં છે. એ જ પ્રમાણે મધ્યકાળમાં ભક્ત નરસિંહનું જીવન અને તેમનાં જીવનમાં બનેલી ઘટનાઓ ખૂબ લોકપ્રિય અને પ્રસિદ્ધ રહ્યાં છે. મધ્યકાળના અનેક કવિઓએ નરસિંહના જીવનપ્રસંગોને ધ્યાનમાં રાખીને વિવિધ કથાનકોનું આલેખન કર્યું છે, કેમકે નરસિંહ મહેતાનું જીવન અનેક ચમત્કારોથી ભર્યું-ભર્યું રહ્યું છે. એથી મધ્યકાળનાં કવિઓને એમાં રસ પડે એ સ્વાભાવિક છે. આ સૌ પ્રસંગોમાં ‘મામેરું’ એ નરસિંહનાં જીવનનો અત્યંત મહત્ત્વનો પ્રસંગ છે. આ કથાનકમાં સમાજ દ્વારા થતી ભક્તની કસોટી અને ભગવાન દ્વારા થતાં ભક્તનાં મહિમાનું આલેખન થયું છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં ‘મામેરુ’નાં પ્રસંગને કેન્દ્રમાં રાખીને જે કથાકૃતિઓ પ્રાપ્ત થાય છે તે નીચે પ્રમાણે છે :

કુંવરબાઇનું મામેરું, દયારામ-૧/દયાશંકર, કડી ૨૩ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૬૪)
કુંવરબાઇનું મોસાળું, મોતીરામ-૧, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૨૮)
મામેરું, અજ્ઞાતકવિ , લે.ઇ.૧૭૪૭ કડી ૨૧૭ કડવાં ૪ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૧૧)
મામેરું, કૃષ્ણદાસ/કૃષ્ણોદાસ , લે.ઇ. ૧૬૭૨ કડી ૧૦૭ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ,પૃ.૬૬)
મામેરું, ગોવિંદ, લે.ઇ.૧૬૭૨ લકભગ કડવાં ૬ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ,પૃ.૯૬)
મામેરું, તુલસીદાસ, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૫૬)
મામેરું, નરસિંહ-૧, પદ ૨૦/૨૫ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૦૮, ૩૧૧)
મામેરું, પ્રેમાનંદ-૨, ર.ઇ.૧૬૮૩/સં.૧૭૩૯ આસો સુદ-૯ રવિવાર કડવાં ૧૬ કડી ૬૦૨ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૬૨)
મામેરું, વિષ્ણુ, લે.ઇ.૧૮૦૬ લગભગ (ગુ.સા.કો.મધ્યકાળ,પૃ.૪૧૮)

મોસાળા ચરિત્ર, વિશ્વનાથ જાની, ર.ઈ.૧૬૫૨/સં.૧૭૦૮ ચૈત્ર વદ ૧૩ શનિવાર કડવાં ૨૧
મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૨૮)
મોસાળું, વિષ્ણુદાસ-૧, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૧૯)
મોસાળું : હરિદાસ-૫, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૮૪)

પ્રેમાનંદે 'મામેરું'ની કથાને ૧૬ કડવામાં વિભાજિત કરી છે. તેમાં ભાભીનાં કટુવચન, નરસિહનેઈશ્વરપ્રાપ્તિ, સમોવણનો પ્રસંગ, કુંવરબાઈની આશંકા, ઈશ્વરનું મામેરું કરવું આ દરેક પ્રસંગનું રસપૂર્વક આલેખન કર્યું છે. આ કથાનકને વેગ આપવા, તેના કથાવસ્તુને બળ આપવા, તેના પાત્રાલેખનમાં રંગપૂરણી કરવા કવિએ કેટલાંક કથાઘટકો પ્રયોજ્યાં છે. 'મામેરુ' આખ્યાનમાં નીચે પ્રમાણેનાં કથાઘટકો આલેખન પામ્યાં છે :

- **ગૃહત્યાગ**
- **મહેણું**
- **અગ્નિદિવ્ય**
- **રૂપધારણ**

ઉપરોક્ત મહત્ત્વનાં કથાઘટકો 'મામેરુ' આખ્યાનમાં પ્રયોજાયાં છે આ મહત્ત્વનાં કથાઘટકોને હવે વિગતે તપાસીએ.

- **ગૃહત્યાગ :**

'મામેરું' આખ્યાનમાં નરસિંહનાં ગૃહત્યાગમાં ભાભી નિમિત્ત બને છે. ભાભી તેને કટુવચન કહે છે. જેથી નરસિંહનાં હૃદયમાં એ કટુવચનો વજ્ર સમાન વાગે છે. જેથી માઠું લાગતાં તે 'ગૃહત્યાગ' કરે છે :

"ભાભીએ વજ્રવચન કહ્યું, મહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘર તણો, મહેતો ગયા તપ કાજ."
(કડવું : ૧, કડી : ૩)

'ગૃહત્યાગ'નું આ કથાઘટક નરસિંહનાં સમગ્ર જીવનમાં મહત્ત્વનું બની રહે છે. 'ગૃહત્યાગ' નિમિત્તે તે શંકરની આરાધના કરે છે. નરસિંહની આરાધનાથી ભગવાન શિવનો સાક્ષાત્કાર થાય છે. તેની ભક્તિથી પ્રસન્ન થઇ શિવ વરદાન માંગવા કહે છે. ત્યારે તે કૃષ્ણની રાસલીલાનાં દર્શન કરાવવાનુ માંગે છે. એથી શિવ નરસિંહને કૃષ્ણની રાસલીલાનાં દર્શન કરાવે છે. નરસિંહનાં કૃષ્ણનાં દર્શન ક્ષણ પૂરતાં મર્યાદિત નથી બની રહેતાં, પરંતુ એ દર્શન ભવોભવનાં બની રહે છે. જેથી કૃષ્ણ નરસિંહને કહે છે :

"મસ્તક પર હાથ મૂકી કહે શ્રીગોપાળ :
દુખવેળા હુંને સંભારજે, હું ધાઇ આવીશ તત્કાળ."
(કડવું : ૨, કડી : ૭)

'ગૃહત્યાગ'નાં કથાઘટક વડે નરસિંહ શિવનાં દર્શન પામે છે, કૃષ્ણનાં દર્શન પામે છે. ભક્ત અને ભગવાનનો નાતો બંધાય છે. ભક્ત અને ઇશ્વરનો મહિમાં બંધાય છે. નરસિંહનાં જીવનમાં આવનાર આપત્તિઓ, દુઃખ અને સમસ્યાઓનું ભગવાન સમાધાન કરવાનાં છે. એ દૃષ્ટિએ જોતાં આ કથાઘટક નરસિંહનાં જીવનમાં તો ખરું જ, પરંતુ 'મામેરું'ની કથાસંરચનાનો વિકાસ સાધે છે.

- **મહેણું :**

'મામેરું' આખ્યાનમાં 'મહેણાં'નું કથાઘટક આલેખન પામ્યું છે. કુંવરબાઇની સાસુ કુંવરબાઇને 'મહેણું' મારે છે. કુંવરબાઇનાં સીમંતનો પ્રસંગ આવે છે ત્યારે કુંવરબાઇ પોતાના સાધુ પિતાને કંકોત્રી મોકલવાનું કહે છે. એ વખતે કુંવરબાઇની સાસું બોલે છે :

"વહુઅર ! તુંને શું ઘેલું લાગ્યું ? મા મૂઇ ત્યારે મહિયર ભાંગ્યું;
જે તાલ વજાડી ગાતો ફરે, ઉદર નાચી-કૂદીને ભરે.

દારિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું ક્યાંહાંથી કરે ?
જે સગાંથી અર્થ નવ સરે, તેહને શું થાયે નોતરે ?"
(કડવું : ૩, કડી : ૧૬,૧૭)

કુંવરબાઇથી આ મ્હેણું સહન થતું નથી. સાસુ પિતાની ગરીબીનાં 'મહેણાં' મારે છે. આ 'મહેણાં'થી કુંવરબાઇને લાગી આવે છે. છેવટે સાસરિયાઓ કમને નરસિંહને 'મામેરું'માટે

આમંત્રણ મોકલાવે છે. આમ, 'મહેણાં' નિમિત્તે જ નરસિંહને કુંવરબાઈની સાસરીમાં આવવાનો પ્રસંગ મળે છે.

- **અગ્નિદિવ્ય :**

'અગ્નિદિવ્ય'નું કથાઘટક 'મામેરું' આખ્યાનમાં મહત્ત્વનું બની રહે છે. આ કથાઘટક સમોવણના પ્રસંગ વખતે આલેખન પામ્યું છે. એક રીતે જોઈએ તો આ કથાઘટકમાં ભક્તિની કસોટી આલેખાઈ છે. નરસિંહ મામેરાં પ્રસંગે કુંવરબાઈની સાસરીમાં આવે છે. અહીં, નરસિંહ સ્નાન કરવાં બેસે છે ત્યારે તેને ઉકળતું પાણી આપવામાં આવે છે. નરસિંહ ઉષ્ણોદક જોઈને ઠંડુ પાણી માંગે છે ત્યારે :

"સમોવણ નહિ આપો, શામળા ! તો મોસાળું કરશો ક્યંમ રે ?
એહવું સ્તવન મહેતાનું સાંભળી ઘન પ્રેર્યો શ્રીપરિબ્રહ્મ રે.

પળપત્રમાં અભ્રઘટા થઈ, ચોદિશ વ્યાપ્યો અંધકાર રે;
ગગન વિષે ઘન ગડગડે, થાય વીજળીના ચમકાર રે."
(કડવું : ૯, કડી : ૫,૬)

નરસિંહ ઈશ્વરની સ્તુતિ કરીને મલ્હાર રાગ છેડે છે. એ જ સમયે આકાશમાંથી મેઘ વરસે છે. આમ, આ કથાઘટક વડે કથામાં 'મામેરું'ના આવનાર પ્રસંગમાં ઈશ્વર નરસિંહને સહાય થવાના છે તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. આમ, આ કથાઘટક કથામાં ઉપકારક બની કથાનાં વિકાસમાં મદદરૂપ થાય છે.

- **રૂપધારણ :**

'મામેરું' આખ્યાનનું સૌથી નોંધપાત્ર, ધ્યાનપાત્ર અને વિલક્ષણ કથાઘટક 'રૂપધારણ'નું છે. આ કથાનકમા ઈશ્વર દામોદર દોશી અને દેવી કમળાશેઠાણીનું રૂપધારણ કરે છે. અહીં 'રૂપધારણ' પોતાની ઓળખ છૂપાવવા કરવામાં આવ્યું છે, જેથી પોતે જે કાર્ય કરવાં આવ્યાં છે તે કરી શકે :

“ભક્ત નરસૈયાનું દુખ જાણી રે, ઊઠી ધાયા પુરુષ પુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મીજી શેઠાણી રે.”
(કડવું : ૧૩, કડી : ૧)

કથામાં સમસ્યા આવીને ઉભી છે કે કુંવરબાઈનું મામેરું થશે કે કેમ? પિતા ગરીબ છે, મામેરું કરવા સક્ષમ નથી, સાસરિયા અને નાગરીનાત આ વાત જાણે છે. એ સમયે ‘રૂપધારણ’ કરીને બંને પાત્રો કથામાં આવે છે ને કુંવરબાઈનું મામેરું ધામધૂમથી કરાવે છે. એક દૃષ્ટિએ આ કથાઘટક વડે ગુજરાતની સામાજિક-સંસ્કૃતિનું આલેખન કરવામાં આવ્યું છે. છતાં, ‘રૂપધારણ’નું કથાઘટક સમગ્ર આખ્યાનમાં મહત્વનું બને છે.

❖

## સુધન્વા આખ્યાન :

ભારતીય કથાસાહિત્યને ઘડવામાં ‘રામાયણ’ અને ‘મહાભારત’નો ફાળો ઘણો મોટો છે. મધ્યકાળમાં ‘રામાયણ’ અને ‘મહાભારત’ આધારિત અનેક કથાકૃતિઓ પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન કથાસાહિત્યમાં ‘નળકથા’, ‘અભિમન્યુકથા’ જેમ ‘સુધન્વા’ની કથા પણ ઘણી પ્રસિદ્ધિ પામી છે. ‘સુધન્વા’ની કથા મધ્યકાલીન જનમાનસમાં ઘણી લોકપ્રિય રહી હોવાના પુરાવા મળે છે. ‘સુધન્વા’ના ચરિત્રને અનેક મધ્યકાલીન ભક્ત કવિઓએ પોતાનો કાવ્ય વિષય બનાવ્યો છે ; જેમકે-

સુધન્વા આખ્યાન, કૃષ્ણદાસ/કૃષ્ણોદાસ, લે.ઈ.૧૮૧૧ કડી ૩૭૮ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૬૬)
સુધન્વા આખ્યાન, ગોવિંદ-૧, ર.ઈ.૧૬૪૯/સં.૧૭૦૫ શ્રાવણ સુદ ૨ બુધવાર કડવાં ૧૫ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૯૬)
સુધન્વા આખ્યાન, નાકર(દાસ)-૧, કડી ૭૫૦ કડવાં ૨૯ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૧૬)
સુધન્વા આખ્યાન, પ્રેમાનંદ-૨, ર.ઈ.૧૬૮૪/સં.૧૭૪૦ કારતક સુદ-૯ મંગળવાર/શુક્રવાર કડવાં ૨૫ (ગુ.સા.કો.મધ્યકાળ,પૃ.૨૬૩)

સુધન્વા આખ્યાન, વિષ્ણુદાસ-૧, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૧૯)
સુધન્વાખ્યાન, પોઠો/પોડો, કડવાં ૮ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૫૨૧)
સુધન્વાખ્યાન , હરિદાસ, ર.ઈ.૧૬૭૮ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૮૩)

'સુધન્વા આખ્યાન'નું કથાવસ્તુ 'મહાભારત'નાં 'અશ્વમેધપર્વ'માંથી લીધું છે. પ્રેમાનંદે આ કથાનકને ૨૫ કડવામાં વિભાજત કરીને રસપૂર્વક આલેખ્યું છે. 'સુધન્વાખ્યાન'માં પાંડવોનાં અશ્વમેઘયજ્ઞના અશ્વનુ હરણ, સુધન્વાની સજા, સુધન્વા-અર્જુન વચ્ચે યુદ્ધ, કૃષ્ણને અર્જુનની સહાય વગેરે મહત્ત્વના પ્રસંગો આલેખાયા છે. આ કથાપ્રસંગોને વેગ આપવામાં જે કેટલાંક મહત્ત્વનાં કથાઘટકો આલેખયાં છે. તે નીચે પ્રમાણે છે :

- **રાજાજ્ઞા ભંગ થતા સજા.**
- **અગ્નિદિવ્ય**
- **પ્રભુની ભક્તને સહાય**
- **યુદ્ધે વિઘ્નમુક્તિ**

'સુધન્વા આખ્યાન'માં ઉપર મુજબનાં કથાઘટકો પ્રયોજાયાં છે. આ કથાઘટકો કથાને ઘડવામાં, કથાપ્રસંગોની રંગપૂરણી કરવામાં, પાત્રાલેખનને વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે જેણે વિગતે તપાસીએ.

- **રાજાજ્ઞા ભંગ થતા સજા :**

'રાજાજ્ઞા ભંગ થતા સજા' એ 'સુધન્વાખ્યાન'ના પ્રારંભમાં આવતું કથાઘટક છે. આ કથાઘટક સમગ્ર આખ્યાનને વેગ આપનારું બની રહે છે. પાંડવો અશ્વમેઘયજ્ઞનો આરંભ કરે છે. અશ્વમેઘયજ્ઞનો  અશ્વ હંસધ્વજનાં નગરમાં આવી ચઢે છે. હંસધ્વજને જાણ થાય છે કે આ અશ્વ તો પાંડવોનો છે. તેથી હંસધ્વજ કૃષ્ણનાં દર્શન માટે એ અશ્વને રોકે છે. અર્જુનને આ વાતની જાણ થતાં તે યુદ્ધ કરવા સજ્જ થાય છે. હંસધ્વજ પણ સૌ નગરજનોને યુદ્ધમાં તૈયાર થવાની આજ્ઞા આપે છે. સુધન્વા પણ યુદ્ધે જવા તૈયાર થાય છે. એ જ સમયે સુધન્વાની પત્ની સુધન્વાને ઋતુદાન આપવાનું

કહે છે. બીજીબાજુ સૌ યોદ્ધાઓ યુદ્ધે જવા ચઢે છે ત્યારે સુધન્વા, પત્નીને ઋતુદાન આપે છે. સૌ યોદ્ધાઓની વચ્ચે રાજાને માલૂમ થાય છે કે સુધન્વા યુદ્ધે આવ્યો નથી. જેથી તે કોપાયમાન બને છે. સુધન્વા પોતાનો પુત્ર હોવા છતા રાજા તેને સજા આપે છેઃ

"પુરોહિતની વ્યંગ્યવાણી સુણી હંસધ્વજ કોપ્યો ઘણું,
જાઓ, સુધન્વાને બાંધી લાવો, જો વચન લોપ્યું અમ તણું,

છે તિલકધારી, દુરાચારી, નારીની સંગે રહ્યો,
હું જોઉ ના એ દુષ્ટને, વધ કરવા જોગ મારે એ થયો."
(કડવું : ૬, કડી : ૪, ૫)

'રાજાજ્ઞા ભંગ થતા' સુધન્વાને સજા પ્રાપ્ત થાય છે. સજા પણ ગરમ ગરમ ઉકળતા તેલમાં નાખવાની. યુદ્ધ નિમિત્તે રાજા પાવો વગડાવે છે. સૌએ યુદ્ધમાં જવાનું છે એ નક્કી છે. કોઇ યુદ્ધે નહિ ચઢે તો રાજા સજા કરશે એ નિશ્ચિત છે. સુધન્વા આ વાતને બરાબર જાણે છે છતાં તે યુદ્ધે પહોંચી શકતો નથી. સજા દરેક માટે સમાન હોય પછી એ રાજા હોય કે રંક, રાજપુત્ર હોય કે સામાન્ય જણ હોય. રાજા પોતાના પુત્રને પણ સજા આપવા તૈયાર થાય છે. આ કથાઘટક કથાને જુદી દિશા આપે છે. ભાવક કે વાચકનાં મનમાં સહજ પ્રશ્ન થઇ ઊઠે કે રાજા પોતાના પુત્રને સજા આપશે કે કેમ? સજા પામેલા સુધન્વાનું શું થશે? આ સજામાંથી સુધન્વા પોતાને કેવી રીતે ઉગારશે? સુધન્વાને કોઇ અલૌકિક ચમત્કાર બચાવશે કે કેમ? આવા અનેક વિકલ્પો વચ્ચે પ્રેમાનંદે આ કથાઘટકને સુંદર રીતે વિકસાવ્યું છે.

- **અગ્નિદિવ્ય :**

આ કથાઘટક 'સુધન્વા આખ્યાન'માં ઘણું વિશિષ્ટ અને ધ્યાનપાત્ર બની રહે છે. સુધન્વા આજ્ઞાકારી પુત્ર છે. તે પિતાની આજ્ઞાને શિરે ચઢાવે છે. અહીં તરત આપણને રામનું પાત્ર યાદ આવે. રામને પિતાની આજ્ઞાને કારણે વનવાસ ભોગવવો પડે છે. સુધન્વાને પિતા દ્વારા ઊકળતા તેલમાં નાખવાની સજા થાય છે. તે પિતાની આજ્ઞા માનીને ઊકળતા તેલમાં પડવા તૈયાર થાય છે ; ત્યારે

"હાહાકાર થયો સેના માંહે, પ્રજા વ્યાકુળ થાયે,
તેલ-સાગરમાં નાહે સુધન્વા શામળિયાની સહાયે,
કળકળતી કઢા માંહે નહાતાં ટાઢ વૈષ્ણવને વાયે રે.
અમો ગોવિંદના૦ હમચડી૦"
(કડવું : ૧૨, પંક્તિ : ૧૮)

'અગ્નિદિવ્ય'નું કથાઘટક કથારસને દ્રવતો રાખે છે. આ કથાઘટક બધાને અજંપામાં મૂકી દે છે. સૌ માને છે કે ઊકળતા તેલનો કઢો સુધન્વાને મૃત્યુના મુખમાં ધકેલી દેશે. પરંતુ સુધન્વા હરિભક્ત છે. માતા, પત્ની, બહેન સૌ સુધન્વા માટે પ્રાર્થના કરી રહ્યાં છે. સુધન્વા જેવો ઊકળતા તેલની કઢાઈમાં પડે છે ત્યાં હરિકૃપાથી ઊકળતું તેલ શીતળ થઈ જાય છે. સુધન્વા તેલની કઢાઈમાં ડૂબકી મારે છે, બહાર નીકળે છે, કઢાને કાંઠે આવે છે. આ રીતે સતના પ્રભાવે સુધન્વા બચી જાય છે. સતનો વિજય થાય છે. સુધન્વાની ભક્તિ જોઈને હરિ તેને બચાવી લે છે. આ કથાઘટક વડે સુધન્વા છેક મૃત્યુ સુધી પહોંચી જાય છે. પરંતુ સુધન્વાનાં પક્ષમાં સત્ય છે ને સતના પ્રભાવે તે મૃત્યુમાંથી ઊગરી જાય છે. ખરેખર તો 'અગ્નિદિવ્ય'નાં આ કથાઘટક વડે ભક્ત સુધન્વાની કસોટી થાય છે. વળી, કથામાં યુદ્ધે જવાની સમસ્યા સર્જાઈ હતી તેમાં આ કસોટી ઉમેરાય છે. કસોટી નિમિત્તે ભાવકને ભક્ત સુધન્વાની શક્તિનો પરિચય થાય છે. એ દૃષ્ટિએ આ કથાઘટક કથામાં કાર્યસાધક બની રહે છે.

- **પ્રભુની ભક્તને સહાય :**

'પ્રભુની ભક્તને સહાય'નું કથાઘટક આખ્યાનમાં મહત્ત્વનું બની રહે છે. સુધન્વા અને અર્જુન વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. સુધન્વા પોતાના અસાધારણ પ્રરાક્રમ વડે યુદ્ધભૂમિમાં અર્જુનની સેનાને પરાસ્ત કરે છે. સુધન્વાનો સામનો કરવા, અર્જુન પણ અસહાય બને છે. જેથી તે સહાય માટે કૃષ્ણને પ્રાર્થના કરે છે :

"શામળિયા! કરજો મારી સહાય, પળમાત્ર સમર્યા જદુરાય,
નિમેષમાં આવ્યા અવનિાશ, બેઠા, ગ્રહ્યો પરોણો-રાસ"
(કડવું : ૧૮, કડી : ૬)

'સુધન્વાખ્યાન'ની કથામાં અર્જુન સુધન્વાને પરાસ્ત કરી શકતો નથી. સુધન્વા તેનાથી જીતાય એમ નથી. જેથી પોતાને સહાય કરવા કૃષ્ણને વિનંતી કરે છે. જો અર્જુનને કૃષ્ણની સહાય ન મળી હોત તો નિશ્ચે તેની હાર થવાની હતી. કૃષ્ણની સહાયથી અર્જુન યુદ્ધમાં વિજય મેળવે છે. અહીં ખરેખર તો કૃષ્ણને આવવા માટે વિવશ કરે તેવું સુધન્વાનું પરાક્રમ છે. પ્રભુદર્શનની ઇચ્છા પૂરી કરવામાં આ યુદ્ધ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ રીતે આ કથાઘટક કથામાં કાર્યસાધક બને છે.

- **યુદ્ધે-વિઘ્નમુક્તિ :**

આખ્યાનનાં આરંભમાં હંસધ્વજની ઈશ્વરના દર્શન કરવાની જે ઇચ્છા હતી એ ઇચ્છા આ કથાઘટક વડે પૂર્ણ થવાની છે. અશ્વમેઘ યજ્ઞનો અશ્વ હંસધ્વજ હરી લે છે. જેથી અર્જુનની સેના અને હંસધ્વજની સેના વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે.

"ત્યારે સુધન્વા કહે : જુદ્ધ કરવા થા શીઘ્ર, પાંડકુમાર !
હરિને જોઇ સંસાર જોવો તે જીવવું ધિક્કાર.

એમ કહીને ચાપ લીધું, કીધું મરણનું મંન :
શામળિયાનું દર્શન પામ્યો, વામું આવાગમંન"
(કડવું : ૧૯, કડી : ૭, ૮)

આ કથાઘટક આખ્યાનમાં એ રીતે કાર્યસાધક બને છે કે યુદ્ધ નિમિત્તે સૌને ઈશ્વરના દર્શન થાય છે. આખ્યાનના આરંભમાં હંસધ્વજની જે ઇચ્છા હતી તે પૂર્ણ થાય છે. અશ્વનું હરણ એ તો કારણ માત્ર હતું. પરંતુ એ વડે જે મહત્ત્વનું કાર્ય બને છે તે તો છે પ્રભુદર્શન. એ દૃષ્ટિએ આ કથાઘટક મહત્ત્વનું બની રહે છે.

❖

## ■ નળાખ્યાન :

'નળ-દમયંતી'ની કથાનો મૂળ સ્રોત 'મહાભારત'[અન્તર્ગત 'નલોપાખ્યાન' વનપર્વ , અધ્યાય ૫૦ થી ૭૮]માં છે. 'મહાભારત'નાં અન્ય ઉપાખ્યાનોની જેમ આ 'નલોપાખ્યાન' પણ ખૂબ જ લોકપ્રિય રહ્યું છે. સંસ્કૃત સાહિત્યના મહાકાવ્ય 'નૈષધીયચરિત'માં પણ નળકથાનું આલેખન થયેલુ છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'નળ-દમયંતી'નું કથાનક રાસ, ચંપૂ, આખ્યાન, પ્રબંધ, ચોપાઇ, ગીત જેવાં સ્વરૂપોમાં આલેખાયું છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'નળ-દમયંતી'નાં કથાનકને લઈને રચાયેલી કથાકૃતિઓ નીચે પ્રમાણે જોવા મળે છે.

નલદમયંતી ગીત, રાજ(કવિ)લે.સં.૧૭મી સદી અનુ. કડી ૧૧(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૫૦)

નલદમયંતી ચરિત્ર રાસ, માણિકરાજ, ઈ.સ.૧૪૩૪ કડી ૪૮૩/૪૮૭ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૦૪)

નલદમયંતી ચંપૂ , જયશેખરસૂરિ, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૧૫)

નલદમયંતી રાસ, ગુલાબવિજય, ઈ.૧૭૨૬(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૯૨)

નલદમયંતી રાસ, નારાયણમુનિ, ઈ.૧૬૨૬/સં.૧૬૮૨ પોષ સુદ-૧૧ ગુરુવાર કડી ૩૧૫(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૨૧)

નલદમયંતી રાસ, હર્ષવિજય, લે.સં. ૧૭મી સદી અનુ. કડી ૫૧ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૮૯)

નલદવદંતી કથા, સમયસુંદર-૨, ર.ઈ. ૧૬૧૭ / સં. ૧૬૭૩ વસંતમાસ કડી ૯૩૧ ઢાળ ૩૯ ખંડ ૬ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૮૮)

નલદવદંતી ચરિત્ર, અજ્ઞાતકવિ, લે.ઈ. ૧૪૮૩ કડી ૬૩/૭૪ ઢાળ ૫ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૧૨)

નલદવદંતી ચરિત્ર, વિનયસમુદ્ર (ઉપાધ્યાય) ૧, ર.ઈ. ૧૫૫૮ કડી ૩૦૦(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૧૧)

નલદવદંતી પ્રબંધ, ગુણવિનય (વાચક ) ૧, ર.ઈ. ૧૬૦૯ / સં. ૧૬૬૫ આસો વદ-૬ સેમવાર કડી ૩૫૩ ઢાળ ૧૬ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૮૯)

નલદવદંતી રાસ , ચંપ, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૦૩)

નલદવદંતી રાસ, મહીરાજ, ર.ઈ. ૧૫૫૬ / સં. ૧૬૧૨ ભાદરવા સુદ-૯ કડી ૧૨૫૪ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૧૩, ૩૦૧)
નલના ચંદ્રાવળા, પૂજાસુત, કડી ૧૦૯ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૦૫)
નલપંચભવ રાસ, ઋષિવર્ધન (સૂરિ) ર.ઈ. ૧૪૫૬ કડી ૩૨૧ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦)
નલરાજ ગીત, હીરાણંદ ૧ / હીરાનંદ, કડી ૧૦(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૯૬)
નલરાય દવદંતિચરિત્ર રાસ, ઋષિવર્ધન (સૂરિ)ર.ઇ. ૧૪૫૬ કડી ૩૨૧ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૦, ૨૧૪)
નલાખ્યાન , ભાલણ,કડવાં ૩૦/૩૩ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૧૫)
નલાયાન ઉદ્ધાર રાસ, નયનસુંદર (વાચક) ર.ઈ. ૧૬૦૯ / સં. ૧૬૬૫ પોષ સુદ-૮ મંગળવાર મુ.(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૦૫)
નલાયન ઉદ્ધાર રાસ, નયનસુંદર, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૧૩)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નળકથાનું વિવિધ કવિઓએ આલેખન કર્યું છે. જૈન કવિઓ પછી આ કથાનક ભાલણ, નાકર, પ્રેમાનંદ જેવાં સમર્થ કવિઓનાં આખ્યાનોમાં પણ પ્રાપ્ત થાય છે. તેમણે આરંભમાં મંગલાચરણ કરી, કથાવસ્તુનો નિર્દેશ આપી કથાનકને વેગપૂર્વક આલેખ્યું છે. જેમ જેમ કથા વિકસે છે તેમ તેમ તેની કથાસંરચનામાં, પાત્રચિત્રણમાં, રસનિરૂપણમાં, વર્ણન-રીતિમાં કેટલાંક વિકાસ સાધનારાં કથાઘટકો અગત્યનું કાર્ય કરે છે. ‘નળાખ્યાન’ની કથાસંરચનામાં અંકોડારૂપ રહેલાં મહત્ત્વનાં કથાઘટકો નીચે પ્રમાણે દર્શાવી શકાય છે :

- **અનુરાગનો ઉદ્‌ગમ.**
- **દૂતકાર્ય -હંસદૂત**
- **દેશવટો**
- **રૂપપરિવર્તન**
- **ચોરીનું આળ**
- **પ્રિયજનનાં મેળાપની યુક્તિ**

- **કસોટી**

આ મહત્ત્વનાં કથાઘટકો વડે 'નળાખ્યાન'નું બંધારણ ઘડાયું છે. આ મુખ્ય-મુખ્ય કથાઘટકો 'નળાખ્યાન'ની કથાસંરચનામાં વિકાસ સાધનારાં ઘટકો છે. આ મુખ્ય કથાઘટકોને હવે વિગતે તપાસીએ.

- **અનુરાગનો ઉદ્દગમ :**

'નળાખ્યાન'નાં આરંભમાં 'અનુરાગના ઉદ્‌ગમ'નું કથાઘટક પ્રયોજાયું છે. 'અનુરાગનાં ઉદ્દગમ'માં કેટલાંક નિમિત્તો હોય છે. અહીં ગુણ-સૌંદર્યનું શ્રવણ નિમિત્ત બને છે.

નૈષધદેશમાં રાજા નળ રાજ્ય કરે છે. દેશ દેશાન્તરેથી નળના માંગા આવે છે. નળ ખોડ-ખાંપણ કાઢી એ માંગઓ ત્યજી દે છે. એકવાર નારદ આવે છે. રાજ્યાસન જોઈને નારદ નળને પૂછે છે : 'રાણી દીસતાં નથી'. ત્યારે નળ પોતાની વ્યથા નારદને કહે છે. જેથી નારદ દમયંતીના 'સૌંદર્ય'ની પ્રશંસા કરે છે :

"દમયંતી જે દીકરી, મુખે વર્ણવી નવ જાય
તન -વદન - લોચનને ઉપમા કશી ન અપાય"
(કડવું : ૧, કડી : ૧૯)

આરંભનું આ કથાઘટક નળનાં હૃદયમાં દમયંતી પ્રત્યેનો અનુરાગ જન્માવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નારદ દમયંતીના 'સૌંદર્ય અને ગુણ'ની પ્રશંસા વિસ્તારપૂર્વક કરે છે. નળને મોહનાં બાણ વાગે છે. તેનું ચિત્ત દમયંતી માટે વ્યગ્ર બને છે. આ કથાઘટક આવનાર અન્ય કથાઘટકો સાથે જોડાયેલું છે. આ કથાઘટક પછી જ હંસ-નળનું મિલન, નળ-દમયંતીનું મિલન અને દમયંતીનો સ્વયંવર થવાનો છે. એ દૃષ્ટિએ પ્રારંભનું આ કથાઘટક 'નળાખ્યાન'ની કથાસંરચનામાં મહત્ત્વનું બની રહે છે.

- **દૂતકાર્ય – હંસદૂત :**

'નળાખ્યાન'માં 'દૂતકાર્ય'ની ભૂમિકા હંસ ભજવે છે, હંસ નળનું દૂતકર્મ કરે છે. દમયંતીનાં પ્રેમમાં આસક્ત બનેલો નળ માનસરોવર પાસે જાય છે. ત્યાં સુવર્ણ શરીરવાળા અદ્દભુત હંસના દર્શન કરે છે. આવા અદ્દભુત હંસને નળ મહેલમાં લઇ આવે છે. એક દિવસ દમયંતીનાં પ્રેમમાં આસક્ત બનેલો નળ હંસને પોતાનાં હૃદયની વ્યથા કહે છે. જેથી હંસ એક માસનો વાયદો કરીને વિદર્ભ પહોંચે છે. ત્યાં હંસ દમયંતી પાસે જઇ નળની પ્રશંસા કરે છે :

"હંસ ભણે : હો ભામિની ! બ્રહ્માંડ ત્રણ જોયાં સહી,
પણ નળની જોડે મેળવું, મહીતળમાં તુલના કો નહિ"
(કડવું : ૧૨, કડી : ૧)

હંસ દમયંતી પાસે આવી નળની પ્રશંસા કરે છે. દમયંતી નળની પ્રશંસા સાંભળીને નળ પ્રત્યે આકર્ષણ અનુભવે છે. હંસ ચાલાક છે. પોતે અહીં શું કાર્ય કરવાં આવ્યો છે તે સુમેરે જાણે છે. આથી તે દમયંતીને કહે છે :

"હંસ ભણે : હો બહેન માહારી ! ભીમક - રાજકુમારી !
નિશ્ચે નળને પરણાવું, બાઇ ! મુઝને દયા આવે તાહારી.

અમો મળ્યાને પ્રાણ રે આપું, પૂરું મનની આશ,
તાહરો મોહ લગાડું નળને નાખી ઊંચા – નીચા પાશ"
(કડવું : ૧૩, કડી : ૧, ૨)

હંસ સ્વામીભકત છે. સૌ પ્રથમ તે દમયંતીના રૂપનાં ગર્વને હણવાનું કાર્ય કરે છે. ત્યારબાદ દમયંતીને નળની માયા લગાવે છે. તેને નળ તરફ આકર્ષે છે. નળનાં સૌંદર્યથી પ્રભાવિત થયેલી દમયંતી હંસને વિનંતી કરે છે કે નળને પોતાની સાથે પરણાવે. વળી, દમયંતીને સહેજ માત્ર શંકા ન જાય કે હંસ નળનો પ્રેરાયો અહીં આવ્યો છે એ રીતે ખૂબીપૂર્વક પોતાનું 'દૂતકર્મ' કરે છે. જેમ નળ દમયંતી તરફ આકર્ષણ અનુભવે છે તેમ દમયંતીને પણ નળની માયા લગાવે છે. 'દૂતકર્મ'નું આ કથાઘટક સમગ્ર કથાના કલેવરમાં કાર્યસાધક બને છે. આ કથાઘટક નળ-દમયંતીના મિલનની પરિપાટી રચી આપે છે. વળી, દમયંતીના સ્વયંવર માટે આ કથાઘટક ભૂમિકા રચે છે. દમયંતીની વિરહદશા જોઇને તેની માતા ચિંતા અનુભવે છે. અને પિતાને દમયંતીનો સ્વયંવર યોજવાનું કહે છે.

આમ 'દૂતકાર્ય'નું આ કથાઘટક નળાખ્યાનની કથાસંરચનામાં નળ અને દમયંતીનાં મિલનમાં, દમયંતીના સ્વયંવરની પૃષ્ટભૂમિ પણ રચી આપે છે.

- **દેશવટો :**

'નળાખ્યાન'માં શરત પ્રમાણે દ્યુતમાં હાર થતા નળને 'દેશવટો' ભોગવવો પડે છે. 'મહાભારત'માં પાંડવોનો દેશવટો તરત યાદ આવે. અહીં નળ કલિના પ્રભાવથી પુષ્કર સાથે દ્યૂત રમે છે. દ્યૂતમાં નળ સર્વસ્વ હારી જાય છે. આથી તેને શરત પ્રમાણે દેશવટો ભોગવવાનો હોય છે :

"બેઠા બંન્યો પોણ પરઠીને, બોલ્યો પુષ્કર રાય જી ;
જે હારે તે રાજ્ય મૂકીને ત્રણ વરસ વનમાં જાય જી.

ત્રણ વરસ અગોપ્ય રહે વેષ અન્ય કો ધરી જી,
કદાચિત પ્રીછ જો પડે તો વંન ભગવે ફરી જી."
(કડવું : ૩૦, કડી : ૪, ૫)

નળ દમયંતી સહિત સર્વ ત્યાગ કરીને 'દેશવટો' ભોગવે છે. નળને શરતમાં હારની સજારૂપે 'દેશવટો' પ્રાપ્ત થાય છે. તેથી નળ વન તરફ પ્રયાણ કરે છે. ત્યારે દમયંતી પણ નળની સાથે દેશવટો ભોગવવાં તૈયાર થાય છે. નળ દમયંતીને ઘણું સમજાવે છે પરંતુ દમયંતી નળનું કહ્યું માનતી નથી ને નળની સાથે 'દેશવટે' નીકળી પડે છે. 'દેશવટા'નાં કારણે નળ અને દમયંતીને અસહ્ય દુઃખ વેઠવા પડે છે, ભૂખ અને તરસથી પીડાવું પડે છે. નળ-દમયંતીને એકબીજાનો વિરહ સહન કરવો પડે છે, અનેક યાતનાઓ ભોગવવી પડે છે. વનમાં દમયંતીની સ્થિતિ કરુણ બને છે. બંનેને પોતાનું સર્વસ્વ ગુમાવવું પડે છે. આમ,'દેશવટા'નું કથાઘટક કથાસંરચનામાં અને વિકાસમાં તથા કથાકાર્યને વેગઆપનારું ઘટકતત્ત્વ બની રહે છે.

- **રૂપપરિવર્તન :**

'નળાખ્યાન'માં 'રૂપપરિવર્તન'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. વનમાં નળ દમયંતીથી છૂટો પડે છે. ત્યારે નળને કોઇકની વાણી સંભળાય છે. જેથી નળ દાવાનળમાં બળતા નાગને જૂએ છે. નાગ

નળને બચાવવાની વિનંતી કરે છે. નળ નાગને બચાવે છે. નાગ પોતાનો પરિચય કર્કોટક નાગ તરીકે આપે છે. જ્યારે નાગ નળને પોતાની વીતકકથા કહે છે ત્યારે નાગ નળને ડંસ દે છે :

"એહવું કહીને સર્પ જ ઘસ્યો, કર્કોટક નળ - કોટે ડસ્યો ;
લાગી વિષજવાળા, દાઘો ભૂપ, કાળી કાયા, થયું કૂબડૂં રૂપ"
( કડવું : ૩૫, કડી : ૭)

સર્પદંસથી નળ કદરૂપો બની જાય છે. નળ, ઉપકારનો બદલો અપકારથી આપ્યો એમ નાગને સંભળાવે છે ત્યારે નાગ કહે છે :

"નાગ કહે : રખે દુ:ખ ધરો , જોતાં એ ઉપકાર જ ખરોં
ગુપ્ત રહેવું સંવત્સર ત્રણ , કોઇ નહીં ઓળખે એણે વર્ણ

આ ત્રણ વસ્ત્ર આપુ છઉં, ભૂપ ! પરિધાને થાશે મૂળગું રૂપ
તે જોયાં પહેરી, પરીક્ષા કરી : તત્ક્ષણ કાંતિ ભૂપની ફરી "
( કડવું : ૩૫ , પંકિત : ૧૦, ૧૧)

'રૂપપરિવર્તન'નું કથાઘટક 'નળાખ્યાન'માં મહત્ત્વનું બની રહે છે. નાગ નળને દંશ આપે છે જેથી તે કૂબડો બને છે. સાથે સાથે નાગ મૂળ સ્વરૂપ ધારણ કરવા માટે ત્રણ વસ્ત્રો આપે છે. જેથી નળ ગમે ત્યારે પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી શકશે. નળનું કૂબડા હોવું એ વનવાસમાં ઉપકારક બને છે. એથી તે પોતાની ઓળખ છૂપાવી શકે છે. અજ્ઞાતવાસ દરમિયાન નળ બાહુકનું રૂપ ધારણ કરીને રહે છે. જેથી નળને કોઇ ઓળખી શકતું નથી ને અજ્ઞાતવાસ પૂર્ણ કરે છે. આ રીતે આ કથાઘટક કથામાં કાર્યસાધક બને છે.

- **ચોરીનું આળ :**

'નળાખ્યાન'માં 'ચોરીના આળ'નું કથાઘટક વિલક્ષણ રીતે પ્રયોજાયું છે. નળથી તરછોડાયેલી દમયંતી અનેક યાતનાઓ સહન કરતી માસી ભાનુમતીને નગરમાં આવે છે. રાજમાતા ભાનુમતી દમયંતીને આશ્રય આપે છે. માસી ભાનુમતી દમયંતીને ઓળખી શકતા નથી. દમયંતી પણ એ વાત છૂપાવીને રહે છે. એકવાર ભાનુમતીની પુત્રી ઈંદુમતી સ્નાન કરતી હોય છે.

ભાનુમતીએ સ્નાન કરતી વખતે પોતાનો મોતીનો હાર ભીંતના ટોડલે લટકાવ્યો હોય છે. આ સમયે કલિ પ્રપંચ કરી ગોખલામાં પેસીને મોતીનો હાર સંતાડી દે છે. સ્નાન કર્યા બાદ ટોડલે હાર ન જોતા ઈંદુમતી દાસી દમયંતી પર 'ચોરીનું આળ' મૂકે છે :

"અરોપરો (તે) ખોળ્યો ઘણું, વિચાર્યું : કૃત્ય દાસી તણું ;
પૂછયું તેડાવીને એકાંત : બાઇ ! તુઝ ઉપર આવે છે ભ્રાંત"
(કડવું : ૪૩, પંક્તિ : ૧૬)

ઈંદુમતી દમયંતીને દોષિત ગણે છે. રાજમાતા હાર ગુમ થતાં આશ્ચર્ય પામે છે. દમયંતી પર 'ચોરીનું આળ' મૂકાય છે. દમયંતી પોતે નિર્દોષ હોવાનું જણાવે છે પણ દમયંતીની વાત માનવાં કોઇ તૈયાર નથી. દમયંતી ઈશ્વરને પ્રાર્થના કરે છે. જ્યારે દમયંતી 'હાર લેનારો ફાટી પડે' એમ કહે છે ત્યારે તેના સતનાં પ્રભાવે ટોડલામાંથી હાર બહાર નીકળે છે. આ રીતે પોતે નિર્દોષ સાબિત થાય છે. સૌ દમયંતીના સતથી પ્રભાવિત થાય છે. અને દમયંતીની ક્ષમાયાચના માંગે છે. માસીને દમયંતીની ઓળખ થાય છે. દમયંતીની ઘણી આસના વાસના કરે છે અને છેવટે તેને પિતાને ઘેર વિદાય કરે છે. આમ, 'ચોરીનાં આળ'નું કથાઘટક આવી રીતે 'નળાખ્યાન'ના કથાપ્રસંગોને વિકસાવવામાં ઘણું મહત્ત્વનું પૂરવાર થાય છે.

- **પ્રિયજનના મેળાપની યુક્તિ :**

'નળાખ્યાન'માં 'પ્રિયજનના મેળાપની યુક્તિ' વિશિષ્ટ રીતે યોજાઇ છે. આ કથાનકમાં 'પ્રિયજનનું મિલન દુહા કે ગાથાને આધારે' થાય છે. કલિગ્રસ્ત નળ-દમયંતી એકબીજાથી વિખૂટા પડે છે. દમયંતી પિતૃગૃહે આવીને સુદેવને નળની ભાળ મેળવવાનું કહે છે. સુદેવ વિવિધરૂપ ધારણ કરી દેશ-દેશાન્તરે નળની શોધ આદરે છે. પરંતુ, સુદેવને નળની પ્રાપ્તિ થતી નથી. જ્યારે, સુદેવ અયોધ્યાનગરી આવી પહોંચે છે. ત્યાં દમયંતીના કહ્યાં મુજબ શ્લોક બોલે છે :

"અલભ્ય વસ્તુની પ્રાપ્તિ થઇ, પરિત્યાગ તેહનો કીધો રે,
ધર્મ-ધોરીંધર ! ધિક તુંને, તપાસ ફરી ન લીધો રે,

રંકે રત્નનું જતન ન થાયે, જાત નીવડી નેટ રે,
વિલપે છે વસ્તુ, વોહોરતી! આહાં કાં ભરે પર-ઘર પેટ રે?

કુળ લજાવ્યું, કરમી માણસ ! ક્રતી કીધી ઝાંખી રેઃ
ચતુર નર ! વિચારી જોજો, ટહેલે સુદેવે નાખી રે"
(કડવું : ૫૧, કડી : ૨૦, ૨૧,૨૨)

સુદેવનાં આવાં વચનો સાંભળી બાહુક વેશી નળ બહાર આવે છે. નળ સુદેવે અધૂરી રાખેલી ગાથાને પૂર્ણ કરતાં કહે છે :

"ભારે વચન કહ્યું તેં, બ્રાહ્મણ ! નીસર્યો છે મહેણાં દેવા રે ;
વસ્તુને વિપત્ય, તો વહોરતિયો કરતો હશે પર - ઘેર સેવા રે.

વોહોરિયું તે કાંઇ રત્ન જાણી, કાચ થઇ નીવડિયું રે
તત્ત્વ – રહિત માટે તજ્યું છે, નથી છૂટી પડિયું રે

તે મિત્રને પરહરીએ , જેહનું મન વિના મળવું ઠાલું રે
સ્નહીને જીવ કરી જણાવે, પ્રાયે પેટ પોતાનું વહાલું રે

વાંક ન હોય વોહોરતિયાનો, રહયા હશે નિજ ધર્મ રે
વસ્તુ વિપત્ય પામતી હશે તે પોતપોતાને કર્મ રે"
(કડવું : ૫૧, કડી : ૨૭, ૨૮, ૨૯, ૩૦)

નળનાં આવાં વચનો સાંભળી સુદેવને શંકા જાય છે. તે વિચારે છે કે નળ કદી આવો કદરૂપો ન હોઇ શકે. સુદેવ વિદર્ભ આવી સઘળી વાત દમયંતીને કહે છે. દમયંતીને તો બાહુકે આપેલા ઉત્તરથી તે નળ જ હશે એમ શંકા જાય છે. દમયંતી, અશ્વવિદ્યાના જાણકાર નળ એક જ દિવસમાં વિદર્ભ આવી જશે એવું જાણે છે. સુદેવ અયોધ્યા જઇને ઋતુપર્ણને દમયંતીના સ્વયંવરની કંકોત્રી આપે છે. અશ્વવિદ્યાના પ્રતાપે નળ ઋતુપર્ણને એક જ દિવસમાં વિદર્ભ પહોંચાડી દે છે. એ રીતે વિદર્ભમાં નળ-દમયંતીનું મિલન દુહા કે ગાથાને આધારે થાય છે.

- **ઓળખની કસોટી :**

પ્રેમાનંદકૃત 'નળાખ્યાન'માં 'ઓળખની કસોટી'નું કથાઘટક પ્રયોજાયું છે. ઋતુપર્ણ સાથે બાહુકરૂપી નળ વિદર્ભ આવે છે. દમયંતીનાં મનમાં શંકા જન્મે છે કે આ નળ છે કે બાહુક? તેથી

દમયંતી બાહુકની 'ઓળખ કસોટી' કરાવે છે. દમયંતી બાહુકને એકાંત વાડીમાં બોલાવડાવે છે. વાડીમાં દમયંતી 'ઓળખની કસોટી' કરાવે છે. વાડીમાં તે ખાલી કુંભ, કાષ્ઠ મૂકાવે છે. અગ્નિ મૂકાવતી નથી. જો એ નળ હશે તો તે જાતે અગ્નિ પ્રગટ કરશે ને રસોઇ બનાવશે :

"દાસી અનંત આનંદ પામી, કૌતિક દીઠું વળતું;
ચુહુલામાં કાષ્ઠ મૂક્યાં અગ્નિ-વિણ, મંત્રે કીધું બળતું.

ઉભરાતું અન્ન કર વડે હલાવે, કડછીનું નહિ કામ;
સખી ગઇ દમયંતી પાસે, બોલી કરી પ્રણામ."
(કડવું: ૫૭, પંકિતઃ ૨૪, ૨૫)

નળ અગ્નિ પ્રગટાવે છે ને ભોજન તૈયાર કરે છે. દાસી બાહુક પાસેથી અન્નપાત્ર લઇને દોટ મૂકે છે. દમયંતી એ ભોજન આરોગે છે એમાં નળના ભોજનનો સ્વાદ ઓળખે છે. આ રીતે દમયંતી રસોઇ બનાવડાવી 'ઓળખની કસોટી' કરે છે. 'ઓળખની કસોટી' દ્વારા દમયંતીને નળની ઓળખ થાય છે પરિણામે પુનઃમિલન થાય છે.

❖

## રણયજ્ઞ :

ભારતીય સાહિત્યમાં 'રામાયણ'નું સ્થાન ઘણું અનોખુ અને અદકુ રહ્યું છે. રામની કથા મૌખિકપરંપરા અને લિખિતપરંપરામાં પ્રાપ્ત થાય છે. આ કથા પદ્યમાં અને ગદ્યમાં આલેખાઇ છે. 'રામાયણ'ની કથાએ ભારતીય પ્રજામાનસ પર એટલી અસર કરી છે કે આ કથા શિષ્ટસાહિત્યમાં અને લોકસાહિત્યમાં પણ પ્રાપ્ત થાય છે. રામની કથાની અનેક પરંપરાઓ મળે છે. ભારતીય કથાકારોએ 'રામાયણ'ની સ્વતંત્ર કથા આલેખી છે, તો ક્યાંક તેનાં કોઇ એક પાત્ર કે કોઇ કથાપ્રસંગનું આલેખન કર્યું છે. ગુજરાતી કથાસાહિત્યમાં પણ તેની સમૃદ્ધ પરંપરા રહી છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'રામાયણ'ની કથા સંપૂર્ણ તેમજ તેનાં જુદા-જુદા કથાપ્રસંગો

પ્રયોજાયાં છે. 'રામાયણ'નો 'યુદ્ધકાંડ' પણ તેનાં અન્ય કાંડોની જેમ રસપ્રદ રહ્યો છે. મધ્યકાળમાં 'યુદ્ધકાંડ'નાં પ્રસંગને લઈને નીચે મુજબનાં કથાનકો પ્રાપ્ત થાય છે :

રણજંગ, વજિયો, કડવાં ૧૭ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૩૮, ૩૯૧)
રણયજ્ઞ, પ્રેમાનંદ-૨, ૨.ઈ.૧૬૯૦/સં. ૧૭૭૪ ચૈત્ર સુદ રવિવાર (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૨૬૦, ૩૩૮)
રણયજ્ઞ, હરિશંકર, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૮૬)

આખ્યાનકવિ પ્રેમાનંદે 'રામાયણ' આધારિત 'રણયજ્ઞ' આખ્યાનની રચના કરી છે. તેનું કથાવસ્તુ 'યુદ્ધકાંડ'માંથી લીધુ છે. આ કથાનકનો ૨૬ કડવાંમાં વિસ્તાર કર્યો છે. આ કથાનકના આલેખનમાં કેટલાંક મહત્ત્વનાં કથાઘટકોને રસપ્રદ રીતે પ્ર-યોજાયાં છે. આ કથાઘટકો 'રણયજ્ઞ' આખ્યાનની કથાનાં વિકાસમાં મદદરૂપ થતાં ઘટકતત્ત્વો છે. 'રણયજ્ઞ'માં પ્રયોજાયેલાં મહત્ત્વનાં કથાઘટકો નીચે પ્રમાણે છે.

- **સ્વપ્નમાં ભાવિ સંકેત**
- **શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવું**
- **મૃતસંજીવન**
- **બુદ્ધિચાતુર્ય**
- **યુધ્ધે-વિઘ્નમુક્તિ**

ઉપર મુજબનાં મહત્ત્વનાં કથાઘટકો 'રણયજ્ઞ'માં આલેખન પામ્યાં છે તો આ કથાઘટકોને વિગતે તપાસીએ.

* **સ્વપ્નમાં ભાવિ સંકેત :**

રામને જાણ થાય છે કે સીતાનું અપહરણ રાવણે કર્યું છે. જેથી રામસેના સૌ યુદ્ધવીરો સાથે સાગરપાર કરીને લંકામાં પ્રવેશે છે. રાવણ પણ રામનો સામનો કરવા પોતાનાં સૈન્ય સાથે તૈયાર થાય છે. એ સવારે રાવણ પત્ની મંદોદરીને 'સ્વપ્નદર્શન' થાય છે. જ્યારે રાવણ યુદ્ધમાં જવા સજ્જ થાય છે ત્યારે રાણી મંદોદરી પોતાને આવેલ સ્વપ્નની વાત જણાવે છે :

"ગઈ રાતે હો સ્વપન મુને આવિયું,
દીઠું દારુણ : કહ્યું ક્યમ જાય?

સમુદ્ર સુકાયો, રુધિરે સરિતા ભરી,
લંકામાં લાગી દીઠી લ્હાય. –રે હો રાણાજી !

એક લાખ રાણી રુએ, રાણા ! તમ તણી,
બીજો બહુ-બેટીનો સાથ;
કેશવહોણાં રે હો દીઠાં મસ્તક બાંડલાં,
દીઠા ચૂડલાવહોણા હાથ. –રે હો રાણાજી !

રાણા ! તમે હો કાળાં પટકુળ પહેરિયા,
કંઠે કરેણ કેરો હાર;

દક્ષિણ દિશાએ, હો સ્વામી ! તમે સંચર્યા
ઊંટ ઉપર થઈ અસવાર. –રે હો રાણાજી !"
(કડવું : ૮, કડી : ૪,૫,૬)

મંદોદરીને આવેલ સ્વપ્ન સૂચક છે. તેને સ્વપ્નમાં એક પછી એક અનિષ્ટો દેખાય છે. સ્વપ્નમાં મંદોદરીને સુકાયેલો સમુદ્ર, લોહી ભરેલી નદી, કેશવિહોણાં મસ્તક, ચૂડલાવિહોણા હાથ અને રાવણને કાળાં વસ્ત્રો તથા કંઠમાં કરેણના હાર પહેરેલો જૂએ છે. મંદોદરી રાવણને આ સ્વપ્નની વાત જણાવે છે અને રામને સીતા સોંપીને આવનાર આપત્તિઓમાંથી પોતાને અને સમગ્ર લંકાને ઉગારવા કહે છે. જેથી લંકાનું નિકંદન અટકાવી શકાય. પરંતુ રાવણ તેની વાત માનતો નથી ને યુદ્ધે

ચઢે છે. મંદોદરીનું આ સ્વપ્ન ભાવિમાં થનાર અનિષ્ટોનું સૂચન કરે છે. આ રીતે 'સ્વપ્નમાં ભાવિ સંકેત'નું કથાઘટક આખ્યાનની કથાસંરચનામાં ચાલકબળ બને છે.

- **શત્રુના મૃત્યુનું રહસ્ય જાણી લેવું :**

રણયુદ્ધનાં મેદાનમાં રામસૈન્ય એક પછી એક રાવણના યોદ્ધાઓને મૃત્યુના મુખમાં મોકલી દે છે. જ્યારે કુંભકર્ણ મૃત્યુ પામે છે ત્યારે રાવણ પોતાના પુત્ર ઈન્દ્રજિતને યુદ્ધે મોકલે છે. જે પોતાના અસાધારણ પરાક્રમ વડે રામસેના પર આફત બને છે. તે પોતાના માયાબળે લક્ષ્મણ, અંગદ અને સુગ્રીવ હરાવે છે. જ્યારે ઈન્દ્રજિત કોઈથી જિતાય એમ નથી ત્યારે રામ વિભીષણને તેને મારવાનો ઉપાય પૂછે છે. વિભિષણ ઉપાય સૂચવતા કહે છે :

"જે નરે પાળ્યો હશે સંન્યાસ રે, બાર વરસ રહ્યો વનવાસ રે,
અન્ન-ઉદક તજ્યાં ખટમાસ રે, તે ઈન્દ્રજિતનો આણે નાશ રે.

રહ્યો બાર વરસ બ્રહ્મચારી રે, બાર વરસ નિદ્રા વિસારી રે,
હોય ગુરુજન-આજ્ઞાકારી રે, તે મેઘનાદને શકે મારી રે."
(કડવું : ૧૭, કડી : ૪,૫)

ઈન્દ્રજિતના 'મૃત્યુનું રહસ્ય' સાંભળીને સૌ મસ્તક હલાવી બે હાથ જોડે છે. જેથી રામ વ્યગ્ર થાય છે. ત્યારે લક્ષ્મણ રામને કહે છે કે વિભીષણે જે જે આચરણ કહ્યાં છે તે સૌ મારામાં છે. આ સૌ વ્રતનું મેં પાલન કર્યું છે. ત્યારે લક્ષ્મણ ધનુષ-બાણ લઈને ઈન્દ્રજિતનો સામનો કરવા તૈયાર થાય છે. લક્ષ્મણ પોતાનાં બાણ વડે તેનું મસ્તક છેદી નાખે છે. તેનું મસ્તક રાવણના ખોળામાં પડે છે. જો ઈન્દ્રજિતના મૃત્યુનું રહસ્ય છતું થયું ન હોત તો તે કોઈથી જીતાય એમ ન હતો, તેને હરાવવો મુશ્કેલ થઈ પડત, તે રામસૈન્યનું નિકંદન કાઢી નાખત. કદાચ સીતા સુધી પહોચવાનો માર્ગ કઠીન બની જાત. આ દષ્ટિએ 'શત્રુના મૃત્યુનું રહસ્ય'નું કથાઘટક કથામાં ઘણું મહત્ત્વનું બની રહે છે.

- **મૃતસંજીવન :**

રામ અને રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. યુદ્ધમાં એક પછી એક બંને પક્ષના યોદ્ધાઓ હણાય છે. જ્યારે કુંભકર્ણ, ઇન્દ્રજિત અને અતિક્રાય જેવાં ધુરંધર યોદ્ધાઓ મરણ પામે છે. ત્યારે રાવણ ક્રોધિત થઇ ઊઠે છે. તે ભાઇ અને પુત્રોના મૃત્યુનો બદલો લેવા બેવડી શક્તિથી રામનો સામનો કરવા જાય છે. રાવણ નલ, નીલ, જાંબુવાન, હનુમાન, અંગદ, ગવાક્ષ, સુષેણ સૌને હરાવે છે. સૌની હાર જોઇને લક્ષ્મણ રાવણનો સામનો કરવા આવે છે. બંને વચ્ચે દારુણ યુદ્ધ થાય છે. લક્ષ્મણ રાવણનો સામનો કરી શકતો નથી. રાવણના પ્રહારથી તે ધરતી પર પડે છે. ધરતી પર પડેલા લક્ષ્મણમાં ચેતના રહેતી નથી. રામ સંકટમાં મૂકાઇ જાય છે. લક્ષ્મણનાં મૃત્યુથી રામની સ્થિતિ દયનીય બને છે. તે કરુણ વિલાપ કરવા લાગે છે. ત્યારે ધન્વંતરિના અવતાર સુષેણ રામને કહે છે કે દ્રોણાચળની પાછળ ગંધમાદન ગિરિ છે. તેની ઉપર દ્રુમવેલી નામનું વન છે. ત્યાં શલ્ય-વિશલ્યા નામની ઔષધિ છે. જે મૃતસંજીવની છે. જે એ સંજીવની પ્રાતઃ કાળ સુધી લઇ આવે તો મૃત : લક્ષ્મણને સજીવન કરી શકાય એમ છે. જેથી હનુમાન રામની આજ્ઞા લઇને આ કાર્ય કરવા જાય છે. હનુમાન પહોંચે છે ત્યાં રાવણનો એક રાક્ષસ માયા વડે શલ્ય-વિશલ્યા જેવી અનેક ઔષધિઓ ઊગાડેછે. હનુમાન વિમાસણમાં મૂકાય છે કે ખરી ઔષધિ કઇ હશે ? એટલે હનુમાન આખો પર્વત ઊંચો કરી લઇ આવવાનું વિચારે છે. એમાંથી સુષેણ જે ઔષધિ જોઇએ એ લઇ લેશે. છેવટે હનુમાન આખો પર્વત ઊંચકીને પ્રાતઃકાળે રામ પાસે લઇ આવે છે :

"રામે પર્વત કીધો અવલોકન, થઇ રાક્ષસી માયા વિસર્જન;
રહી વેલી એક દીપક તણી, ગરહી સુષેણે સંજીવની ગણી.

રસ કાઢીને છાંટ્યો શરીર, તત્ક્ષણ ઊઠ્યો લક્ષ્મણવીર;
જેજેકાર કરે કપિસાથ, ભેટ્યા લક્ષ્મણ ને રઘુનાથ."
(કડવું : ૨૦, કડી : ૬૬, ૬૭)

અહીં 'મૃતસંજીવન' સંજીવની ઔષધિ દ્વારા થાય છે. સુષેણ ઔષધિનો રસ લક્ષ્મણના શરીર પર છાંટે છે ત્યાં જ લક્ષ્મણ જીવિત થાય છે. લક્ષ્મણનું સજીવન થવું રામ માટે આશીર્વાદ સમાન નીવડે છે. લક્ષ્મણનું મૃત્યુ થતા રામ માટે સીતા સુધી પહોંચવાનો માર્ગ કઠીન બની જાત. લક્ષ્મણના અકાળ મૃત્યુથી રામની સામે અનેક પ્રશ્નો આવી ચઢ્યા. રામ લક્ષ્મણની પત્નીને શું જવાબ આપત?

માતાઓને શું જવાબ આપત? ભાઈઓને શું જવાબ આપત? સમગ્ર અયોધ્યા નગરીને શું કહેતા?. લક્ષ્મણ સજીવન થતાં રામનાં હર્ષનો કોઇ પાર રહેતો નથી. રાવણ પાસેથી સીતાને છોડાવવાનો માર્ગ મોકળો બની જાય છે. આ દૃષ્ટિએ 'મૃતસંજીવન'નું કથાઘટક કથામાં કાર્યસાધક બને છે.

- **બુદ્ધિચાતુર્ય :**

આ કથાઘટક કથામાં મહત્ત્વનું પૂરવાર એ રીતે થાય છે કે અંગદ બુદ્ધિચાતુર્ય વડે રાવણના તપનો ભંગ કરે છે. જો રાવણનું તપ ભંગ થયુ ન હોત તો તે પરાક્રમી અનેં શક્તિશાળી બનત છે. તે સૌ રામસૈન્યને પરાસ્ત કરત. વિભીષણ રામને કહે છે કે રાવણ અંબાજીનું તપ કરે છે. આ તપમાં તેને નિકુંભનો રથ પ્રાપ્ત થશે. જો રાવણને નિકુંભનો રથ મળી જશે તો કોઇનો માર્યો નહિ મરે. જેથી વિભીષણે બતાવ્યા પ્રમાણે નલ, નીલ, જાંબુવાન, અંગદ, હનુમાન રાવણનું તપભંગ કરવા નીકળી પડે છે. ત્યાં જઇને સૌ રાવણને કનડવા લાગે છે. છતાં રાવણ તપમાંથી હલતો પણ નથી. જેથી અંગદ રાવણની પત્ની મંદોદરીને રાવણ પાસે લઇ આવે છે. મંદોદરી રાવણની સામે વિલાપ કરે છે. છતાં રાવણ પોતાના તપથી ચલિત થતો નથી. એ પ્રસંગ કવિ પ્રેમાનંદ આ રીતે વર્ણન કરે છે :

"અંગદ કહે : સાંભળ રે તસ્કર ! તુંને જગત કરે તિરસ્કાર,
એક મસ્તકને ધન્ય છે, તારાં દસ મસ્તક ધિક્કાર !

આ મંદોદરીને હું લેઇ જાઇશ, કરી રાખીશ ઘેર ઘરુણી,
બીજા કપિ કહે : અમો પરણીશું, થાશે અમારી તરુણી.

પટરાણી પરમ પીડા પામી, વાનર વલૂરે અંગ;
ક્રોધ કરી તવ રા વણ ઊઠ્યો, થયો તપનો ભંગ"
(કડવું : ૨૪, કડી : ૧૮, ૧ ૯, ૨૦)

અંગદને જાણ છે કે રાવણને કનડશું તો તે ઊઠશે નહિ. જેથી તે યુક્તિપૂર્વક મંદોદરીને રાવણ પાસે લઇ આવે છે. અંગદનો હેતુ મંદોદરી નિમિત્તે રાવણનાં તપને ભંગ કરવાનો હતો. રાવણ પાસે આવેલી મંદોદરી આક્રંદ કરે છે છતાં રાવણ પોતાનું તપ છોડતો નથી. જ્યારે અંગદ મંદોદરીને

પોતાની પત્ની બનાવીને પોતાને ઘેર રાખવાનું કહે છે ત્યારે ક્રોધે ભરાઇને પતિ રાવણમાં એકાએક ઊઠે છે ને યુદ્ધે સજ્જ થાય છે. સૌને જાણ છે કે જો રાવણ પોતાનાં તપમાં સફળ થશે તો અનર્થ થઇ જશે. તે રામનો હરાવ્યો પણ નહીં હારે. એટલે અંગદનું 'બુદ્ધિચાતુર્ય' કથાનકમાં કાર્યસાધક બને છે.

- **યુદ્ધે-વિઘ્નમુક્તિ :**

આ કથાઘટક 'રણયજ્ઞ'ની કથાસંરચનાનું સૌથી અગત્યનું કથાઘટક છે. રાવણ સીતાનું અપહરણ કરીને લંકામાં લઇ આવ્યો છે. રામ સમુદ્રમાં સેતુ બંધાવે છે. રામ પાસે સીતા સુધી પહોંચવાનો માર્ગ માત્ર યુદ્ધ છે. યુદ્ધમાં રાવણને હરાવીને સીતાની પુનઃપ્રાપ્તિ કરી શકાય એમ છે. જેથી રામ, રાવણને યુદ્ધનું આહ્વાન આપે છે. રામ અને રાવણસેના વચ્ચે દારુણ યુદ્ધ થાય છે. યુદ્ધમાં કુંભકર્ણ, ઇન્દ્રજિત જેવા યોદ્ધાઓ હણાય છે. છતાં રાવણનાં અહંકારનો અંત આવતો નથી. ત્યારે :

"જ્યમ ડોલે મદગળ એકદંતો, ત્યમ એક શીશે ધીશ રે;
શું એક શૃંગે ગિરિ ધાતુ ઝરે ? સ્ત્રવે રુધિર, ગળે ત્યાં રીસ રે.

અમરવર્ગ કુસુમે વધાવે, હવો જેજેકાર રે,
એક હસ્ત અવની ઊંચે આવી, ટળ્યો ભૂમિનો ભાર રે."
(કડવું : ૨૫, કડી : ૨૫, ૨૬)

આ રીતે રામ-રાવણનાં યુદ્ધમાં આખી લંકાનગરી નાશ પામે છે. હજારો લડવૈયા મૃત્યુ પામે છે. યુદ્ધ કરવાથી રાવણની હાર થાય છે, અહંકારી રાવણનાં દસ-દસ માથાં છેદાય છે ને તે મૃત્યુ પામે છે. રાવણનાં મૃત્યુ સાથે જ રામને સીતાની પ્રાપ્તિ થાય છે, એ નિમિત્તે જ રામ અને સીતાનું મિલન થાય છે. એ દૃષ્ટિએ આ કથાઘટક સમગ્ર આખ્યાનનું કલેવર ઘડી કથાને ઉચિત અંત તરફ લઇ જવામાં મદદરૂપ થાય છે.

❖

## દશમસ્કંધ :

રામચરિત, કૃષ્ણચરિત અને પાંડવચરિતે ભારતીય સંસ્કૃતિને ઘડવામાં પોતાનો મૂલ્યવાન ફાળો આપ્યો છે. આપણી કથાઓમાં પણ આ કથાનકો વિપુલ પ્રમાણમાં આલેખાયા છે. આપણા કથાકારોને કૃષ્ણના ચરિત્રનું તો ખાસ્સું આકર્ષણ રહ્યું છે. એમાંય ખાસ કરીને 'શ્રીમદ્ ભાગવત'નાં 'દશમસ્કંધ'નો આધાર લઈને અનેક કથાનકો પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં ભાગવત દશમસ્કંધ આધારિત વિવિધ આખ્યાનાદિ રચનાઓ થઈ છે. જે નીચે પ્રમાણેનાં કવિઓ પાસેથી પ્રાપ્ત થાય છે :

દશમસ્કંધ, તુલજારામ-૧, ર.ઈ.૧૭૦૯/૧૭૬૫ અસાડ સુદ-૧૩ ગુરુવાર(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૫૬)

દશમસ્કંધ (પૂર્વાર્ધ), નિત્યાનંદ (સ્વામી), (ગુ. સા. કો. મધ્યકાળ, પૃ.૯૨,૨૨૩)

દશમસ્કંધ, પ્રેમાનંદ, કડવાં ૧૬૫ અધૂરી રહેલી મુ.(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૭૦, ૨૬૦)

દશમસ્કંધ, ભાલણ, પદો ૪૯૭ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૭૧, ૨૮૧)

દશમસ્કંધ, ભીમાનંદ, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ. ૨૮૮)

દશમસ્કંધ, માધવદાસ-૩, ર.ઈ.૧૬૪૯/સં.૧૭૦૫ ભાદરવા વદ-૨ સોમવાર (ગુ. સા. કો. મધ્યકાળ, પૃ.૩૦૭)

દશમસ્કંધ, રઘુનાથ-૧/રઘુનાથદાસ/રૂપનાથ, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૩૫)

દશમસ્કંધ, રેવાશંકર-૧, (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૭૨)

દશમસ્કંધ, લક્ષ્મીદાસ, ર.ઈ.૧૬૧૮ અંશતઃ મુ. કડવાં ૧૯૫ (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૩૭૪)

દશમસ્કંધ, સુંદર-૩, ર.ઈ.૧૭૧૭/કે ૧૭૪૦ કડવાં ૧૬૬ થી ૨૦૦ મુ.(ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૪૭૧)

દશમસ્કંધલીલાનુક્રમણિકા, દયારામ-૧/દયાશંકર, કડી ૧૩૧ મુ. (ગુ.સા.કો.મધ્યકાળ, પૃ.૧૬૪)

પ્રેમાનંદે પોતાના આખ્યાનની રચના માટે મોટેભાગે 'શ્રીમદ્ ભાગવત'નાં 'દશમસ્કંધ'નો મુખ્ય આધાર લીધો છે. 'દશમસ્કંધ'ની કથાને પ્રેમાનંદે કુલ ૧૬૭ કડવામાં આલેખી છે. તે પછી આખ્યાન અધૂરું રહેલું માનવામાં આવે છે. આ આખ્યાનનું પોત જુદાં–જુદાં મહત્ત્વનાં કથાઘટકો વડે બંધાયું છે. વળી, આ કથાઘટકો આખ્યાનની કથાસંરચનાને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 'દશમસ્કંધ' આખ્યાનમાં પ્રયોજાયેલાં કથાઘટકો નીચે પ્રમાણે છે :

- **આકાશવાણી**
- **નજરકેદ**
- **રાજકુમારનો અન્યત્ર ઊછેર**
- **શત્રુઘાત માટે મોકલેલા મારાઓ**
- **અપહરણ**
- **સ્વપ્નમાં ભાવિ સંકેત**

'દશમસ્કંધ'માં ઉપરોક્ત મહત્ત્વનાં કથાઘટકો આલેખન પામ્યાં છે, તેને વિગતે તપાસીએ.

- **આકાશવાણી :**

પ્રારંભનું આ કથાઘટક સમગ્ર આખ્યાનમાં ચાલકબળ બની રહે છે. વસુદેવ અને દેવકી કૃષ્ણના માતા-પિતા છે. મથુરાનરેશ કંસ દેવકીનો પિત્રાઇ ભાઇ છે. બંનેના લગ્ન થાય છે. કંસ સારથિ બનીને બંનેને વિદાય આપે છે ત્યારે :

"મોહપાશે બાંધ્યો બાપડો તે કોણ આવી છોડશે?
કનિષ્ઠ પુત્ર બહેનનો તે કંઠ તારો મોડશે.

હશે અષ્ટ બાળક દેવકીને, કનિષ્ઠ તારો કાળ રે.
નિજ અંતરીક્ષ વાણી સાંભળીને ઉઘડ્યો ભૂપાળ રે."
(કડવું : ૪, પંક્તિઃ ૧૭,૧૮)

'આકાશવાણી' સાંભળી કંસ ક્રોધિત થાય છે. દેવકીને ચોટલે ઝાલીને રથમાંથી ફેંકે છે. તે વિલાપ કરવા લાગે છે. વસુદેવ પણ દેવકીને છોડવા વિનંતી કરતા કહે છે કે દેવકીનો વધ કરવાથી કોઇ અર્થ નથી. દેવકીનું આઠમું સંતાન હું તમને આપીશ. જેથી રાજીથી તમે એનાં વધ કરજો. દેવકી પણ કંસને વચન આપે છે. આ કથાઘટક કથાનું બીજરોપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 'આકાશવાણી'ને કારણે દેવકી અને વસુદેવને અનેક યાતનાઓ ભોગવવી પડે છે. અને તે કૃષ્ણજન્મનો સંકેત કરે છે. એ રીતે આ કથાઘટક કથાને વિકસાવવામાં મહત્ત્વનું બની રહે છે.

- **નજરકેદ :**

કંસને જાણ થાય છે કે દેવકીનું આઠમું સંતાન પોતાનાં મૃત્યુનું કારણ બનશે. દેવકી અને વસુદેવને પોતાનું આઠમું સંતાન આપી દેવાનું વચન આપે છે. જેથી કંસ હર્ષ પામીને દેવકી અને વસુદેવને વળાવે છે. વસુદેવનાં મહેલમાં કંસે પોતાનાં રક્ષકોને દેવકી અને વસુદેવ પર નજર રાખવા મોકલે છે. જ્યારે દેવકીને આઠમો ગર્ભ રહે છે ત્યારે કંસ તેને કારાગૃહમાં પૂરે છે :

"કંસ મન આનંદ પામ્યો, ઘેર વળાવ્યા દંપતી;
ઘણા દિવસ સુખ ભોગવ્યું, વસુદેવને બહુ સંપત્તિ.

શત સેવક ફરે કંસના, કરે દ્દષ્ટિ રક્ષણ અનંત;
દેવકીએ એક પુત્ર પ્રસવ્યો, નામ ધર્યું કીર્તિમંત."
(કડવું : ૬, કડી : ૧૮,૧૯)

આ કથાનકમાં વસુદેવ અને દેવકીના નજરકેદમાં કંસ જવાબદાર પરિબળ બને છે. અહીં દેવકીની 'નજરકેદ' ભાઇ પ્રેરિત છે. નજરકેદનો મુખ્ય હેતુ સ્વમૃત્યુથી રક્ષણ મેળવવાનો છે. કંસ પોતાનાં રક્ષકોને દેવકી અને વસુદેવ પર નજર રાખવાનું કહે છે. જેમ જેમ દેવકીને સંતાનો જન્મે છે તેમ તેમ કંસ એ સંતાનોનો વધ કરી નાખે છે. કંસ દેવકીનાં છ સંતાનોનો વધ કરે છે. સાતમો ગર્ભ ગાળી નાખવામાં આવ્યો હોય છે. દેવકીનો આઠમો ગર્ભ જન્મે છે. કંસ આ ગર્ભને મારવામાં નિષ્ફળ જાય છે. છેવટે દેવકીનું આઠમું સંતાન જન્મ લે છે જે કંસનાં મૃત્યુનું નિમિત્ત બને છે. આ રીતે કંસે વસુદેવ અને દેવકીને 'નજરકેદ'માં રાખ્યાં હોવા છતાં તે દેવકીનાં આઠમાં સંતાનને મારી

શકતો નથી. કંસ અનેક પ્રયત્નો કરે છે, છતાં તે નિષ્ફળ જાય છે ને મૃત્યુ પામે છે. એ દૃષ્ટિએ જોતા આ કથાઘટક આખ્યાનમાં કાર્યસાધક બને છે.

- **રાજકુમારનો અન્યત્ર ઉછેર :**

આપણી અનેક પૌરાણિક અને લોકકથાઓમાં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. 'રાજકુમારનાં અન્યત્ર ઉછેર'નું સૌથી મોટું કારણ શત્રુથી રક્ષણનું છે. શત્રુરાજા દેશ પર હુમલો કરે છે. જેથી શત્રુઓથી બચાવીને રાજકુમારને પ્રધાન કે કોઇ દાસી કે સેવક કોઇ અન્ય છૂપી જગ્યામાં લઇ જાય છે. જેથી તેનું રક્ષણ કરી શકાય ને એ રીતે રાજકુમાર યુવાન થતાં પોતાનું રાજ્ય પાછું મેળવી શકાય. 'દશમસ્કંધ' આખ્યાનમાં પણ 'રાજકુમારનો અન્યત્ર ઉછેર' થાય છે. કંસ પોતાનાં આઠમાં સંતાનને મારી નાખશે. જેથી વસુદેવ કૃષ્ણને ગોકુળ મૂકી આવે છે :

"વસુદેવ કહે : છાનાં રહીએ, આપ પુત્ર, શીઘ્રે લઇ જઇએ;
એણે કહ્યું તે આચરીએ, અગિયાર વરસ મૌન તે ધરીએ.

દેવકી કહે : ન આપું કુંવર ને, કેમ અર્પણ થાય પરને?
હું પ્રસવું ને પરઘેર હાથા? હું ફોગટ ને જશોદા માતા?"
(કડવું : ૧૩, કડી : ૨૩,૨૪)

આ રીતે કૃષ્ણનો મથુરા છોડીને ગોકુળમાં ઉછેર થાય છે. ગોકુળમાં નંદ અને જશોદા માતાએ ખૂબ જ લાડ લડાવે છે. અગિયાર વરસ સુધી કૃષ્ણનો ઉછેર ગોકુળમાં થાય છે. બારમાં વરસે કૃષ્ણ મથુરા પાછો આવે છે. મથુરા આવીને કૃષ્ણ મામા કંસનો વધ કરે છે. પોતાનાં માતા-પિતાને કારાવાસમાંથી છોડાવે છે. આમ, આ કથાઘટક આ રીતે કથાને વેગ આપવા અને કથાનો વિકાસ સાધવામાં મદદરૂપ થતું બની રહે છે.

- **શત્રુઘાત માટે મોકલેલા મારાઓ :**

આપણી અનેક પૌરાણિક, ઐતિહાસિક કથાઓ તેમજ લોકકથાઓમાં આ કથાઘટક પ્રયોજાયું છે. જેમાં નાયકને મારવા માટે શત્રુ અનેક કાવતરા ઘડે છે. એ કાવતરામાંથી નાયકનો આકસ્મિક કે ચમત્કારપૂર્ણ બચાવ થાય છે. જ્યારે કંસને જાણ થાય છે કે પોતાનો શત્રુ ગોકુળમાં નંદ-યશોદાને ત્યાં ઉછરે છે ત્યારે કંસ કૃષ્ણને મારવાનાં અનેક પ્રયત્નો કરે છે. તેમ છતાં કોઇને કોઇ રીતે કૃષ્ણનો બચાવ થાય છે. કંસ કૃષ્ણને મારવા માટે વિવિધ મારાઓને મોકલે છે જેમાં પૂતના, શકટાસુર, તૃણાવંત, વચ્છાસુર, બકાસુર, અઘાસુર, ગર્ધવાસુર, વૃષભાસુર, કેશીદાનવ, વ્યોમાસુર વગેરે મુખ્ય છે. કૃષ્ણને મારવા ગયેલા દરેક મારાઓ વિશે વિગતે વાત કરીએ :

**પૂતના :**

કૃષ્ણને મારવા માટે સૌ પ્રથમ કંસ પૂતનાને મોકલે છે. પૂતના કંસની એક રાક્ષસી હતી. કંસનાં આદેશાનુસાર તે કૃષ્ણને મારવા માટે ગોકુળમાં આવે છે. ત્યાં આવીને પોતાની આસુરી શક્તિ વડે અત્યંત સુંદર યુવતીનું રૂપધારણ કરે છે. પૂતના પોતાનાં સ્તનમાં વિષ લગાવે છે. ગોકુળનાં સૌ લોકો અત્યંત સ્વરૂપવાન યુવતીને જોઇને આશ્ચર્ય પામે છે. તે નંદનું ઘર શોધતી નંદઘેર આવે છે. ત્યાં કૃષ્ણ પારણામાં સૂતા હતા. પૂતના યશોદાને કહે છે કે મને નંદે કૃષ્ણને પયપાન કરાવવા મોકલી છે. પૂતના કૃષ્ણને સ્તનપાન કરાવે છે ત્યારે કૃષ્ણ-

"તીવ્ર અગ્ર નખનાં કરી રે વીધ્યું માસીનું શરીર;
વિખ-દૂધ પીધુ એક ઘૂંટડે રે, બીજે શોષ્યું રુધિર.

પેટમાં મારે પાટુઆ રે, હૈયામાં મારે શીશ;
આકર્ષ્યો પ્રાણ પરમેશ્વર રે, તવ માસી પાડે ચીસ."
(કડવું : ૪, કડી : ૧૬,૧૭)

આ રીતે પૂતના કૃષ્ણને મારવા માટે આવે છે. ત્યાં પોતના જ પ્રાણ સંકટમાં મૂકાઇ જાય છે. તે કૃષ્ણને સ્તનપાન કરાવે છે ત્યાં કૃષ્ણ એક સ્તનમાંથી દૂધ પીવે છે અને બીજે સ્તનથી પૂતનાનાં પ્રાણ હરે છે. કૃષ્ણનું પયપાન પૂતનાને બહુ કષ્ટદાયક લાગે છે. તે સૌને કૃષ્ણથી પોતાને છોડાવવા બૂમાબૂમ કરે છે. કૃષ્ણ પૂતનાના પ્રાણ ચૂસી લે છે. મરતા સમયે પૂતના પોતાના અસલ સ્વરૂપમાં

પ્રગટ થાય છે. તે યુવતી મટીને રાક્ષસી બને છે. આ રીતે કંસે મોકલેલ પૂતના રાક્ષસીથી કૃષ્ણનો બચાવ થાય છે.

**શકટાસુર :**

પૂતનાનું મૃત્યુ થતા કંસ કૃષ્ણને મારવા માટે શકટાસુરને મોકલે છે. શકટાસુર શકટનું રૂપધારણ કરે છે. કૃષ્ણ પારણાંમાં રડારોળ કરે છે. માતા યશોદા કૃષ્ણના રુદનને રોકવાનાં અનેક પ્રયત્નો કરે છે. છતાં કૃષ્ણ ચૂપ રહેતો નથી. જ્યારે યશોદા કૃષ્ણને ઘરની બહાર બીજા છોકરાઓ રમતા હોય છે ત્યાં લઇ જાય છે ત્યારે તે ચૂપ થઇ જાય છે. યશોદા કૃષ્ણનું પારણું શકટે એટલે કે ગાડાંએ બાંધે છે ને તે પોતાનું કામ કરવા ઘરમાં આવે છે. શકટાસુર યશોદાનું આ કામ જોઇને ખુશ થાય છે. શકટાસુર સ્થૂલ રૂપ કરીને કૃષ્ણ પર પડવાનું વિચારે છે જેથી કૃષ્ણનું મૃત્યુ થાય. ત્યારે કૃષ્ણ-

"અતુલ બળ શું નાખ્યો પાગ, કડકડ્યું શકટ, થયા શત ભાગ;
પ્રહાર પૂરણ, ચૂરણ ગાત્ર, ભય પામ્યાં ગાય, ગોવાળમાત્ર.

મોટો નાદ કરી પડિયો ધરણ, એક પાટુએ પામ્યો મરણ;
વિસ્મે થઇ વ્રજની સુંદરી, માતાએ રુદયા ચાંપ્યા શ્રીહરિ."
(કડવું : ૨૬, કડી : ૨૦, ૨૧)

કૃષ્ણનાં પદપ્રહારથી કૃષ્ણને મારવા આવેલ શકટાસુરનો વધ થાય છે. યશોદા સૌ બાળકોને કહે છે કે તમે સૌએ ભેગા મળીને શકટ ભાંગ્યું છે. ત્યારે સૌ કહે છે કે તમારા પુત્રએ પગ વધારીને ગાડાંને ભાંગ્યું છે. ત્યાં જ શકટાસુર પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરે છે. તે શકટ મટી રાક્ષસ બનીને મૃત્યુ પામે છે. આમ, કંસે કૃષ્ણને મારવા મોકલેલ શકટાસુર પણ મૃત્યુ પામે છે.

**તૃણાવંત :**

શકટાસુર મૃત્યુ પામે છે જેથી કંસ તૃણાવંતને કૃષ્ણને મારવા મોકલે છે. તૃણાવંત ગોકુળમાં વાયુ સ્વરૂપે આવે છે. તૃણાવંત કૃષ્ણનું અપહરણ કરીને આકાશમાં લઇ જાય છે. યશોદામાતા જાગીને જુએ છે તો કૃષ્ણ નથી. સૌ ચિંતાતુર બને છે. ત્યારે કૃષ્ણ-

"આકાશ પ્રમાણે અસુર વાધ્યો, કંઠે વળગ્યા શ્રીભગવંત;
ત્રૈલોકનો ભાર મૂકીને ભાંજ્યો, મરડી નાખ્યો તૃણાવંત."
(કડવું : ૨૭, કડી : ૧૪,૧૫)

આકાશમાંથી તૃણાવંતનો દેહ પડે છે. સૌ તૃણાવંતના કટકા કરીને અગ્નિદાહ આપે છે. આ રીતે કૃષ્ણ કંસનાં મોકલેલ મારા તૃણાવંતને પણ મૃત્યુનાં મુખમાં મોકલે છે.

**વચ્છાસુર :**

કૃષ્ણ, બલરામ અને ગોવાળિયા સૌ વનમાં ગાયો ચરાવવા જાય છે. કંસને આ વાતની જાણ થાય છે. કંસ પોતાનાં એક રાક્ષસને વચ્છનું રૂપધારણ કરીને વનમાં મોકલે છે. વચ્છાસુર વનમાં અન્ય વચ્છ ભેગો ભળી જાય છે. જ્યારે કૃષ્ણ સૌ વચ્છને વાળવા જાય છે ત્યારે એક નવા વચ્છને જુએ છે. કૃષ્ણ લાકડી લઈને વચ્છાસુર સામે જાય છે. વચ્છાસુર કૃષ્ણ સામે આવતા પગનો પ્રહાર કરીને કૃષ્ણને મારવાનું વિચારે છે. ત્યારે-

"જોઈને જોડ પાટુ નાખી, પ્રહારે પર્વત કટકા થાય જી;
જેમ સર્પને ગરુડ ઝડપી ગ્રહે તેમ હરિએ ગ્રહ્યા બેહુ પાયજી.

પાપીને ફેરવ્યો મસ્તક ઉપર, જેમ ટોદ્યો ફેરવે ભિંડીમાળ જી;
વપુ વધાર્યું એક કોશ પ્રમાણે, મૂકે નહિ ગોપાળ જી."
(કડવું : ૪૧, કડી : ૨૪, ૨૫)

કૃષ્ણને માલૂમ થાય છે કે કોઈ નવો જ વચ્છ આજે વચ્છસમૂહમાં આવ્યો છે. જેથી કૃષ્ણ વચ્છાસુરનો વધ કરે છે. આ રીતે કંસનાં મોકલેલ વધુ એક મારાને મૃત્યની શરણાગતિ સ્વીકારવી પડે છે.

**બકાસુર :**

વચ્છાસુરનું મૃત્યુ થતા પોતાનાં મનની વ્યથા કંસ બકાસુરને કહે છે. જેથી બકાસુર કૃષ્ણને જીતવા બગલાનું રૂપધારણ કરીને કૃષ્ણ પાસે આવે છે. કૃષ્ણ, બલરામ અને સૌ ગોપાળો સૌ વચ્છોને જળ પીવડાવી પોતે યમુનામાં સ્નાનાદિ ક્રીડા કરે છે. એવામાં બકાસુર કૃષ્ણ પાસે આવી પહોંચે છે. બકાસુર પોતાની ચાંચ વડે કૃષ્ણને ખેંચી લે છે. ત્યારે-

“બ્રહ્માડ ફાટતે લડથડિયો, વાધી પીડા ને તરફડિયો;
ચંચ-વિભાગ ગ્રહ્યો બે હાથે, મહા બળ કીધું ગોકુળનાથે.
ફાડી ચંચ ને મરડી કોટ, બકાસુર મરડી કીધો લોટ.”
(કડવું : ૪૨, કડી : ૧૬, ૧૭)

બકાસુર કૃષ્ણને પોતાની ચાંચ વડે પકડે છે. એક વાર તો કૃષ્ણ છટકી જાય છે. પરંતુ બીજીવાર કૃષ્ણ બકાસુરની ચાલમાં ફસાઈ જાય છે. જેથી કૃષ્ણ પોતાનાં બે હાથ વડે બકાસુરની ચાંચ મરડીને તેનો વધ કરે છે. કંસનો આ પ્રયત્ન પણ કૃષ્ણ નિષ્ફળ બનાવે છે.

**અઘાસુર :**

અઘાસુર કૃષ્ણને મારવા માટે અજગરનું રૂપધારણ કરીને આવે છે. એક દિવસ કૃષ્ણ અને સૌ ગોવાળો વનમાં જતા હોય છે. ત્યાં વનમાં અઘાસુર અજગર બનીને તેનું મુખ પહોળું કરીને પડ્યો હોય છે. જેથી ઘોર વન સમજી સૌ વચ્છનું ટોળું અને સૌ ગોપગોવાળો પણ મુખમાં પ્રવેશે છે. સૌ અજગરનાં ઉદર સુધી પહોંચે છે ત્યારે સૌને અંધકાર દેખાય છે. સૌ કૃષ્ણને મદદ માટે પ્રાર્થના કરે છે. કૃષ્ણ ગોવાળોનો અવાજ સાંભળીને અવાજની દિશા તરફ આવે છે. તે અજગરનાં મુખમાં પ્રવેશે. અજગરની કાયામાં પ્રવેશીને કૃષ્ણ પોતાનું શરીર વિશાળ કરે છે. જેથી અજગરને શ્વાસોચ્છવાસ લેવામાં મુશ્કેલી નડે છે ને અકળાય છે. કૃષ્ણ સૌને અજગરનાં તાળવાનાં માર્ગેથી બહાર કાઢે છે :

“શ્રીકૃષ્ણે બેહુ હાથે કરી રે અધર ગ્રહ્યા પછે બેહ,
મધ્યેથી ઉતરડી નાખિયો રે અઘાસુરનો દેહ.”
(કડવું : ૪૪, કડી : ૧૬)

કૃષ્ણ સૌ ગોવાળોને અને ગૌધનને અઘાસુરનાં કાવતરાથી બચાવે છે. અઘાસુરને મારીને કૃષ્ણ કંસની વધુ એક ચાલ નિષ્ફળ બનાવે છે.

**પ્રલંબ :**

કંસ કૃષ્ણને મારવા માટે પ્રલંબને મોકલે છે. સૌ ગોવાળો અને કૃષ્ણ-બલરામ ઊડણ-પીપળીની રમત રમતાં હોય છે. પ્રલંબ એક ગોપનું રૂપધારણ કરીને રમતમાં જોડાય છે. રમતમાં જે હારે તે વાહન બને એવી શરત હોય છે. રમતમાં ગોપરૂપી પ્રલંબ હારે છે.તેથી શરત પ્રમાણે તે બલરામનું વાહન બને છે. આ વાતનો લાભ ઉઠાવીને ત્રણ જોજન વધેલો પ્રલંબ પીઠ પર બેઠેલા બલરામનું અપહરણ કરીને આકાશે લઇ જાય છે. ત્યાં બલરામ :

"નિજ સ્વરૂપ સંવર્યું હળધરે, ક્રોધે મુષ્ટિષ વાળી જી;
ઊંચો કર કીધો બળિભદ્રે ક્રૂર દ્દષ્ટે નિહાળી જી.

પ્રહાર કીધો પ્રલંબ-સ્કંધે, મહાબળી બળદેવ જી;
પ્રલંવ પડિયો એક જ ગડદે, પ્રાણ ગયા તતખેવ જી."
(કડવું : ૫૮, કડી :૨૦, ૨૧)

પ્રલંબ કૃષ્ણને મારવા માટે આવ્યો હોય છે. પરંતુ અહીં રમતા રમતા સૌને જોઇને તે બલરામની ટોળકીનો સાથી બને છે. રમતમાં હારતા તે કૃષ્ણને બદલે બલરામનું અપહરણ કરે છે. બલરામ પણ પરાક્રમી છે, શક્તિશાળી છે. કંસના મોકલેલ અસુરને બલરામ મૃત્યુના મુખમાં ધકેલી દે છે.

**વૃષભાસુર :**

એક પછી એક અસુરોનાં મૃત્યુ પછી કંસ ચિંતાતુર બને છે. કંસ એ પછી શક્તિશાળી રાક્ષસ વૃષાભાસુરને મારવા મોકલે છે. વૃષભાસુર વૃંદાવનમાં આવે છે. વૃષભના પરાક્રમથી સૌ ભયભીત બને છે. કૃષ્ણને વૃષભ આવ્યાની જાણ થાય છે. તેથી તે વૃષભની સામે આવે છે. વૃષભ નીચો નમીને પ્રહાર કરવા જાય છે ત્યારે કૃષ્ણ-

"દૈત્યે બળ કીધું અત્યંત, લીલાએ શૃંગ ગ્રહ્યાં ભગવંત;
મહા બળ કીધું નંદકુમાર, તે પાછો ઠેલ્યો ધનુષ અઢાર.

ધન્ય ધન્ય દેવતા ઓચરે, પ્રભુ પાખે કોણ પ્રાક્રમ કરે ?
વૃષભ મરડી પાડ્યો ધરણ, તેની ખાંધ ઉપર મેલ્યો ચરણ."
(કડવું : ૧૦૨, કડી : ૧૭, ૧૮)

કૃષ્ણ વૃષભનાં બંને શૃંગ પકડી, ઉધે મસ્તકે લટકાવી વૃષભાસુરનો વધ કરે છે. સૌ વ્રજવાસીઓ કૃષ્ણનું પરાક્રમ જોઇને આનંદિત થઇ ઊઠે છે. આ રીતે કંસે મોકલેલ વૃષભાસુરનો કૃષ્ણ વધ કરી પોતાનો બચાવ કરે છે.

**કેશી :**

કેશી કંસનો સૌથી વિશ્વાસુ અને પરમ મિત્ર હતો. તેનાં કેશ વજ્ર સમાન હોવાના કારણે પોતે કેશી એવું નામ ધારણ કર્યું હતું. કેશી ઘોડાનું રૂપધારણ કરીને કૃષ્ણને મારવા આવે છે. કેશીરૂપી ઘોડો ગોકુળમાં આવતા નંદ, યશોદા, સૌ ગોપવધુઓ અને ગૌધન ભય પામે છે. કૃષ્ણને જાણ થાય છે કે કંસનો મોકલેલ કેશી આવ્યો છે. જેથી કૃષ્ણ અને બલરામ કેશી પાસે જાય છે. કૃષ્ણ કેશીને મારવા તત્પર બને છે. કૃષ્ણ કેશીરૂપી ઘોડા પાસે આવી જાય છે. ઘોડો પણ પોતાનાં વજ્ર જેવી ધારવાળા કેશ વડે કૃષ્ણને મારવા ધસે છે. જ્યારે ઘોડો પોતાના બંને પગ વડે કૃષ્ણને મારવા જાય છે ત્યારે કૃષ્ણ બંને પગ પકડી લઇને ફેકી દે છે. કેશી ઊઠીને પાછો આવે છે. કૃષ્ણ પોતાનો ડાબો હાથ ઘોડાના મુખમાં નાખી છેક ઉદર સુધી ઉતારે છે ત્યારે :

"ફટાર્યાં નેત્ર, નમાવ્યા કાન, ઢળી કોટ, ટળી સૂધ-સાન;
વહે ફીણ, જિહ્વા નીકળી, શ્રીકૃષ્ણે કર વધાર્યો વળી.

જેમ વહેર્યું કાષ્ઠ થાય બે પાટ, તેમ કેશી ફાટ્યો ચડચડાટ;
પાડી ચીસ ને નીસર્યા પ્રાણ, તવ દેવ તણાં વાગ્યાં નિશાણ."
(કડવું : ૧૦૪, કડી : ૧૭, ૧૮)

કેશીનાં મૃત્યુની જાણ કંસને થાય છે. કંસને પારાવાર દુઃખ થાય છે. કેશી-કેશી કરી કંસ વિલાપ કરવા લાગે છે. આમ, કંસે મોકલેલ કેશીને પણ કૃષ્ણ મારી નાખે છે.

**વ્યોમાસુર :**

કેશી વધ થતાં વ્યોમાસુર કૃષ્ણને મારવા આવે છે. વ્યોમાસુર ગોપનું રૂપધારણ કરીને આવે છે. વ્યોમાસુર કોઈને જાણ ન થાય એમ એકપછી એક ગોવાળોને ચોરીને ગુફામાં સંતાડે છે. જ્યારે અડધા ગોવાળ ઓછા થાય છે ત્યારે કૃષ્ણને વ્યોમાસુર આવ્યાની જાણ થાય છે. ત્યારે કૃષ્ણ-

"જવ અર્ધ ગોવાળા ઓછા થયા, શ્રીકૃષ્ણ કહે : સખા કહાં ગયા ?
દીઠો દાનવ ને મૂકી દોટ, જઈ વ્યોમાસુરની ઝાલી કોટ.

મરડી, આમળી નાખ્યો ધરણ, પદ-પ્રહારે પમાડ્યો મરણ;
એમ વ્યોમાસુર મરણ થયો, તે દેવ થઈને સ્વર્ગે ગયો."
(કડવું : ૧૦૪, કડી : ૩૩, ૩૪)

આ રીતે કૃષ્ણ કંસનાં મોકલેલ વ્યોમાસુરને મૃત્યુના મુખે મોકલી દે છે.

'શત્રુઘાત માટે મોકલેલા મારાઓ'નું કથાઘટક 'દશમસ્કંધ' આખ્યાનનું સૌથી મહત્ત્વનું અને નોંધપાત્ર કથાઘટક છે. કૃષ્ણને મારવા માટે કંસ છેક પૂતનાથી લઈને વ્યોમાસુર સુધી કેટલાંય મારાઓને મોકલે છે. કૃષ્ણ જન્મથી માંડીને છેક યુવાન થવા આવે છે ત્યાં સુધી કંસના મારાઓ કૃષ્ણને મારવા માટે સતત આવે છે. આ મારાઓ કૃષ્ણનો વાળ પણ વાંકો કરી શકતા નથી. કૃષ્ણ મારાઓને પોતાના અસાધારાણ પરાક્રમ વડે છેક મૃત્યુ સુધી પહોચાડી દે છે. આ કથાઘટક દ્વારા કંસને જાણ થવાની છે કે મારો કાળ નિશ્ચિત છે. કંસ કોઈપણ સંજોગોમાં મૃત્યુને રોકી શકવાનો નથી. શરૂઆતમાં આ કથાઘટક ભાવકનાં મનમાં અજંપો જગાવે છે કારણકે ભાવકને સતત લાગે છે કે આ વખતે કંસનો રાક્ષસ કૃષ્ણને મારી નાખશે. પરંતુ, જેમ જેમ કથાનો વિકાસ થતો જાય છે તેમ તેમ ભાવકની ચિંતા પણ દૂર થતી જાય છે. ભાવકને સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે કૃષ્ણ પરાક્રમી બાળક છે. કૃષ્ણ અસાધારણ બાળક છે. કંસ કૃષ્ણનું કંઈપણ બગાડી શકશે નહીં. આમ, 'શત્રુઘાત માટે મોકલેલા મારાઓ'નું આ કથાઘટક કથાનો વિકાસ તો કરે છે, સાથે સાથે કથાને યોગ્ય દિશા તરફ લઈ જવામાં કાર્યસાધક નીવડે છે.

- **અપહરણ :**

'દશમસ્કંધ' આખ્યાનની કથાસંરચનામાં 'અપહરણ'નું કથાઘટક આલેખાયું છે. આ કથાનકમાં 'ગોપીઓનું અપહરણ' એક યક્ષ કરે છે. યક્ષ 'ગોપીઓનું અપહરણ' સૌંદર્યથી પ્રેરાઇને કરે છે. એકવાર યમુનામાં કૃષ્ણ, બલરામ, ગોપ, ગોપીઓ સૌ જલક્રીડા કરી રહ્યા હોય છે. ત્યારે શંખચૂડ નામનો યક્ષ ગોપીઓનાં સૌંદર્યને જૂએ છે. જેથી શંખચૂડ ધીમેધીમે જળમાં આવે છે. ત્યારે એકી સાથે સૌ 'ગોપીઓનું અપહરણ' કરીને આકાશમાં લઇ જાય છે :

"કુબેરનો મંત્રી બળવાન, દીઠી ગોપિકા રૂપનિધાન;
વળી દ્દષ્ટિએ નવ ઓળખ્યા હરિ, પેઠો જળમાં, ઘેરી સુંદરી.

ઊંડળમાં ઘાલી બહુ નાર, યક્ષ ચાલ્યો ગગન મોઝાર;
આક્રંદ વિલાપ કરે સુંદરી : તમ વિના કોણ મુકાવે હરિ ?"
(કડવું : ૯૯, કડી : ૫૭, ૫૮)

આ રીતે શંખચૂડ 'ગોપીઓનું અપહરણ' કરે છે. ગોપીઓ કૃષ્ણને બચાવવા વિનંતી કરે છે. કૃષ્ણ યક્ષની પાછળ પડે છે. ત્યાં અંતરીક્ષમાં કૃષ્ણ અને યક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. યુદ્ધમાં શંખચૂડનું મૃત્યુ થાય છે. આ રીતે કૃષ્ણ સૌ અપહરણ પામેલી ગોપીઓને શંખચૂડથી બચાવે છે.

- **સ્વપ્નમાં ભાવિ સંકેત :**

કંસનાં આમંત્રણથી કૃષ્ણ-બલરામ અક્રુર સાથે મથુરા આવે છે. મથુરામાં આવીને કૃષ્ણ કુબ્જાનો ઉદ્ધાર કરે છે. આ વાતની જાણ કંસને થાય છે. કંસ રાત્રે નિદ્રામાં હોય છે ત્યારે તેને સ્વપ્ન આવે છે. આ સ્વપ્નમાં કંસને ભાવિનાં દર્શન થાય છે. ભવિષ્યમાં આવનાર આપત્તિઓનાં દર્શન થાય છે. સ્વપ્નમાં કંસને :

"જમુના દીઠી રુધિરવર્ણી રે, ઉત્પાત થાશે કાંઇ;
મસ્તક-વહોણાં પ્રેતને રે, ધાઇ કંસે દીધું સાંઇ.

ચંદ્રમા પૃથિવી પડ્યો રે, સૂર્ય રાહુએ ગ્રસ્યો;
ધ્વજા સાથે છત્ર ભાંગ્યું રે, મુગટ માથાનો ખસ્યો."
(કડવું : ૧૧૭, કડી : ૨૩, ૨૪)

કંસને જે 'સ્વપ્નમાં ભાવિ સંકેત' થાય છે તેમાં તેને પોતાનું ભાવિ ધૂંધળું દેખાય છે. સ્વપ્નમાં કંસ જમુના રક્તવાળી, મસ્તક વિહોણા પ્રેત, મહેલની ધ્વજા સાથે છત્ર ભાગેલું, પોતે કાળા વસ્ત્રો પહેર્યા છે, શ્યામ લોહીની થાળી, રાણી અને સૌ નગરની સ્ત્રીઓને નગ્ન જૂએ છે. કંસને આ બધા અનિષ્ટો 'સ્વપ્નદર્શન' દ્વારા થાય છે. કંસને ભાવિનાં એંધાણ મળે છે. આ સ્વપ્ન કંસનાં મૃત્યુનો સંકેત કરે છે. આમ, 'સ્વપ્નમાં ભાવિ સંકેત'નું આ કથાઘટક કથામાં મહત્ત્વનું કાર્ય કરે છે.

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો વિશિષ્ટ, વૈવિધ્યસભર અને રસપ્રદ છે. તેમણે પ્રયોજેલાં કથાઘટકો પરથી અનુમાન કરી શકાય કે તેઓ ભારતીય કથા પરંપરાનાં મોટા જાણકાર હશે. અને કથાકથનનાં કશબી કળાકાર હશે. તેમણે પૌરાણિક કથાઓને આખ્યાન સ્વરૂપમાં આલેખન કર્યું છે. આ આખ્યાનની માંડણી જનસમૂહ વચ્ચે કરવાની હોય છે. જેથી તેમને આ વિવિધ કથાઘટકોનાં આલેખન વડે શ્રોતાઓને રસતરબોળ કર્યા હશે, તેવી ધારણાં આખ્યાનનાં કથાઘટકોનાં અભ્યાસ પરથી સ્પષ્ટ થઇ શકે છે. તેમને આલેખેલાં કથાઘટકોની પસંદગી પણ આગવી અને નોંધપાત્ર છે. આ કથાઘટકોની પસંદગી જ પ્રેમાનંદને શ્રેષ્ઠ આખ્યાનકાર બનાવે છે. આ કથાઘટકોનાં અભ્યાસ પરથી એટલું ચોક્કસ કહીં શકાશે કે કથાઘટકોનું આલેખન લોકપ્રચલિત પદ્યવાર્તાઓ પૂરતું જ મર્યાદિત નથી. પરંતુ પૌરાણિક આખ્યાનાદિ કથાઓમાં પણ એટલી જ સહજતાથી આલેખાયા હોય છે. પ્રેમાનંદે 'અનુરાગનો ઉદ્‌ગમ', 'દૂતકાર્ય', 'પ્રિયજનનાં મેળાપની યુક્તિ', 'શત્રુનાં મોતનું રહસ્ય જાણી લેવું' વગેરે કથાઘટકોનું આલેખન પોતાની આખ્યાનકથાઓમાં કર્યું છે. આ કથાઘટકો વડે જ કથામાં વળાંક આવે છે, કથામાં ચમત્કૃતિ આવે છે ને કથાકાર્યનો વિકાસ થાય છે. આ આખ્યાનકથાઓ એટલે વિશિષ્ટ બને છે કે તેમાં પ્રયોજાયેલાં કથાઘટકોનું આલેખન પ્રેમાનંદે પૂરી માવજતથી ક્ર્યું છે, વળી, જે કથાઘટકોની પસંદગી કરી છે એ કથાઘટકો જ કથારસને રસિક અને પ્રવાહી બનાવે છે. જેમકે 'નળાખ્યાન'માં 'દૂતકાર્ય-હંસદૂત'નું કથાઘટક આલેખાયું છે. હંસ કેટલી બખૂબીથી પોતાનું 'દૂતકાર્ય' કરે છે. કથામાં ક્યાંય દમયંતીને લાગતું નથી કે એ નળનો પ્રેરાયો અહીં આવ્યો છે. આ કથાઘટકો ક્યાંય આવી ચઢેલાં આગંતુક લાગતા નથી, પરંતુ કથામાં સહજ રીતે વણાયેલાં લાગે છે. આમ, પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં

પ્રયોજાયેલાં કથાઘટકો કથાકાર્યને વેગવાન બનાવી, કથાના વિકાસમાં મદદરૂપ થાય છે ને કથાકાર્યમાં ચાલકબળ બનીને કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

**સંદર્ભ પુસ્તકો :**

અભિમન્યુ-આખ્યાન, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, ત્રી.આ. ૨૦૧૦

અભિવન-ઉજણું, ડૉ.શિવલાલ જેસલપુરા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, ૧૯૬૨

ઓખાહરણ, સં.રમણ સોની, અરુણોદય પ્રકાશન અમદાવાદ, ૨૦૧૨

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : ૨, ખંડ : ૨, સં. રમણ સોની, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ, પુનર્મુદ્રણ, ૨૦૦૬

ગુજરાતી સાહિત્યકોશ ખંડ : ૧ મધ્યકાળ, સં. જયંત કોઠારી અને અન્ય, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૧૯૮૯

ચંદ્રહાસ-આખ્યાન, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, ૨૦૧૭

પ્રેમાનંદઃ એક અધ્યયન, કે.કા.શાસ્ત્રી, ભોળાભાઇ જેશિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવન અમદાવાદ, ૨૦૦૫

પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ ૧, ૨, ડૉ.શિવલાલ જેસલપુરા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, ૧૯૯૮

પ્રેમાનંદને પગલે પગલે, રાજેશ પંડ્યા, મહાકવિ પ્રેમાનંદ મહોત્સવ સમિતિ, વડોદરા ૨૦૧૫

પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ-૧, આરતી ત્રિવેદી, ગૂર્જર એજન્સીઝ, અમદાવાદ, ૧૯૯૦

પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ -૨, આરતી ત્રિવેદી, ગૂર્જર એજન્સીઝ , અમદાવાદ, ૧૯૯૩

મધ્યકાલીન કૃતિસૂચિ, સં.કીર્તિદા શાહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૪

મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ, સં.જયંત કોઠારી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ શતાબ્દી સ્મૃતિ સંસ્કાર નિધિ અમદાવાદ, ૧૯૯૪

વિરાટપર્વ, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, ૨૦૧૭